Foundation C

# મુઝફ્ફરશાહી—[મૂળ અને અનુવાદ]

Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# મુઝફ્ફરશાહી

[ મૂળ અને અનુવાદ ]

69 ग / २६

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીઃ અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀ 61 ग/१६

पुस्तक-संख्या............/१६

पंजिका संख्या २९६३४/२५.३.२००३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मुजफ्फरशाही.

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 69 ग/95
आगत सं० 29625
तिथि० 25.3.2003
गुरुकुल ग्रन्थालय कांगड़ी.

स्टाक प्रमाणीकरण १९८४-१९

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સંશોધન ગ્રંથમાળા–ગ્રંથાંક ૨૨
ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ
કુલપતિ : ડૉ. આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

# મુઝફ્ફરશાહી

## [મૂળ અને અનુવાદ]

સંપાદક અને અનુવાદક
**મૌ. સૈયદ અબુ ઝફર નદવી**
મૌલ્વીઃ સંશોધન વિભાગ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

**શ્રી. છોટુભાઈ ર. નાયક**
એમ. એ., બી. ટી.
સંશોધકઃ સંશોધન વિભાગ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

पुस्तकालय
गुरुकुल कांगड़ी

પ્રકાશકઃ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક: રસિકલાલ છો. પરીખ અધ્યક્ષ, ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ભદ્ર, અમદાવાદ

વિ. સં. ૧૯૯૮ આવૃત્તિ પહેલી ઇ. સ. ૧૯૪૨
પ્રત ૫૦૦

કીમત સવા રૂપિયો

મુદ્રણસ્થાન: ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટિંગ પ્રેસ-અમદાવાદ
મુદ્રક: પરીખ સુરેશચંદ્ર પોપટલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# નિવેદન

**ગુજરાત** વર્નાક્યુલર સોસાયટીએ ગુજરાતી ભાષાદ્વારા ઉચ્ચ અભ્યાસ અને સંશોધનને ખીલવવા કેટલાક સમયથી પ્રવૃત્તિ આદરી, તેને અંગે કેટલાક વિદ્વાનોને ગ્રંથો લખવાનું કામ પણ સોંપ્યું હતું. ૧૯૩૯ના માર્ચમાં મુંબઈ સરકારે નીચે જણાવેલી યોજના મંજૂર કરી દેણગી આપી હતી:

**૧. ભાષા અને સાહિત્ય** ( Language & Literature )

૧. ગુજરાતી ભાષાનો ઇતિહાસ, એનો ઉગમ અને ક્રમિક કક્ષાઓમાં વિકાસ,

૨. ગુજરાતી છંદઃશાસ્ત્રનો અધ્યયનાત્મક નિબંધ,

૩. જૂની ગુજરાતીના શિષ્ટ ગ્રંથોનું સંપાદન ( સોસાયટીના હાથપ્રત-સંગ્રહ તથા બીજેની હાથપ્રતોને આધારે );

**૨. ઇતિહાસ** ( History )

૧. ઇતિહાસ-સાધન ગ્રંથો,

૨. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ ( સચિત્ર );

**૩. સમાજશાસ્ત્ર** ( Sociology )

૧. ગુજરાતની ભિન્ન ભિન્ન જાતિઓ ઉપર નિબંધ.

તે અન્વયે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજ૦ વર્ના૦ સો૦
**અમદાવાદ**
તા. ૩૧-૩-૧૯૪૨

**રસિકલાલ છોટાલાલ પરીખ**
અધ્યક્ષ,
ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# અનુક્રમણિકા


વિષય પૃષ્ઠ

ઉપોદ્‌ઘાત ૧-૧૧

સુલ્તાન મુઝફ્ફર હલીમ ૧૨-૫૬

નામ, કુળ, અને જન્મ (૧૩), કેળવણી (૧૬), જાગીર અને હકૂમત (૨૩), રાજ્યારોહણ (૨૪), માળવાનો સુલ્તાન (૨૯), સુલ્તાન મહમૂદ ખલ્જી (૩૦), મોહમ્મદશાહ અને ઇરાનનો એલચી (૩૩), મેદનીરાય (૩૬), ઇડરના રાજા સાથે યુદ્ધ (૩૭), માળવામાં સુલ્તાન મુઝફ્ફર (૩૮), મુઝફ્ફરશાહનું પાછું ફરવું (૪૦), ફરિશ્તાની ગેરસમજ (૪૧), ઇડરની લડાઈ (૪૪), શાહઝાદાઓનાં લગ્ન (૪૫), મેદનીરાયનો જુલ્મ (૪૬), મહમૂદ ખલ્જીનું ગુજરાતમાં આગમન (૪૭), ગુજરાતની સરહદ (૪૭), ખલ્જીની રાણા સાંગા સાથે લડાઇ (૪૮), સુલ્તાનનું અવસાન (૫૩), સ્ત્રી અને પરિવાર (૫૪)

મુઝફ્ફરશાહી-અનુવાદ ૧-૪૦

મંગલાચરણ ૩

પ્રકરણ ૧ : મુઝફ્ફરશાહનું શાદિયાબાદના કિલ્લા તરફ લક્ષ્ય ૬

પ્રકરણ ૨ : સુલ્તાન મહમૂદ ખલ્જીની સુલ્તાન મુઝફ્ફરશાહ સાથે મુલાકાત ૧૫

પ્રકરણ ૩ : ધારના રસ્તે થઈ મન્ડુ તરફ મુઝફ્ફરશાહની કૂચ અને શત્રુઓની નાસભાગ ૧૮

પ્રકરણ ૪ : કિલ્લેદારીની સહીસલામતી માટે માગણી અને પાદશાહે આપેલો આશ્રય ૨૩

પ્રકરણ ૫ : મેદનીરાય સામે પાદશાહના સૈન્યની કૂચ અને શાદિયાબાદના કિલ્લાને ઘેરો ઘાલી મેળવેલી ફત્તેહ ૨૬


CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પ્રકરણ ૬ : સુલ્તાન મહમૂદ ખલ્જીની વિનંતી અને તેના મુલ્કની તેને સુપ્રત ૩૦

પ્રકરણ ૭ : મેદનીરાયનો બળવો દાબવા તરફ પાદશાહનું લક્ષ્ય અને દૈવયોગે તેનું પલાયન થઇ જવું ૩૩

પ્રકરણ ૮ : શાદિયાબાદના કિલ્લામાં પ્રવેશ કરવા માટે સુલ્તાન મહમૂદ ખલ્જીની વિનંતી અને પાદશાહ તરફથી તેનો સ્વીકાર ૩૫

પ્રકરણ ૯ : મન્ડુના કિલ્લા તરફ પાદશાહનું લક્ષ્ય અને મહેરબાનીની રાહે શાદિયાબાદ તરફ તેની રવાનગી ૩૭

—લેખકની પુષ્પિકા ૪૦

**શબ્દસૂચી** ૪૧–૪૯

**મુઝફ્ફરશાહી–ફારસી મૂળગ્રન્થ** ૧–૮૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ઉપોદ્ઘાત

ઈ. સ. ૧૯૨૧ કે ૧૯૨૨માં ભોળાનાથ લાયબ્રેરી (અમદાવાદ) જોવાનો પહેલો પ્રસંગ મને સાંપડ્યો. તે સમયે લાયબ્રેરીનું હાલનું મકાન ન હતું, તેમ જ તેની બરાબર વ્યવસ્થા પણ ન હતી. ઉર્દૂ અને ફારસી જબાનમાં લખેલી કિતાબો એક ખૂણામાં નિષ્કાળજીથી પડી રહી હતી. હું કેટલીક મુદત સુધી અથથી ઇતિ સુધી આ પુસ્તકો જોતો રહ્યો. 'તારીખે બડોદા' (વડોદરાનો ઇતિહાસ), 'દીવાને વલી ગુજરાતી' (વલી ગુજરાતીની દીવાન)[1] વગેરે અનેક હસ્તલિખિત કિતાબો ત્યાં મારી નજરે પડી.

ઈ. સ. ૧૯૩૧માં અંધેરીની ઇસ્માઈલ કૉલેજના સંમાન્ય પ્રોફેસર સૈયદ નજીબ અશરફ નદ્વી એમ.એ.એ આ કિતાબ વિશે મને વાત કરી તે વખતે મને એવો ખ્યાલ આવ્યો કે જો આ કિતાબને તરજૂમા સાથે છપાવી પ્રસિદ્ધ કરવામાં આવે તો તે લુપ્ત થતી બચી જાય. તેથી ઈ. સ. ૧૯૩૨માં ભોળાનાથ લાયબ્રેરીના સેક્રેટરી સાહેબની પરવાનગીથી એ કિતાબની એક નકલ કરી, તેનો તરજૂમો કરવાનું કામ મેં શરૂ કર્યું. દસપંદર પાનાં પર્યંત તરજૂમો કર્યા બાદ મને માલૂમ પડ્યું કે આ પ્રમાણે તરજૂમો કરવામાં કંઈ ફાયદો નથી, કારણ કે આ કિતાબ તો સાહિત્યશૈલીએ લખવામાં આવેલી છે અને તેમાં ઇતિહાસ કરતાં સાહિત્યનું પ્રમાણ વધારે છે; જેમકે, હસન નિઝામીએ સુલ્તાન કુત્બુદ્દીન ઐબકના જમાનામાં

---

૧. વલી ગુજરાતીનો મોજૂદ દીવાન તે વખત સુધી છાપવામાં આવી ન હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તાજુલમઆસિર[૧] નામની એક તારીખી કિતાબ લખી હતી, તેથી પાંડિત્યભર્યો આડંબર છોડી માત્ર અસલ મતલબ અદા કરવાનું મને મુનાસિબ લાગ્યું. પરંતુ ગઈ સાલ સુધી બીજી અગત્યની કિતાબો 'તારીખે હિન્દ', 'તારીખે સિન્ધ', 'તારીખે આલે સુબુક્તગીન' (મહમૂદ ગઝની), 'તારીખે બોહરા', 'તોહફ્તુલ મજાલિસ યા શેખ અહમદ ખટ્ટુ' (સરખેજ, અમદાવાદ)નાં વચનો, હઝરત પીર મોહમ્મદશાહ (અમદાવાદ)નું જીવન વૃત્તાંત વગેરેમાં રોકાઈ જવાથી તે તરફ હું લક્ષ્ય આપી શક્યો નહિ. આ સાલ ફુરસદ મળવાથી તેને પૂરી કરવાનો ખ્યાલ મને આવ્યો. ખુદાનો આભાર માનું છું કે તરજૂમા સાથે જરૂરી હાંસિયો લખી વાચકોના હાથમાં આ કલગી અર્પણ કરવાનો આનંદ હું હાંસલ કરી રહ્યો છું.

આ કિતાબનું સંશોધન તથા તેની વધારે માહિતીના ખ્યાલથી બીજાં કિતાબખાનાંઓમાં તેની હસ્તલિખિત નકલોની તલાશ મેં ચોક્કસ ચાલુ રાખી; જેમકે, (૧) બર્લિન, (૨) રોમ, (૩) હાલે, (૪) જામે મસ્જિદ મુંબઈ, (૫) મુંબઇ યુનિવર્સિટી લાયબ્રેરી, (૬) વડોદરા, (૭) અલીગઢ યુનિવર્સિટી લાયબ્રેરી, (૮) નવાબ ઇસ્માઇલખાન, (૯) હબીબગંજ, (૧૦) રામપુર, (૧૧) લખનૌ યુનિવર્સિટી લાયબ્રેરી, (૧૨) ફિરંગીમહેલ, (૧૩) નદ્વા, (૧૪) રાજા સલીમપુર લખનૌ, (૧૫) કુતુબખાનએ ખુદા બખ્શ પટણા, અને કલકત્તાની તમામ લાયબ્રેરી; પણ તે જોવામાં ન આવી.

અલબત્ત બ્રિટિશ મ્યુઝિયમની ફેહરિસ્તના પહેલા ભાગના પૃ. ૨૮૭ ઉપર એક કિતાબનું સૂચન છે જેનું નામ તેમાં નથી. કુલ બાવન પાનાં અને હરેક ઉપર પંદર લીટીઓ છે. આ કિતાબ વડોદરામાં હિ. સ. ૧૨૨૩ (ઈ. સ. ૧૮૦૮)માં લખવામાં આવી હતી.[૨] અવલોકન હેઠળની આ કિતાબ અસલ ફારસી જબાનમાં મધ્યમ

---

૧. આ હસ્તલિખિત કિતાબ અદાલતે દીવાની, હૈદરાબાદ (દખ્ખણ)ની લાયબ્રેરીમાં મોજૂદ છે.

૨. જૂનાગઢના મારા દોસ્ત અહમદમિયાં અખ્તરનો હું ઋણી છું. કારણ કે તેમણે મારી આ તપાસમાં મને સંપૂર્ણ સહાય આપી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કદના કાગળ ઉપર નસીલીક્ ખતમાં લખવામાં આવેલી છે, અને તેમાં કુલ પચાસ પાનાં છે.

ઈ. સ. ૧૮૦૭, વિક્રમ સંવત ૧૮૬૪, અને હિ. સ. ૧૨૨૨ના ઝુલ્કાદા માસની ૯ મી તારીખે 'સારા મહેતા'ની કલમથી અમદાવાદમાં આ કિતાબ લખવામાં આવી હતી. નકલ કરનારનું અસલ નામ સારાભાઈ મહેતા હશે. 'મહેતા' ગુજરાતના નાગર અને વાણિયાની અટક હોય છે. ગુજરાતના નાગરોનો ફારસી જબાનનો અભ્યાસ વધુ પ્રમાણમાં હતો. વળી તેઓ વિદ્વાન પણ હતા, તેથી તર્કશક્તિથી સાબિત કરી શકાય છે કે નકલ કરનાર નાગર હશે.

કહેવાની મતલબ એ કે આ હસ્તલિખિત નકલ બ્રિટિશ મ્યુઝિયમની નકલ કરતાં એક સાલ અગાઉ લખાઈ હતી. મજકૂર નકલમાં કિતાબનું નામ નથી. ફેહરિસ્ત લખનારે તર્કશક્તિથી કિતાબનું નામ 'મુઝફ્ફરશાહી' લખ્યું છે, પરંતુ આ નકલના અંતમાં લખવામાં આવ્યું છે કે—

"મુઝફ્ફરશાહી ખતમ થઈ."

આ પુસ્તક પરિપૂર્ણ છે. તેની શરૂઆત આ શેરથી થાય છે:

"ન શુદ ખાર ઊ નિઝદે મરદુમ અઝીઝ,
અઝીઝશ ન શુદ દર જહાંન ખાર નીઝ."

અને નીચે પ્રમાણે તેને ખતમ કરવામાં આવી છે:

"સિપેહરશ બફરમાન જહાનશ બકામ,
દુઆ કર્દે ઓ ઈન્સો જાન વસ્ સલામ."

અફસોસ છે કે બંને નકલોમાં આ ગ્રંથના ગ્રંથકારનું નામ મળી આવતું નથી. 'ઝફરૂલવાલેહ બે મુઝફ્ફરે વા અલેહ,' જે અરબી જબાનમાં ગુજરાતનો વિસ્તૃત ઇતિહાસ છે, તેની મોજૂદ નકલોમાં પણ કોઈ જગ્યાએ આ કિતાબ વિશે કંઈ સૂચન નથી. પહેલા ભાગની શરૂઆતનાં પાનાંમાં એ વિશે કંઈ લખેલું હોય એ સંભવિત છે. ગ્રંથકારના હસ્તથી લખેલ જે નકલ હાથ લાગી છે તેમાં શરૂઆતમાં પાનાં નથી. તેથી તેને હતી તે હાલતમાં છપાવવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આવી. નિઝામુદ્દીન હર્વી જે લાંબો સમય સુધી ગુજરાતમાં બક્ષી તરીકે રહ્યો હતો તેણે જે મૂળગ્રંથોની સહાય લીધી હતી તેમાં આ કિતાબ વિશે પણ લખ્યું છે, પરંતુ કોઈ જગ્યાએ તેણે ગ્રંથકારનું નામ લખ્યું નથી. અલબત્ત, 'મિરાતે સિકંદરી'એ 'મુઝફ્ફરશાહી'નું સૂચન કરતાં તેના ગ્રંથકારનું નામ 'મલાલી' લખ્યું છે.

એ વાત તો નક્કી છે કે આ 'મલાલી' ગ્રંથકારનું નામ નથી, એ તેનું તખલ્લુસ હોય એમ જણાય છે. અસલ નામની હજુ પણ માહિતી મળી નથી. તેના નામની માફક ખુદ તેને વિશેની હકીકતો ઉપર પણ પડદો છે. તેના ખાનદાન તથા વતન વગેરે બાબતોમાં તલાસ કર્યા છતાં કોઈ પણ કિતાબમાંથી કંઈ મળ્યું નથી.

'મુઝફ્ફરશાહી'નો અભ્યાસ કરવાથી નીચે પ્રમાણેની મામૂલી બાબતો મળી આવે છેઃ—

(૧) ગ્રંથકાર સુન્ની મુસલમાન હતો. શરૂઆતમાં તે લખે છે કે "સાહેબે મકામે મહમૂદ્દ અલા આલેહી વ અસ્હાબેહી અજમઈન." બીજી જગ્યાએ (પૃ. ૨) લખવામાં આવ્યું છે કે "બા'દ અઝઅઈમ્મયે દીન વ ખુલફાએ રાશેદીન, બાદશાહે સાહેબ દસ્તગાહ પયદા ન શુદા અસ્ત."

(૨) મલાલી અરબી જબાનથી તદ્દન વાકેફ હોય એમ માલૂમ પડે છે, કારણ કે તેણે પોતાની કિતાબમાં પુષ્કળ અરબી લફ્ઝો વાપર્યા છે.

(૩) તે કુરાને શરીફ અને હદીસ પણ સારી રીતે જાણતો હતો; તેથી ઘણી જગ્યાએ દલીલ માટે તેમને આગળ ધરે છે.

(૪) ખગોળશાસ્ત્રમાં પણ તે રસ લેતો હતો એમ માલૂમ પડે છે, કારણ કે કેટલીક જગ્યાએ તેણે તેનો ઉલ્લેખ કર્યો છે.[1]

(૫) તેની મૂળ પ્રવૃત્તિ કવિ તરીકે હતી અને આ કિતાબ બાદશાહના હુકમથી લખવામાં આવી હતી;[2] તેથી એવો ખ્યાલ

---

૧ 'મુઝફ્ફરશાહી', હસ્તલિખિત, પૃ. ૨૬

૨ 'મુઝફ્ફરશાહી', હસ્તલિખિત, પૃ. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કરવામાં આવે છે કે ઘણું કરીને તે દરબારી શાએર હશે, અને તેની પસંદગી આ કામ માટે કરવામાં આવી હશે. આથી માલૂમ પડે છે કે તે પોતાના સમકાલીનોમાં સર્વથી વધારે હોશિયાર હતો.

(૬) આ ઉપરથી એમ પણ માલૂમ પડે છે કે આ પહેલાં તેણે કોઈ તારીખી કિતાબ ગદ્યમાં લખી ન હતી. આ તેની સૌથી પહેલી કિતાબ છે. પૃ. ૫ ઉપર જણાવવામાં આવ્યું છે કે "જોકે આ ભંડોળ વિનાના હલકી કીમતના આદમીએ કદી ગદ્યનાં મોતીઓ અખતરાની રસીમાં પરોવ્યાં ન હતાં અને આ ઉમદા હુન્નરની (તારીખની) કોઈ વખતે વાજબી રીતે શરૂઆત કરી ન હતી."

(૭) ગ્રંથકાર મહાન વિદ્વાન હતો એમ માલૂમ પડે છે, કારણ કે તેનો સંપૂર્ણ ગ્રંથ સાહિત્યથી પૂર્ણ છે, અને આ કિતાબમાં ઇતિહાસ કરતાં સાહિત્યનો વધારે ભાવ હોવાનો સબબ પણ આ જ છે.

હમણાં જ ઉપરની લીટીઓમાં આપણે જોયું કે કેવી સુંદર શૈલીમાં તેણે જણાવ્યું છે કે ગદ્યમાં આ મારી પહેલી કિતાબ છે. એક ઠેકાણે તે લખે છે: "લિવાએ ઝફર આસાર બા લશ્કરે બેશૂમાર દર હિફ્ઝે પરવર્દગાર મુતવજ્જહે હિસાર શુદ." બીજી જગ્યાએ તે લખે છે : "દસ્તે શુજાઅત અઝ આસ્તીને કોશિશ બીરૂન આવુર્દા તેગે આબદાર અઝ નિયામે ઇન્તિકામ બર આવુર્દ વ કિલ્કે આતશ પયકર બર કમાને પયકર પયવસ્ત. વ રુમ્હે અઝદહા સિફ્ત બદસ્તે કહર ગિરિફ્તા, રૂઈ બકારાર આવુર્દ." આવાં બેશુમાર વાક્યોથી કિતાબ ભરેલી છે. દરિયામાંથી થોડાં ટીપાં તમારી સામે મેં મૂક્યાં.

શાએરી તરફ તેની એટલી ગાઢ દિલચસ્પી હતી કે આ કિતાબનો અર્ધો ભાગ નઝમમાં છે. આ કિતાબની કેટલીક શેરો બાદ કરતાં તમામ ખુદ તેની જ હશે એવો મારો ખ્યાલ છે. તેમાં સલાસત અને લફ્ઝોની પ્રૌઢતા ઉપરાંત, કેટલાક ઉપમા અલંકાર બહુ જ સુંદર છે. એ જ પ્રમાણે અતિશયોક્તિ કરવામાં પણ કોઈ બાબત તેણે બાકી મૂકી નથી. ફિર્દુસીએ એક જગ્યાએ કહ્યું છે :

"ઝમીન શશ શુદ ઓ આસ્માન ગશ્ત હસ્ત" (અર્થાત્ જમીનના છ ભાગ થયા અને આસ્માન આઠ થયાં.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મલાલી સાહેબ પણ એક જગ્યાએ કહે છે કેઃ—

"બદાન સાન લશ્કર આમદ ગિર્દ અમ્બૂહ
કે કોહ રા દશ્ત કર્દી, દશ્ત રા કોહ,
ઝમીન અઝ ના'લે અસ્પાન બસ કે શુદ ખાક;
પુર અઝ મહ ખાક શુદ મહ શુદ પુર અઝ ખાક."

(અર્થાત્, આ ટોળામાં ગોળ લશ્કર એવી રીતે આવ્યું કે તેણે પહાડને સપાટ અને સપાટ ભાગને પહાડ બનાવ્યો.

ઘોડાની નાળથી જમીન ઉપર એટલી બધી ખાક થઈ ગઈ કે ખાક ચંદ્રથી ભરાઈ ગઈ અને ચંદ્ર ખાકથી ભરાઈ ગયો.)

આ કિતાબ (સુઝફ્ફરશાહી)ના દસ બાબ છે અને ગ્રંથકારે હરેક બાબનું નામ 'ગુફતાર' રાખ્યું છે.

(૧) પહેલી ગુફતાર—શાદિયાબાદ, માળવાનું પાયતખ્ત (મન્ડુ) તરફ રવાનગી.

(૨) ગુજરાતની સરહદ ઉપર મહમૂદ ખલ્જી સાથે મુલાકાત.

(૩) ધારને રસ્તે થઈ કિલ્લા તરફ કૂચ.

(૪) દુશ્મનોની સલામતીની ભાંજઘડ.

(૫) કિલ્લા ઉપર ફતેહ.

(૬) મહમૂદ ખલ્જીને કિલ્લાની બક્ષિસ.

(૭) મેદનીરાયની પીઠ પકડી.

(૮) શાદિયાબાદમાં મહમૂદ ખલ્જીની દાવત.

(૯) શાદિયાબાદ તરફ મુઝફ્ફરની રવાનગી.

(૧૦) મોહમ્મદાબાદ (ચાંપાનેર) તરફ બાદશાહનું પાછા જવું.

આ કિતાબ બહુ જ ટૂંકાણમાં છે. એમાં માળવાની લડાઈ સિવાય કશું બીજું નથી. એમ છતાં ઐતિહાસિક દૃષ્ટિબિંદુ પ્રમાણે કેટલીક બાબતો એમાં એવી છે જે બીજી તારીખોમાં મળતી નથી. તેમાંની કેટલીક હકીકતો વાચકો માટે નીચે પ્રમાણે ટાંકું છુંઃ

(૧) મુઝફ્ફરશાહ જ્યારે માળવા તરફ રવાના થાય છે ત્યારે તેની ફોજ કેટલી હતી એ વિશે કોઈ ઇતિહાસકારે કંઈ ઉલ્લેખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કર્યો નથી, પણ 'મુઝફ્ફરશાહી'માંથી માલૂમ પડે છે કે તે વખતે સવારોની સંખ્યા ત્રણ લાખ જેટલી હતી. અને એ વાત તો દેખીતી છે કે પાયદળ ફોજ આનાથી વધારે હશે. પરંતુ એ જાણવું જરૂરી છે કે તેમાં મોટી સંખ્યા 'મોજાહિદીન (ધર્મ માટે લડનારા) વૉલંટિયરોની હતી.

(૨) વળી એમાંથી એમ પણ માલૂમ પડે છે કે આ જમાનામાં પણ ગદાનો ઉપયોગ થતો હશે, અને તેને લડાયક હથિયારોમાં ગણવામાં આવતી હતી. પાદશાહ ખાસ કરીને તે રાખતો હતો.

(૩) કિતાબના શરૂઆતના હિસ્સામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પાદશાહે કુરાનની ફાલ લઈ કુરાન ખતમ કરાવ્યું હતું. આથી એવો પત્તો મળે છે કે કુરાનની ફાલ લેવાનો રિવાજ ગુજરાતમાં અસલના જમાનામાં હતો. તુર્કસ્તાન અને ઇરાન વગેરે દેશોની જેમ અહીં પણ કુરાને શરીફ તમામ પઢવાથી મકસદની કામિયાબી માટે સલામતી સમજવામાં આવતી હતી.

(૪) એ પણ માલૂમ પડે છે કે શાહઝાદા બહાદુરશાહ અને શાહઝાદા લતીફખાન એ બંનેએ આ જંગમાં ભાગ લીધો હતો. અને ઘણું કરીને આ તજરિબાને લઈ ને જ બહાદુરશાહે તેના વખતમાં માળવા ફતેહ કરતી વખતે પૂરો ફાયદો ઉઠાવ્યો હતો.

(૫) આ જ કિતાબમાંથી એમ પણ માલૂમ પડે છે કે સુલ્તાન મુઝફ્ફરશાહનો વડો પુત્ર સિકંદર હતો. માળવાના હુમલા વખતે તેને રાજ્યવારસ તરીકે મુકરર કરવામાં આવ્યો હતો. બીજી કિતાબો આ બાબત માટે કંઈ કહેતી નથી. જે લોકોએ તેને સૌથી નાનો પુત્ર લખ્યો છે, તેનો રદિયો પણ એમાં મળી જાય છે, કારણ કે મુઝફ્ફરશાહીનો ગ્રંથકાર પ્રત્યક્ષ સાક્ષી હતો.

(૬) આપ લોકોમાંથી થોડા જ એવા હશે કે જેમને એવી માહિતી હશે કે હિંદુસ્તાનમાં જંગ ખેલવા માટે સારા ઘોડા નહિ હતા અને આ માટે હંમેશાં બહારથી ઘોડા આવતા હતા; જેમકે, સુલેમાન બસરીએ હિ. સ. ૨૩૭ (ઈ. સ. ૮૫૧) એ લખ્યું છે કે જાનવરોમાં ઘોડા બહુ જ કમ છે. (પૃ. ૫૭, પૅરિસ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રશીદુદ્દીન હિ. સ. ૭૧૮ (ઈ.સ. ૧૩૧૮), વસ્સાફ હિ.સ. ૭૨૮ (ઈ. સ. ૧૩૨૭) અને માર્કોપોલો જે તેમના સમકાલીન છે તે સર્વેએ લખ્યું છે કે અહીં ઘોડા ન હતા. ઉમદા તેમ જ જંગ માટે કામેલ ઘોડા બહારથી આવતા હતા. સાતમી અને આઠમી સદીમાં આવા એક ઘોડાની કીમત લગભગ ૨,૦૦૦ રૂપિયા જેટલી હતી.[૧] પરંતુ કાઠિયાવાડી અને કચ્છી ઘોડાના નામથી ગેરસમજમાં પડવું જોઈએ નહિ, કેમકે તે અરબસ્તાનની ઓલાદથી પેદા થયા છે. ઇરાક અને અરબસ્તાનથી વેપારીઓ જે ઘોડા લાવતા હતા તેઓ સોમનાથ, કચ્છ અને ખંભાતમાં ઊતરતા હતા, અને અહીં લાંબો સમય રહેવાના કારણથી એની ઓલાદ બહુ જ ફેલાતી હતી. દા. ત., ખુલાસતુત તવારીખમાં ગુજરાતના બયાનમાં લખવામાં આવ્યું છે:

" આ ઘોડા ઘણું કરીને ત્રણ જાતના હતા: તુર્કી, ઇરાકી અને અરબી. બંગાળા, પંજાબ અને મુલતાનમાં તુર્કી ઘોડા પ્રમાણમાં વધારે અને ઇરાની કમ આવતા હતા. કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં ઇરાકી અને અરબી વધારે અને તુર્કી કમ આવતા હતા. પરંતુ દખ્ખણમાં અરબી વધારે અને ઇરાકી કમ આવતા હતા." આ કિતાબમાં ચોખ્ખું લખવામાં આવ્યું છે કે મુઝફ્ફરશાહ પાસે અરબી, ઇરાકી અને તુર્કી ઘોડા હતા. તેણે સુલ્તાન ખલ્જીને ખિલાત સાથે આ જ ઘોડા આપ્યા હતા એમ જણાય છે. આ ઉપરાંત સવારોની સંખ્યા ત્રણ લાખ જણાવવામાં આવી છે. જો આ ત્રણ લાખ ઘોડાની કીમતનો શુમાર કાઢવામાં આવે તો કમમાં કમ ૨૫ લાખ રૂપિયા થાય છે.

(૭) આ કિતાબ ઉપરથી એમ પણ માલૂમ પડે છે કે તે જમાનામાં હિંદુસ્તાનમાં ઉત્તમ ફોજ અફઘાનોની ગણાતી હતી. તેમની બહાદુરીનો સિક્કો હરેકના દિલમાં લાગી ગયો હતો. આ સમય સુધી મોગલો હિંદુસ્તાનમાં આવ્યા નહોતા અને ઉત્તર હિંદુસ્તાનમાં પઠાણોની હકૂમત હતી. ગ્રંથકારે પૃ. ૧૮ ઉપર ગુજરાતી

---

૧. તારીખે વસ્સાફ, ભાગ ૨, પૃ. ૩૨ અને ૫૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ફોજની તારીફમાં લખ્યું છે કે આ તે જ બહાદુર ફોજ છે જેણે વારંવાર અફઘાનોનો પરાજય કર્યો હતો.

(૮) એ વાત પણ આ કિતાબમાંથી મળી આવે છે કે દસમી સદીની શરૂઆત સુધી જંગી શસ્ત્રોમાં 'મન્જનીક' પણ હતું. આ વિશે મેં મૂળ ગ્રંથમાં હાંસિયા ઉપર સવિસ્તર લખ્યું છે.

(૯) જંગી શસ્ત્રોમાં 'રોગને નફ્ત' પણ બહુ જ ઉપયોગી ચીજ હતી, અને તેનો વપરાશ તે જમાનામાં પુષ્કળ થતો હતો. 'મન્જનીક'થી સો સો મણના પથ્થર કિલ્લાની દીવાલ ઉપર ફેંકી શકાતા હતા. પરિણામે દીવાલ તૂટી પડતી હતી અને ફોજને જવાનો રસ્તો ખુલ્લો થતો હતો. કેટલાક આ જ 'રોગને નફ્ત'ને કિલ્લા, મકાનો અને ફોજ ઉપર ફેંકતા હતા અને તેથી આગ લાગતી હતી. એનું બયાન પણ મૂળ ગ્રંથના હાંસિયામાં કરવામાં આવ્યું છે.

(૧૦) આ કિતાબમાંથી જે જાણવા જેવી ચીજ મળી આવે છે તે તોપની સાબિતી છે. એટલે કે લડાઈમાં તોપનો ઉપયોગ કરવામાં આવતો હતો. અરબોએ ઈસ્વી બારમી સદી, હિ. સ. ૫૮૦ (ઈ. સ. ૧૧૮૪) પહેલાં તેની શોધ કરી જંગમાં એનો વપરાશ શરૂ કર્યો હતો. તે વખતે તેના ગોળા પથ્થરના હતા. ફારસી જબાનમાં પથ્થરને સંગ કહેવામાં આવે છે. વળી પૂર્વ તરફના મુસલમાનો મોરક્કો અને સ્પેનને પશ્ચિમના મુલકો ગણે છે અને ત્યાંની હરેક ચીજ માટે 'મગ્રિબી' શબ્દનો ઉપયોગ કરે છે. તોપની શોધ ત્યાંની જ હતી, તેથી તેઓએ તેનું નામ પણ 'સંગે મગ્રિબી' રાખ્યું. 'મુઝફ્ફરશાહી'ના ગ્રંથકારે આ 'સંગે મગ્રિબી'નું બયાન ચોક્કસ અને બેધડક લફ્ઝોમાં કર્યું છે, જેથી સાફ સાફ માલૂમ પડે છે કે આ ઘેરામાં તોપનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. વળી વાચકોએ એ વાત પણ જાણવી જોઈએ કે બાબર હિંદુસ્તાનમાં આવ્યો તે પહેલાંના લાંબા સમયનો આ બનાવ છે. તે હિંદુસ્તાનમાં તોપ લાવ્યો હતો અને પાણીપતના મેદાનમાં તેણે તેનો ઉપયોગ કર્યો હતો.

2

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



(૧૧) આ પુસ્તક વાંચવાથી વાચકોને એક વિચિત્ર વાત નજરે પડશે કે ઘણું કરીને ગુજરાતી પાદશાહોમાં સુલ્તાન મુઝફ્ફર પહેલો અને આખરી હતો. તેણે દુશ્મનો ઉપર ફતેહમન્દ થયા બાદ તેમનાં માથાંઓનો 'કિલ્લએ મિનાર' (માથાનો મિનારો) બનાવ્યો હતો. મારો આ અજાયબીભરેલી વાત કહેવાનો સબબ એ કે અરબસ્તાન, ઇરાન, ઇરાક, કાબૂલ, અને હિંદુસ્તાનમાં 'કિલ્લએ મિનાર' બનાવવાનો બિલકુલ રિવાજ ન હતો. અલબત્ત, એ રિવાજ તાર્તર અને મોગલોમાં સાધારણ હતો. આ જમાનામાં મોગલો કાબૂલ સુધી આવી પહોંચ્યા હતા. બહુધા એમની નિસબતમાં મુઝફ્ફરશાહે આ વાત સાંભળ્યા બાદ તેનો અમલ કર્યો હશે.

(૧૨) આ કિતાબના અભ્યાસ ઉપરથી માલૂમ પડે છે કે તે વખતે સુલ્તાન મહમૂદ ખલ્જીના કબ્જામાં માળવાનો જેટલો મુલક હતો તેટલાની આમદાની પાંચ કરોડ (ટન્કા) જેટલી હતી. આ બાબતમાં બીજી તારીખો કંઈ પણ કહેતી નથી. આ એક અગત્યની બાબત હોવા છતાં પણ બીજા ઇતિહાસકારોએ તે તરફ લક્ષ્ય આપ્યું નથી.

(૧૩) દુનિયાના હરેક મુલકનો દસ્તૂર છે કે ખુદ મુલકનો પાદશાહ કે કોઈ બીજા મુલકનો પાદશાહ મહેમાન તરીકે કોઈ જગ્યાએ જાય છે, ત્યારે ત્યાંનો હાકેમ તેમને ખુશ કરવા માટે શહેરને શણગારે છે. આ જુદીજુદી રીતે બની શકે છે. તેમાં વધારે મશહૂર 'આયનાબન્દી' છે. ત્યારપછી નખ્લબન્દી—એટલે કે મીણનાં ઝાડોમાં ભિન્નભિન્ન જાતનાં રંગોવાળાં ફૂલ, ફળ તથા પાંદડાં બનાવી વસંતઋતુનો મહિમા ખડો કરવામાં આવે છે તે છે પરંતુ એક ત્રીજી વસ્તુ જે એનાથી વધારે પાયદાર અને ખુશનુમા હતી તે રેશમની જાત હતી. રેશમનાં તરેહતરેહનાં કપડાં અને દોરામાંથી ઝાડ, ફૂલ, ફળ, પાંદડાં વગેરે બનાવી બાગમાંનો તેમ જ બહારનો એવો અજાયબ દેખાવ પેદા કરવામાં આવતો હતો કે કેટલીક વખત તો વિદ્વાન મનુષ્યો પણ હેરતમન્દ થઈ જતા હતા અને તેમને તે કુદરતી હોય એવો જ ખ્યાલ આવતો હતો. આ રિવાજ જહાંગીર બાદશાહ (અવસાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હિ. સ. ૧૦૩૭, ઈ. સ. ૧૬૨૭ ) ના વખત સુધી ગુજરાતમાં જારી હતો, કેમકે જ્યારે તે ગુજરાતમાં આવ્યો ત્યારે અબ્દુર્રહીમ ખાનખાનાનની પુત્રીએ એને દાવત કરી હતી. ખાધા પછી તેણે બાગમાં સહેલ કરવા માંડી. પાનખર ઋતુ હોવા છતાં તેની નજરે તમામ બાગ ફૂલ અને ફળથી ભરેલો લીલોછમ જણાયો. ગેરમોસમી ફળો દેખી તે તોડવાનો તેણે ઇરાદો કર્યો; પરંતુ જ્યારે તેને માલૂમ પડયું કે તે બનાવટી છે ત્યારે તે અતિ હેરતમન્દ થયો. અરે! આપણો ગુજરાત આજે પણ હુન્નર અને હિરફતમાં એવો જ હોત તો કેવું સારું!

(૧૪) અસલના પાદશાહોના જમાનામાં એક રિવાજ પાઅન્દાઝીનો હતો. તેનો ઉપયોગ એ અર્થથી થતો હતો: જ્યારે પાદશાહ કોઈ મકાનમાં દાખલ થતો ત્યારે પ્રથમ તો મકાનનો માલિક તેના કદમ ઉપર કાંઈ ચીજ ઓવારી લેતો હતો. મામૂલી ચીજથી માંડી સોના, ચાંદી અને હીરા ઝવેરાત પણ લાયકાત અને હેસિયતના પ્રમાણમાં ઓવારવામાં આવતાં હતાં.

વળી પાદશાહ મકાનમાં દાખલ થાય તે પહેલાં મકાનનો માલિક ઉચ્ચ કોટીનું કાપડ તેના રસ્તા ઉપર બિછાવતો હતો. પાદશાહ તે કાપડ ઉપર ચાલતો. આથી, તે ધૂળથી દૂર રહી શકતો હતો. આ કિતાબનો અભ્યાસ કરવાથી એ બાબત પણ માલૂમ પડે છે કે આ પાઅન્દાઝીનો રિવાજ દસમી સદીની શરૂઆતના ભાગમાં માળવા અને ગુજરાત એ બંને દેશમાં ચાલુ હતો.

'મુઝફ્ફરશાહી'નું અવલોકન કર્યા બાદ અસલ ગ્રંથ શરૂ કરવાનો મારો ઇરાદો હતો, પરંતુ કંઈક તો કેટલાક વિદ્વાન મિત્રોના આગ્રહથી અને કંઈક એ કારણથી કે વાચકોને ગુજરાતના સુલ્તાનો વિશેનો સંક્ષિપ્ત સાર ધ્યાનમાં આવી જાય તેથી બહુ જ સંક્ષિપ્ત હકીકતો તેમનાં ટૂંક જીવનવૃત્તાંતો સાથે સુલ્તાન મુઝફ્ફરશાહના સંબંધનો ખ્યાલ રાખી મેં લખી દીધી છે. હું આશા રાખું છું કે તે વાચકોમાં દિલચસ્પી અને ફરહત પેદા કરશે.

અમદાવાદ: તા: ૨૭-૯-૪૧ **સૈ. અબુઝફર નદવી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# સુલ્તાન મુઝફ્ફર હલીમ

## નામ, કુળ અને જન્મ

**ખલીલખાન** એનું નામ, અબુન નસ્ર એની કુનિયત, શમ્સુદ દુનિયા વદ્દીન એનો ખિતાબ અને હલીમ એનો લકબ હતો. તે સુલ્તાન મહમૂદ આઝમ બિન મોહમ્મદશાહ બિન અહમદશાહ (અમદાવાદનો પ્રવર્તક) બિન મોહમ્મદશાહ તાતારખાન બિન મુઝફ્ફરશાહ (ગુજરાતની સલ્તનતનો પાયો નાખનાર) બિન વજીહુલ્મુલ્ક સહારનનો પુત્ર હતો.

કેટલાક ઇતિહાસકારોએ આ પેઢીને રામચંદ્ર મહારાજ સુધી પહોંચાડી છે, જોકે તમામ ઇતિહાસોમાંથી માહિતી મળે છે કે આ ખાનદાનની શરૂઆત ‘ ટાંક ’ થી થયેલી છે, જે રજપૂતોની એક જાત છે. ખુદ કેટલાક રજપૂતો ઈસ્વી ચોથી કે પાંચમી સદીમાં મધ્ય એશિયા ( ગુર્જસ્તાન )થી ગુજરાતમાં આવ્યા હતા, અને એ જ જગ્યા ઉપર તેમણે વસવાટ કર્યો હતો. ઝફરખાન બિન સહારનના બાપદાદાઓ આ જ લોકોમાંના હતા. તેઓ વિજેતા સાથે ગુજરાતમાં આવ્યા હતા અને ખેડા જિલ્લામાં આવેલા ઠાસરામાં જાગીરની પદ્ધતિ પ્રમાણે રહ્યા હતા. ઘણું કરીને તેઓ ગામના પટેલ હતા, કારણ કે પાદશાહ, શાહજાદો, કે રાજ્યનો કોઈ મોટો અમલદાર જ્યારે કોઈ ગામમાં જતો ત્યારે તે ગામના આબરૂદાર ગૃહસ્થને ત્યાં જ મુકામ કરતો. આધુનિક જમાનામાં પણ સાધારણ રીતે અમલદારો જ્યારે ગામોમાં જાય છે, ત્યારે પટેલને ત્યાં જ પડાવ નાખે છે. તે જ પ્રમાણે ફીરોઝશાહ તગલખ જ્યારે શાહજાદો હતો ત્યારે શિકાર ખેલતો ખેલતો અહીં આવ્યો હતો અને રાત પડી જવાથી વાસો કરવા માટે સ્થાન શોધતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જ્યારે તે દાસરામાં આવી પહોંચ્યો ત્યારે તેણે સહારનના જ મકાનમાં મુકામ કરવાનું પસંદ કર્યું. બહુધા તે મકાન ગામમાં સર્વોત્તમ હશે. સવારમાં ઊઠ્યા બાદ જતી વખતે સહારનની ખિદમત ધ્યાનમાં લઈ તેને પોતાના નોકરોમાં સામેલ કરી દીધો. દિલ્હી પહોંચ્યા બાદ તે જ્યારે પાદશાહ થયો ત્યારે તેને વજીર ઉલ્મુલ્કનો ખિતાબ અર્પણ કરવામાં આવ્યો અને તેની નિમણૂક આબદારીના હોદ્દા ઉપર થઈ. એનો જ પુત્ર મુઝફ્ફરખાન હતો, જેને ફીરોઝશાહ તગલખના પુત્ર મોહમ્મદશાહના વખતમાં ગુજરાતની હકૂમત સોંપવામાં આવી હતી. મોહમ્મદશાહના મરણ પછી તેનો પુત્ર મહમૂદશાહ તખ્તનશીન થયો, પરંતુ ઉમરાવોની આંતરતકરાર, તૈમૂરશાહની લૂંટફાટ અને દિલ્હીની પાયમાલીને લઈને સલ્તનત એટલી બધી કમજોર થઈ ગઈ કે હિંદુસ્તાનના સર્વ સૂબેદારો સ્વતંત્ર થઈ બાદશાહ બની બેઠા.

મુઝફ્ફરખાન પણ સ્વતંત્ર થઈ ગયો, પરંતુ દેશના ભલાને કારણે તેણે કોઈ શાહી ઇલ્કાબ ઇખ્તિયાર કર્યો નહિ. મુઝફ્ફરખાનનો પુત્ર તાતારખાન, જે દિલ્હીનું તખ્ત હાંસલ કરવા માટે દિલ્હીના સુલ્તાન મહમૂદ તગલખના વજીર ઇકબાલખાન મલ્લુ સાથે લડતો હતો તે હારીને ગુજરાત (પાટણ) પોતાના પિતાની પાસે આવ્યો અને એક બહાદુર સૈન્ય લઈ દિલ્હી ઉપર વિજયવંત થવાની ઇચ્છા કરી, પરંતુ રાજદ્વારી બાબતો ધ્યાનમાં લઈ મુઝફ્ફરખાન (જેનો ઇલ્કાબ ઝફરખાન હતો) કોઈ પણ રીતે તેને મદદ આપી આફતનો દરવાજો ઉઘાડવાનું ચાહતો ન હતો; આથી મોહમ્મદશાહ ( તાતારખાન ) નિરાશ, ગમગીન અને નરમ થઈ ગયો. બાપ સમજ્યો કે તેને સલ્તનતની ઇચ્છા છે તેથી પોતે આધિપત્યનો ત્યાગ કરી તેને તખ્તનશીન કરવાનું ઉચિત લાગ્યું. પરિણામે તે હિ.સ. ૮૦૬ (ઈ. સ. ૧૪૦૩)માં વાનપ્રસ્થ થયો અને મોહમ્મદશાહ ( તાતારખાન ) નાસિરુદ્દીનનો ઇલ્કાબ ધારણ કરી તખ્ત ઉપર બિરાજમાન થયો. ગુજરાતની સલ્તનત હાંસલ થઈ તોપણ દિલ્હી માટેની હવસ એના દિલમાં હજુ કાયમ રહી ગઈ હતી. ઇકબાલખાન ઉપર વેર લેવાનો ખ્યાલ એના દિમાગમાં રમી રહ્યા હતો, તેથી એક બળવાન લશ્કર લઈ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રવાના થયો. શમ્સખાન દન્દાની એનો કાકો એની સાથે હતો, પરંતુ તે રસ્તામાં અતિ મદ્યપાનથી મરણ પામ્યો. [1]

આ ખબર સાંભળી મુઝફ્ફરખાન બહુ જ શોકાતુર થયો અને કેટલીક સાલ સુધી તેનો ખેદ જારી રહ્યો. આખરે ઉમરાવોના આગ્રહથી હિ. સ. ૮૧૦ (ઈ. સ. ૧૪૦૭)માં તે તખ્ત ઉપર બેઠો. હિ. સ. ૭૧૩ (ઈ. સ. ૧૪૧૦)માં ત્રણ માસ પર્યંત તે સખ્ત બિમાર રહ્યો અને છેવટે આ દુનિયા છોડી ગયો.[2] ત્યારપછી મોહમ્મદશાહનો પુત્ર એટલે કે સુલ્તાન મુઝફ્ફરશાહનો પૌત્ર સુલ્તાન અહમદશાહ તખ્તનશીન થયો. તેણે પાટણ છોડી સાબરમતીને કિનારે અમદાવાદ વસાવ્યું જે આજ પર્યંત છે. માણેકચોકમાંની જામે મસ્જિદ એની જ બનાવેલી છે. હિ. સ. ૮૪૬ (ઈ. સ. ૧૪૪૨) માં આ નેકદિલ પાદશાહે દેહત્યાગ કર્યો અને ત્યારપછી એનો વડો દીકરો મોહમ્મદશાહ બીજો ગયાસુદ્દીનનો ઇલ્કાબ ધારણ કરી ગાદી ઉપર બેઠો. સુલ્તાન અહમદ અને શેખ અહમદ ખટ્ટુ (સરખેજ)ની કબરોનો પાયો એણે નાખ્યો હતો. તે ચાંપાનેર જીતવા ચાહતો હતો, પરંતુ મંદવાડમાં પટકાઈ પડવાથી અમદાવાદ પાછો આવ્યો. દસ અગિયાર વર્ષ રાજ્ય કરી, હિ. સ. ૮૫૫ (ઈ. સ. ૧૪૫૧)માં તે આ ફાની દુનિયામાંથી વિદાય થયો,[3] અને એના વડા પુત્ર કુત્બુદ્દીન અહમદશાહે (બીજો) સલ્તનતની લગામ હાથમાં લીધી. તેણે કાંકરિયા તળાવ જેને હોઝે કુત્બી પણ કહેવામાં આવે છે તે બંધાવ્યું હતું. આ ઉપરાંત તેણે સંખ્યાબંધ શાહી ઇમારતો બંધાવી હતી, કારણ કે તે મકાનનો શોખીન હતો. સાડા આઠ વરસ સુધી રાજ્ય કરી હિ. સ. ૮૬૩ (ઈ. સ. ૧૪૫૮)માં તે બાકી દુનિયા તરફ કૂચ કરી ગયો. ત્યારપછી સુલ્તાન દાઉદશાહને થોડા મહિના માટે પાદશાહ બનાવવામાં આવ્યો, પરંતુ તે નાલાયક હોવાના સબબથી તેને રાજ્યભ્રષ્ટ કરી મોહમ્મદશાહ બીજાના પુત્ર ફતહખાનને સુલ્તાન મહમ્મૂદશાહના નામથી ગાદીએ

---

૧. 'મઆસીરે રહીમી', ભા. ૨, કલકત્તા, પૃ. ૧૩૩

૨. ફરિશ્તા, ભા. ૪, હૈદરાબાદ, પૃ. ૩૪૮.

૩. 'ઝફરૂલવાલા,' ભા. ૧, બંડશા પૃ. ૩, લંડન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બેસાડવામાં આવ્યો. તેના વખતમાં જૂનાગઢ, ચાંપાનેર અને દ્વારકાના કિલ્લા જીતવામાં આવ્યા હતા. તેની સલ્તનત દખ્ખણની સરહદથી લઈ સિંધ સુધી હતી. એણે પચાસ વર્ષથી વધારે રાજ્ય કર્યું. હિ. સ. ૯૧૭ (ઈ. સ. ૧૫૧૧)માં તેણે દેહત્યાગ કર્યો. તેના પછી તેનો પુત્ર ખલીલખાન બીજા મુઝફ્ફરના નામથી ગાદીએ આવ્યો. આ જ મુઝફ્ફરે માળવાનું યુદ્ધ કર્યું, અને એના જ નામથી 'મુઝફ્ફરશાહી' નામનું પુસ્તક લખવામાં આવ્યું છે, જેનો આ તરજૂમો પ્રકટ કરવામાં આવે છે.

## જન્મ

મુઝફ્ફરશાહનો જન્મ હિ. સ. ૮૮૦ (ઈ. સ. ૧૪૭૫) શાબાન મહિનાની છઠ્ઠી તારીખ ને બુધવારને દિવસે સૂર્યોદય થયા બાદ અમદાવાદમાં થયો હતો. ફારસી જબાનની અબ્જદ પદ્ધતિ પ્રમાણે તેની તારીખ "ફરરૂખ" (સુખી) ઉપરથી નીકળે છે. તેની માનું નામ હીરાબાઈ હતું. હીરાબાઈ મહી નદીના કિનારા ઉપર રહેતા જમીનદાર રાણા નાકા રજપૂતની પુત્રી હતી. આ કારણથી મુઝફ્ફરશાહ અર્ધો રજપૂત હતો. પિતાએ તેનું નામ 'ખલીલખાન' રાખ્યું. હવે આપણે કિસ્મતની ખૂબી જોઈએ કે ચારપાંચ દિવસ બાદ રાણી ગુજરી ગઇ અને ખલીલખાન તરફ હંમેશ માટે માદરી મોહબ્બતની મનાઈ થઈ. જ્યારે સુલ્તાન મહમૂદને આ વાતની ખબર થઈ ત્યારે તે બેહદ ગમગીનીમાં ગર્ક થઈ ગયો અને જે કપડાંમાં ખલીલખાનને લપેટવામાં આવ્યો હતો તેની સાથે જ તેને લઈ પોતાની સાવકી મા પાસે પહોંચ્યો, જે મોહમ્મદશાહ બીજાની બેગમ હતી. તેણે તેને તેના ખોળામાં મૂકયો. આનું કારણ એ હતું કે કેટલાક વખતથી બેગમની ખાહિશ હતી કે સુલ્તાન પોતાના પુત્રોમાંથી એક તેને સોંપે તો તેની પરવરિશમાં તેનો સમય પસાર થાય. આવી રીતે તેણે ખલીલખાનને માટે ઉત્તમ પાલનપોષણની વ્યવસ્થા કરી.[૧]

દાદી તેના ઉપર પોતાનાં છોકરાં કરતાં પણ વધારે મોહબ્બત રાખતી હતી. તેણે પરવરિશમાં કંઈ પણ મણા રાખી નહિ.

૧. 'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૩૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તેનું નામ હાંસબાઈ હતું. હિ. સ. ૮૮૫ (ઈ. સ. ૧૪૮૦)માં જ્યારે મુઝફ્ફર પાંચ વર્ષની વયનો હતો ત્યારે માળ ઉપરથી તે અચાનક નીચે પડી ગયો અને બહુ જ જખ્મી થયો. હાંસબાઈ ગભરાઈ ગઈ અને ઘણું કરીને તેનું દુઃખ કમ કરવાના ખ્યાલથી તેણે તેને એકબે શરાબનાં પ્યાલાં પાયાં, પરંતુ તેને આની આદત ન હતી, તેથી તેને ઊલટી થઈ ગઈ અને બહુધા કેટલાક દિવસ બાદ તે સાજો થયો.[1]

## કેળવણી

'મિરાતે સિકંદરી' (પૃ૦ ૧૩૫)માં કરેલા ઉલ્લેખ મુજબ ખલીલખાન પોતાના ભાઈઓમાં સર્વથી નાનો હતો. આ નમાયો છોકરો પોતાની દાદીને ત્યાં ઊછરતો હતો. આ સંજોગોમાં તેને ઉત્તમ કોટીની પ્રાથમિક કેળવણીની સગવડનો અભાવ હોય જ એમાં કંઈ હેરતમન્દ થવા જેવી વાત નથી. ગુજરાતના સુલ્તાનોમાં એક અજબ રિવાજ એવો હતો કે યુવરાજ સિવાયના તમામ શાહજાદાઓની જાગીર પ્રમાણમાં બહુ જ કમ રહેતી હતી. આ વાતની માહિતી ગુજરાતના ઇતિહાસના અભ્યાસીઓને જરૂર હશે જ. આ સબબથી અટકળ કરી શકાય કે ખલીલખાનની પ્રાથમિક કેળવણી માટે મધ્યમ લાયકાતના શિક્ષકો રોકવામાં આવ્યા હશે, પરંતુ જ્યારે તે પુખ્ત વયનો થયો હશે ત્યારે તેને માટે ઉત્તમ ઉસ્તાદોની જોગવાઈ કરવામાં આવી હશે. ગુજરાતના ઇતિહાસનો અભ્યાસ કરવાથી માલૂમ પડે છે કે ખલીલખાન બાલ્યાવસ્થામાં વધારે તાલીમ હાંસલ કરી શક્યો નહિ; જેમકે, મુઝફ્ફરખાને પોતે એક વખતે કબૂલ કર્યું હતું કે શાહજાદગી અવસ્થાના કરતાં પાદશાહ થયા બાદ મેં વધારે તાલીમ લીધી હતી.[2]

**વ્યાકરણ**:—તે જમાનાના એક મશહૂર વિદ્વાન કાઝી જમાલુદ્દીન મોહમ્મદ બિન ઉમર ઇબ્ન બહરક હઝરમીએ તેનો વ્યાકરણનો અભ્યાસ ખતમ કરાવ્યો હતો,[3] જે મહમૂદ આઝમના વખતમાં

૧. 'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૬૮, મુંબઈ.
૨. 'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૬૫, મુંબઈ.
૩. 'ઝફરૂલવાલા', ભા. ૧, પૃ. ૧૧૯, લંડન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એડનથી અમદાવાદ તશરીફ લાવ્યા હતા અને હિ. સ. ૯૩૦ (ઈ. સ. ૧૫૨૩)માં ત્યાં જ તેમની દફનક્રિયા કરવામાં આવી હતી.[૧] વ્યાકરણની કઈ કઈ કિતાબોનો તેને અભ્યાસ કરાવવામાં આવ્યો હતો તેની વીગત કિતાબોમાં મળતી નથી. વ્યાકરણનાં મૂળતત્ત્વોના અભ્યાસ માટે 'સબ્બાહ' નામની કિતાબનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જ્યારે ખલીલખાન શાહજાદો હતો ત્યારે તેણે તેનો અભ્યાસ કર્યો હતો.

ખત્તાતી (લહિયાનું કામ):—ખલીલખાને ખત્તાતીનો ખાસ અભ્યાસ કર્યો હતો. તે સમયના મશહૂર ખુશનવીસ (લહિયા) મુલ્લા મહમૂદ સિયાવશ શીરાઝીને આ કામ માટે મુકરર કરવામાં આવ્યો હતો.[૨] ખલીલખાને આ વિષયનો એટલો બધો અભ્યાસ કર્યો હતો કે ખત્તે નસ્ખ, ખત્તે સુલ્સ અને ખત્તે રૂકા (ત્રણ જાતની ફારસી જબાન લખવાની રીતો)માં તે પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. હરસાલ પવિત્ર કુરાને શરીફ પોતાના હસ્તથી લખી એક સાલ મદીના મુનવ્વરા અને બીજી સાલ મક્કા મોઅઝઝમામાં તે મોકલતો હતો.[૩]

**ફિકહ, સાહિત્ય અને હદીસ (હઝરત મોહમ્મદના શબ્દો):**—તેણે ધર્મશાસ્ત્ર અને સાહિત્યની તાલીમ હોશિયાર ઉસ્તાદ પાસેથી હાંસલ કરી હતી, પરંતુ અફસોસ કે કોઈ કિતાબમાં ઉસ્તાદનું નામ આપવામાં આવ્યું નથી. મલેકુલ મોહદ્દિસીન મોહમ્મદ બિન અબ્દુર રહેમાન જે ઇબ્ન સુવયદને નામે ઓળખાતો હતો (હિ. સ. ૯૨૯: ઈ. સ. ૧૫૨૨માં અવસાન), તે મહમૂદ આઝમના સમયમાં યમનથી ખંભાત આવ્યો અને પાદશાહની કદરદાનીને લઈને ત્યાં જ રહ્યો. તે પહેલો જ શખ્સ હતો જેને

---

૧. ઘણું કરી આ વાત સાચી નથી, પરંતુ તે મુઝફ્ફરના વખતમાં હિ. સ. ૯૨૭ (ઈ. સ. ૧૫૨૦)માં તશરીફ લાવ્યા હતા. 'અનનુરૂસ સાફેર', પૃ૦ ૧૩૨, બગદાદ.

'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૬૫.

૨. 'ફરિશ્તા', ભા. ૪, પૃ. ૪૩૪, હૈદરાબાદ.

૩. 'અનનુરૂસ સાફેર', પૃ. ૧૯૨, બગદાદ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હિંદુસ્તાનમાં અને ખાસ કરી ગુજરાતમાં મલેકુલ મોહદ્દિસીનનો ખિતાબ આપવામાં આવ્યો હતો. તે સુલ્તાન મહમૂદના માનીતાઓમાંનો એક હતો. એક બાજૂ ઉપદેશઆસન ઉપર બિરાજમાન થઈ તે હદીસનો ઉપદેશ કરતો હતો, અને બીજી બાજૂએ હકૂમતનો બોજો પણ ઉઠાવતો હતો. મલેકુલ મોહદ્દિસીનની પાસેથી ખલીલખાને કંઈ ફાયદો ઉઠાવ્યો હતો કે નહિ એ કોઈ કિતાબમાંથી મળી આવતું નથી; પરંતુ કયાસ કરી શકાય છે કે હદીસના આ પ્રખર વિદ્વાન પાસેથી પણ ખલીલખાન કંઈક શીખ્યો હતો. અલબત્ત, ખુદ મુઝફ્ફરશાહે લખ્યું છે કે મારા ઉસ્તાદ મુસ્નદે આલી, મજદુદ્દીન ખુદાવન્દખાન પાસે મેં હદીસનો અભ્યાસ કર્યો હતો. મારા ઉસ્તાદોએ બયાન કરેલી હદીસોમાંની કોઈ એવી નથી જે મને આધાર સાથે યાદ ન હોય. એ જ પ્રમાણે કોઈ રાવી એવો નથી જેના મોઅતબર કે ગેરમોઅતબર થયા પછીથી કે તેના જન્મથી લઈ મરણ સુધીની વીગતો વિશે મને માહિતી ન હોય.[૧] વળી મુઝફ્ફરશાહે એક વાત માટે મગરૂર થવાનો ફાયદો પણ હાંસલ કર્યો હતો કે ફતહુલબારી, શરહે બુખારીની પહેલી હસ્તલિખિત કિતાબ, જે હિંદુસ્તાનમાં આવી હતી તે મુઝફ્ફરશાહને ભેટ તરીકે અર્પણ કરવામાં આવી હતી. આથી મુઝફ્ફરશાહે લાવનારને કદરદાની અર્થે ભરૂચનું ગવર્નરપદ આપી સરફરાઝ કર્યો.[૨]

**મન્તિક (તર્કશાસ્ત્ર), ફિલ્સૂફી, કલામ (ઇસ્લામી ફિલ્સૂફી):**—એમ જણાય છે કે જે પ્રમાણે તે હદીસમાં હોશિયાર હતો તે જ પ્રમાણે અસ્માયે રિજાલમાં[૩] પણ તે પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. અને તેવી જ રીતે મન્તિક, ફિલ્સૂફી અને કલામથી તે વાકેફ હતો એમ કહેવાય છે, કારણ કે એક વખત તેના દરબારમાં મોહક્કક દવ્વાનીના રિસાલએ કુતબુદ્દીનની શરહ પર કેટલાક લોકોએ ટીકા કરી હતી. બાદશાહે બન્નેની તુલના એવી રીતે કરી કે પ્રતિરોધ આપમેળે દબાઈ ગયો.[૪]

---

૧. 'ઝફરૂલવાલા', ભા. ૧, પૃ. ૧૨૭, લંડન.
૨. 'ઝફરૂલવાલા', ભા ૧, પૃ૦ ૧૧૮, લંડન.
૩. હદીસ કહેનાર રાવીઓના હેવાલોનું જ્ઞાન.
૪. 'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૮૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



**તફસીરોની કિતાબોનો અભ્યાસ**—મુઝફ્ફરશાહને અકલી ઇલ્મો ( અર્થશાસ્ત્ર, ફિલસૂફી વગેરે )ના કરતાં નકલી ઇલ્મો ( કુરાન હદીસ વગેરે )માં વધારે રસ પડતો હતો. આ જ સબબથી હદીસ અને તફસીરનો અભ્યાસ તેણે સૌથી વધારે પ્રમાણમાં કર્યો હતો; તે એટલે સુધી કે 'પારણામાંથી માંડી કબર સુધી વિદ્યાની પ્રાપ્તિ કરો' એ હદીસના સિદ્ધાંત મુજબ મરણપર્યંત તે કિતાબોના અભ્યાસમાં મશગૂલ રહ્યો હતો. આખરી દિવસોમાં મઆલેમુત તન્ઝીલની તફસીરનો અભ્યાસ કરતો રહ્યો. તેનો કેટલોક હિસ્સો બાકી રહ્યો હશે એટલામાં તેને આ ફાની દુનિયા છોડી જવાની ફરજ પડી.[૧]

**કુરાને શરીફની સ્મૃતિ અને તસવ્વુફ**:—ગુજરાતી પાદશાહોમાં કોઈ એવો ન હતો જેને તમામ કુરાન પાઠે હોય. આ જ સબબથી મહમૂદ આઝમની સામે જ્યારે આ બાબતની ચર્ચા ચાલી ત્યારે તેણે ગમગીનીમાં ગરકાવ થઈ કહ્યું કે અફસોસ મારા પરિવારમાં કોઈ હાફિઝ નથી. આની અસર ખલીલખાન ઉપર બહુ જ થઈ. સત્વર તે અમદાવાદથી રવાના થયો અને પોતાની જાગીરમાં આવ્યો. ત્યાં કુરાન કોઠે કરવામાં ગુપ્ત રીતે મશગૂલ રહ્યો. અતિ ઉજાગરા અને લીનતાને લઈને તેની આંખો લાલચોળ થઈ જતી હતી. આખરે એક સાલ અને કેટલાક મહિના પછી તે આ કામમાં કામિયાબ થયો. નતીજો એ આવ્યો કે ગુજરાતના સુલ્તાનોમાં ફક્ત મુઝફ્ફરશાહને જ આ મગરૂરીનો લાભ મળ્યો કે વિદ્વાન હોવા ઉપરાંત કુરાને શરીફ પણ તેણે મોઢે કર્યું હતું. તે દરેક રમઝાન માસમાં જાતે તરાવીહ પઢતો હતો. વળી તે કોઈકિ વખત શ્રોતાજન તરીકે પણ રહેતો હતો.[૨] તેની ઉમરના ઉત્તરાર્ધમાં તેને તસવ્વુફની લેહ લાગી હતી. તે ગરીબગુરબાં અને ફકીરોની બહુ જ ખિદમત કરતો હતો.

**વિનોદ અને સંગીત**:—જે પ્રમાણે ખલીલખાન ધાર્મિક જ્ઞાનમાં નિપુણ હતો તે જ પ્રમાણે તે સંસારી જ્ઞાનમાં ઓછો

---

૧. 'ઝફરૂલવાલા', ભા. ૧, પૃ૦ ૧૨૮, લંડન.

૨. 'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૬૬; 'ઝફરૂલવાલા', ભાગ ૧, પૃ૦ ૧૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઊતરે એવો ન હતો. પ્રાઢ કળાઓમાં સંગીત તરફ એનું લક્ષ્ય વધારે હતું. ખુદાએ એને મનોહર રાગ પણ દાઉદની મોરલીમાંથી જ અર્પણ કર્યો હતો. સિતાર, ચિત્રી, સરમંડલ, અને ચક્રવાવછ વગેરે વાજિંત્રો તે સારી રીતે વગાડી શકતો હતો. વળી તેનો મહાવરો પણ એટલે સુધી હતો કે સવારનિબા, ધ્યા, નાલ્દિયા, બ્રાકત, સવારિદા, છંદ, ધ્રુર અને દોહરા વગેરે રાગો પણ તે સારી રીતે પકડી શકતો હતો. તે પોતે તેમનાથી વાકેફ હતો, એટલું જ નહિ પરંતુ કળાની દૃષ્ટિએ તે ચર્ચા પણ કરી શકતો હતો. સારા અને નરસાનો ભેદ પણ તે સમજતો હતો. વળી સારામાંથી ઉત્તમની પસંદગી કરવાની પણ તેનામાં ચાલાકી હતી.[1]

**કાવ્યશક્તિ:**—પ્રૌઢકળાની બીજી શાખા, કાવ્યશક્તિનો પણ તેને બહુ જ શોખ હતો; એટલે સુધી કે તેના દરબારમાં મુલ્લા મલાલી, મુલ્લા અયુબ વગેરે સંખ્યાબંધ ઉત્તમ કવિઓ હાજર રહેતા હતા. ધાર્મિક જ્ઞાન તરફ વધારે સ્નેહ હોવાથી તેની કંઈ ખાસ રચના ન હતી, પરંતુ મોકો મળે ત્યારે કવન બનાવવામાં પાછી પાની કરતો નહિ. તે બાબત નીચેના બનાવ ઉપરથી માલૂમ પડે છે. જ્યારે મન્ડુ ઉપર તેણે વિજય મેળવ્યો ત્યારે દરબારી કવિઓમાંના કેટલાકે તેની સાલ લખી હતી, પરંતુ એક કવિએ માત્ર સાલ કાઢી હતી, જે તેણે સુલ્તાન મુઝફ્ફરની સામે મૂકી. પાદશાહે સત્વર તે ઉપર ત્રણ મિસ્રઆ ( ચરણાર્ધ ) ઉમેરી ચોપાઈ (રુબાઇ) બનાવી દીધી.[2]

આ જ પ્રમાણે મુલ્લા અયુબે પણ એક વખત એક રુબાઈ (ચોપાઈ) લખી, જેમાં વિદ્વાનોને અફીણ ખાવાની પ્રેરણા કરી હતી. રમૂજમાં એક દોસ્તે સુલ્તાન મુઝફ્ફરને એ રુબાઈ સંભળાવી:

"ચોપાઈ"

ખુખૂર અય ખાજા ! ઝરરયે અફીયુન,
કે મુમિદ્દત બવકત હલ બાશદ;

---

૧. 'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૭૯

૨. હસ્તલિખિત 'મુઝફ્ફરશાહી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઉલમા રા મુનાસિબ અસ્ત અફીયુન,
ઈલ્મ બાયદ કે બા અમલ બાશદ.

અર્થાત્—ઓહ ખ્વાજા ! અફીણુની એક કણી ખા,
જેથી નિરાકરણુ સત્વર તારી વહોર આવશે.
અફીણુ વિદ્વાનો માટે યોગ્ય છે.
જ્ઞાન વ્યવહારુ હોવું જોઈએ.

સુલ્તાન આ રુબાઈ સાંભળી મોં મલકાવી બોલ્યો, કે મુલ્લાએ પ્રેરણા માટે નહિ પરંતુ ઠપકા માટે આ ચોપાઈ કહી હતી. કદાચ લખનારની ગલતી થઈ હશે. તેણે મીમ (م) ના માથા (ه) ને બદલે બે (ب) નું મીડું મૂકી દીધું હશે. અસલ મિસ્રઆ ( ચરણાર્ધ ) આ છે.

" મખુર અય ખ્વાજા ! ઝરરયે અફીયુન. "
( અર્થાત્:—ઓહ ખ્વાજા ! અફીણુનો કણ ખાઈશ નહિ. )

સુલ્તાનની વિલક્ષણબુદ્ધિને ન્યાય આપવો જોઈએ કે એક અક્ષર બદલવાથી તેણે તમામ ભાવાર્થ બદલી નાંખ્યો.

**કુસ્તી, તલવાર, અને ભાલાના દાવમાં નિપુણતા:—** સુલ્તાન કુસ્તીમાં અતુલ, હફ્ત અન્દાઝી ( કુસ્તીનો એક દાવ )માં ચતુર અને સિપાહગીરીમાં પરિપૂર્ણ હતો. શમશેરઝનીમાં એટલો બધો પાવરધો હતો કે ચામડામાં હવા ભરી ડાબા હાથથી ઉપર ઉછાળતો અને જમણા હાથથી તલવાર વડે તેના બે ટુકડા કરતો હતો. આ ઉપરાંત પાદશાહની આ કળામાં પ્રવીણતા વિશે નીચેના બનાવો ઉપરથી પણ માહિતી મળે છે.

એક ગરીબ માણુસના ઘરમાં એક બદમાશ હરેક રાત્રે ઘૂસી જઈ ધાંધલ કરતો હતો. પેલો બિચારો ઘરવાળો એક દિવસ પાદશાહ પાસે ગયો અને તેમને એ વાત કરી, બોલાવી લાવ્યો. બદમાશે પાદશાહની સામે આવી તલવાર મારી, જેનો રદિયો આપવા માટે તેણે પોતાની તલવારનો એવો ઝટકો માર્યો કે કમરમાંથી તેના બે ટુકડા થઈ ગયા. એવી જ રીતે ભાલાના ઉપયોગમાં પણ તેને એટલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બધો મહાવરો હતો કે જો એક વાટી કોઈ જગ્યા ઉપર મૂકવામાં આવતી, તો પાદશાહ પોતાના ભાલાથી ઊંચકી નીકળી જતો.

**ધનુર્વિદ્યા**—તેની આવી જ નિપુણતા ધનુર્વિદ્યામાં પણ હતી. એક વખત એવું બન્યું કે સોરઠમાં તે શિકાર કરવા માટે નીકળ્યો હતો. એક હરણની પૂંઠ પકડી તેમાં તે એટલે દૂર નીકળી ગયો કે સૈન્ય પણ દૂર રહી ગયું. દૈવયોગે થોડા લૂંટારાઓ ત્યાં આવી પહોંચ્યા અને તેઓએ પાદશાહને મારવાની કોશિશ કરી. પાદશાહે પણ પોતાનાં તીરો વડે નિશાન તાકવાનું શરૂ કરી દીધું. પરિણામ એ આવ્યું કે તેમનામાંના ઘણા માણસોને કારી ઘા વાગ્યા અને કેટલાક જખમી થયા. આ દરમિયાન ફોજ પણ આવી પહોંચી. સૈનિકો પાદશાહની આ હિંમત જોઈ અતિ હેરતઅન્દ થયા.[1]

**સુતારકામ:**—પ્રાચીન કાળમાં ઘણા ઓછા પાદશાહો એવા હતા જેમણે રાજોચિત કળાઓની સાથે કોઈ સાધારણ હુન્નર કે ધંધા તરફ લક્ષ્ય આપી તેનો અભ્યાસ કર્યો હોય. મોગલ પાદશાહોની લાંબી યાદીમાં ફક્ત એક આલમગીર (ઔરંગઝેબ) નજરે પડે છે જે સુલેખન અને ટોપી બનાવવાની કળામાં પ્રવીણ હતો. તેણે જિંદગીભર તે તરફ પોતાનું લક્ષ્ય આપ્યું હતું.

એ પણ મગરૂરીની વાત છે કે ગુજરાતના સુલ્તાનોમાં ખલીલ-ખાન મુઝફ્ફરશાહ હુન્નરોમાં રસ લેનારાઓમાંનો એક હતો. સુતાર-કામથી એ સારી પેઠે વાકેફ હતો અને એ કળામાં પ્રૌઢ માણસની માફક તે એ કામ અદા કરતો હતો.[2]

જોકે પાદશાહો માટે આદરણીય અને વિવેકી રહેવું એ પણ શ્રેષ્ઠપણાની નિશાની ગણાય છે, પરંતુ જો તેમનામાં શીઘ્રકવિત્વ અને વિનોદ કરવાની શક્તિ પણ હોય અને મોકો મળ્યે ચોક્કસ રીતે એનો ઉપયોગ કરવામાં આવે તો એ વધારે ફળદાયી નીવડે છે. મુઝફ્ફરશાહમાં પણ આ શક્તિની કમી ન હતી. વળી મોકો મળે તેનો

---

૧. 'મિરાતે સિકંદરી,' પૃ. ૧૭૮, ૧૭૯,
૨. 'મિરાતે સિકંદરી', પૃ. ૧૭૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઉપયોગ પણ કરતો હતો. આ વિશે મુલ્લા અયુબ કવિના સંબંધમાં ઉપર જણાવવામાં આવ્યું છે.

**જાગીર અને હકૂમત:**—ખલીલખાનને જ્યારે હાંસબાઈ ને સોંપવામાં આવ્યો ત્યારે તેને જાગીર મળી હશે; પરંતુ અટકળ કરવામાં આવે છે કે આ જાગીર ઘણી નાની હશે, જેવી કે ગુજરાતના શાહજાદાઓને આપવાનો રિવાજ હતો. આ બાબત બહાદુરશાહ અને અને અહમદશાહ ત્રીજાના હેવાલો ઉપરથી માલૂમ પડે છે. જ્યારે ખલીલખાન મોટો થયો ત્યારે જુદી જુદી જગ્યાનો એને ગવર્નર બનાવી મોકલવામાં આવ્યો હતો.

'મિરાતે સિકંદરી'માં જણાવવામાં આવ્યું છે કે હિ. સ. ૮૯૨ (ઈ. સ. ૧૪૮૬)માં પાદશાહે મુસ્તફાબાદ (જૂનાગઢ) તરફ પ્રયાણ કરવાનો ઇરાદો કર્યો. જ્યારે તે ધંધુકા પહોંચ્યો ત્યારે સુલ્તાન મહમૂદ ખલીલખાનને કિલ્લા સાથે જૂનાગઢ સોંપી પોતે ચાંપાનેર ગયો.[૧] ઉપર જણાવવામાં આવ્યું કે ખલીલખાનનો જન્મ હિ. સ. ૮૮૦ (ઈ. સ. ૧૪૭૫)માં થયો હતો અને તેની ઉમર હિ સ. ૮૯૨ (ઈ. સ. ૧૪૮૬)માં બાર વરસની હતી. આટલી તરુણ વયના શાહજાદાને ટૂંક વખત ઉપર જીતેલા સોરઠ જેવા મુલ્કનો ગવર્નર બનાવવો અને પોતે મુલ્કના બીજા ખૂણામાં એટલે કે ચાંપાનેરમાં મુકામ કરવો એ ખલીલખાનની સમજશક્તિ અને રાજનીતિ ઉપર તેના અનંત વિશ્વાસનું સૂચન કરે છે અને તેના ઉત્કૃષ્ટપણાની મહાન સાબિતી આપે છે.

કેટલા વખત સુધી તેણે સોરઠમાં ગવર્નર તરીકે કામ કર્યું હતું તે બાબતની માહિતી કોઈ તારીખમાંથી મળતી નથી. અલબત્ત, એમ માલૂમ પડે છે કે હિ. સ. ૯૧૩ (ઈ. સ. ૧૫૦૭)માં તે વડોદરાનો હાકેમ હતો, અને તે વખતે તેની વય ૩૩ વરસની હતી. વળી

---

૧. 'મિરાતે સિકંદરી,' પૃ. ૧૧૪. 'તબકાતે અકબરી,' ભા. ૩, કલકત્તા, પૃ. ૧૬૨.

ફરિસ્તાએ હિ. સ. ૮૯૦ (ઈ. સ. ૧૪૮૫) સાલ લખી છે, પરંતુ એની પુષ્ટિરૂપે બીજી કોઈ કિતાબોમાંથી કંઈ મળતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સિકંદરખાન, લતીફખાન અને બહાદુરખાન એમ ત્રણ પુત્રાનો તે પિતા થઈ ચૂકયો હતો.[1]

ખલીલખાન હિ. સ. ૯૧૭ (ઈ. સ. ૧૫૧૧) સુધી વડોદરાના હાકેમ તરીકે રહ્યો હતો. સુલ્તાન મહમૂદ આઝમના અવસાન પછી તે પોતે ગુજરાતનો બાદશાહ થયો. એણે પોતાની જાગીરોની ખૂબીથી વ્યવસ્થા કરી હતી, જે માટે એટલું પ્રમાણ બસ છે કે તવારીખમાં તેની વિરુદ્ધ કોઈ પણ જાતની ફરિયાદ માલૂમ પડતી નથી. જે જે જગ્યાએ તે રહ્યો તે તે જગ્યાની આબાદી અને ઉત્તેજન માટે તે કોશિશ કરતો હતો. આનું મૂળ કારણ એ હતું કે તેને હંમેશાં તેના સોબતીઓ તરીકે સદ્‌ગુણી માણસો હતા. વળી વિદ્વાનોની સંગતે તેને સીધે રસ્તેથી આડે જવા ન દીધો.

**રાજ્યારોહણ:**—સુલ્તાન મહમૂદ આઝમ ( બેગડો )ને ઘણા પુત્રો હતા. 'મિરાતે સિકંદરી'માં તેનું સહેજ વીગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. (૧) રાણી રૂપમંજરીથી તેને એક પુત્ર થયો જેનું નામ મોહમ્મદ હતું. ઘણું કરીને કોઈ કારણથી એ 'મોહમ્મદ કાળા'ને નામે ઓળખાતો હતો. માદીકરો બંને સુલ્તાન મહમૂદની હયાતીમાં જ મરણ પામ્યાં હતાં. રાણીની કબર અમદાવાદના માણેક-ચોકમાં અદ્યાપિ પણ જાણીતી છે.

(૨) બીજા પુત્રનું નામ 'આબાખાન' હતું. તેની મા રાણી સરાણી હતી. તે સપરી( પરીઓનો શાહ )ને નામે પણ ઓળખાતી હતી. તેની કબર અસુરિયા દરવાજા પાસે એક મસ્જિદ સાથે જોડાયેલ હજુ પણ છે. શાહજાદા 'આબાખાન' પણ સુલ્તાનની હયાતીમાં જ આ ફાની દુનિયા છોડી ગયો હતો.

(૩) ત્રીજો પુત્ર અહમદખાન હતો. તેણે અમદાવાદમાં યુસુફના પુત્ર ખુદાવન્દખાનના પૂર્વગામી વઝીરના હાથ નીચે કેળવણી સંપાદન કરી હતી.

(૪) ચોથા પુત્રનું નામ ખલીલખાન હતું. તમામ રાજદ્વારી

---

૧. 'ફરિશ્તા', ભા. ૪, પૃ. ૪૧૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મામલાઓમાં સૌથી વડા પુત્ર આબાખાનનું ચલણ હતું.[૧] તેથી સામાન્ય રીતે એમ ધારવામાં આવતું હતું કે સુલ્તાન મહમૂદ પછી તખ્ત અને તાજનો માલિક આબાખાન થશે, પરંતુ કુદરતને એ માન્ય ન હતું. નતીજો એ આવ્યો કે હિ. સ. ૮૮૫ (ઈ. સ. ૧૪૮૦)માં તેનું અવસાન થયું. હવે સૌથી મોટો હયાત પુત્ર અહમદખાન હતો.[૨] જો તે પણ જીવતો રહ્યો હોત તો ખચિત તે જ તખ્તનશીન થયો હોત, કારણ કે તે ખલીલખાનના કરતાં વયમાં મોટો હતો. તેણે વજીર ખુદાવન્દખાનના હાથ નીચે શિક્ષણ મેળવ્યું હતું. આથી જ તે તેનો પક્ષ ખેંચતો હતો. પરંતુ હિ. સ. ૮૮૫ (ઈ. સ. ૧૪૮૦)માં ખુદાવન્દખાને સુલ્તાન મહમૂદ આઝમની મરજી વિરુદ્ધ અહમદખાનને તખ્તનશીન કરવા માટે જે યુક્તિ રચી તેમાં તે કામિયાબ થઈ શકયો નહિ. આ બનાવ પછી ફરીથી ઇતિહાસમાં અહમદખાનનું નામ કોઈ જગ્યાએ નજરે પડતું નથી. ઉપલા કારણથી અથવા તો કદાચ અહમદખાન પંડે આ કાવતરામાં સામેલ હતો તેથી અટકળથી એમ કહેવામાં આવે છે કે નિષ્ફળતા બાદ કાં તો ચૂપકીથી મોતને ઓવારે તેને ઉતારી મૂકવામાં આવ્યો હશે, કે કાં તો નજરકેદમાં જ તે અવસાન પામ્યો હશે. બહુધા આ બનાવ હિ. સ. ૮૯૨ (ઈ. સ. ૧૪૮૬)ની સાલમાં બન્યો હશે. અને ઘણું કરીને હવે ખલીલખાન જે સૌથી[૩] નાનો પુત્ર હતો તેના સિવાય કોઈ નરસંતાન બાકી ન હતું તેથી તેને યુવરાજ બનાવી સોરઠ સોંપવામાં આવ્યું. હિ. સ. ૯૧૬ (ઈ. સ. ૧૫૧૦)ના ઝુલહજ્જા માસમાં મહમૂદ આઝમ બીમાર થઈ ગયો. તેને મંદવાડ લંબાતાં વડોદરાથી બોલાવવામાં આવ્યો; પરંતુ જ્યારે તે સાજો થયો ત્યારે તેને ફરીથી મોકલવામાં આવ્યો. થોડા મહિના બાદ પુનઃ તેની તબિયત લથડીઃ તે પથારીવશ થયો. ખલીલખાનને બોલાવવામાં આવ્યો; પરંતુ તેના આવી પહોંચ્યા અગાઉ હિ. સ. ૯૧૭ (ઈ. સ. ૧૫૧૧)ના રમઝાન માસની બીજી

---

૧. 'મિરાતે સિકંદરી,' પૃ૦ ૧૩૬.

૨. 'મિરાતે સિકંદરી,' પૃ૦ ૧૦૫.

૩. 'ફરિશ્તા,' ભા. ૪, પૃ૦ ૪૦૬.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તારીખે સૂર્યાસ્ત સમયે તેણે દેહત્યાગ કર્યો. ત્યારપછી હિ. સ. ૯૧૭ (ઈ. સ. ૧૫૧૧)ના રમઝાન મહિનાની ત્રીજી તારીખે અને મંગળવારના દિવસે ૩૭ વર્ષની વયે ખલીલખાન મુઝફ્ફરશાહનો ખિતાબ ધારણ કરી તખ્ત ઉપર બિરાજમાન થયો. તેનું પ્રથમ કામ તેના બાપના શબને સરખેજમાં લઈ જઈ હઝરત શેખ અહમદ ખટ્ટુની કબરની પગ તરફના ભાગમાં તળાવના કિનારા ઉપર દફન કરવાનું હતું. તેણે અઝીઝુલ્મુલ્કને બે લાખ રૂપિયા (ટંકા) હવાલે કરી સરખેજમાં રહેતાં ગરીબગુરબાંને વહેંચાવ્યા. તે પછી તેણે એક મોટો દરબાર ભર્યો જેમાં નાનાં મોટાં સર્વેને હરેક જાતની વસ્તુની બક્ષિસ કરી. બક્ષિસ લેનારાઓમાં લશ્કરી સિપાઈઓનો પણ સમાવેશ થતો હતો. જે ઉમરાવો સાથે મુઝફ્ફરશાહને નિસબત હતી તેમને ખિતાબો અર્પણ કરવામાં આવ્યા:

૧. રશીદુલ્મુલ્કને ખુદાવન્દખાન.

૨. ખુશકદમને મુખ્લિસખાન.

૩. મલેક બુરહાનને મનસૂરખાનનો ખિતાબ આપી સરફરાઝ કર્યો.

ત્યારપછી બીજા દરજ્જાના ખિતાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા:

૪. મલેક કુતુબને અઝદુલ્મુલ્ક.

૫. મલેક મુબારક મુહીનને ઇફ્તિખારુલ્મુલ્ક.

૬. નસીરશાદીને મુબારિઝુલ્મુલ્ક.

૭. મલેકશાહને રુકનુલ્મુલ્ક.

સુલ્તાન મહમૂદ આઝમના આખરી દિવસોમાં મલેક બહાઉદ્દીન ઇખ્તિયારુલ્મુલ્કને ઇમાદુલ્મુલ્કનો ખિતાબ આપી ખુદાવન્દખાનની જગ્યાએ તેને વઝીર તરીકે મુકરર કરવામાં આવ્યો હતો. જ્યારે સુલ્તાન મુઝફ્ફર તખ્તશીન થયો ત્યારે તેણે રશીદુલ્મુલ્ક ખુદાવન્દખાનને વઝારતનો માનનીય હોદ્દો આપ્યો. તે ઉપરાંત પોતાના પિતાના સમયના ઉમરાવોને પણ પદવી, બક્ષિસ અને ખિતાબ આપી ખુશ કર્યા.[1]

---

૧. 'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૩૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ગુજરાતી પાદશાહોમાં પહેલો અહમદશાહ–અમદાવાદનો પ્રવતર્ક–પહેલો સુલતાન હતો જેની સલ્તનતને હિંદુસ્તાનના સુલ્તાનોએ સત્તા તરીકે ગણી હતી. તેના પછી મોહમ્મદશાહ અને કુત્બુદ્દીન હતા. તેમની સલ્તનતની મુદ્દત ટૂંક હોવાથી તેમને બીજા દૂરના મુલ્કો સાથે સંબંધ સ્થાપવાનો મોકો મળ્યો નહોતો. મહમૂદ આઝમને તેની સલ્તનતના લાંબા સમય દરમિયાન હિંદુસ્તાનનાં તમામ રાજ્યો સાથે સંબંધ બાંધવાની તક મળી હતી; તેથી કરીને દક્ષિણ અને માળવાના સુલ્તાનો ઉપરાંત દિલ્હી, કાશ્મીર, સિંધ અને મુલ્તાન સાથે પણ તેનો બહુ જ મૈત્રીસંબંધ[1] હતો. પોતાનો એલચી મોકલી ખુરાસાનના પાદશાહ સાથે પણ નવી નિસબત પેદા કરવાનું તેને આવશ્યક લાગ્યું. તે ઉપરાંત મહમૂદ આઝમે એક બાજૂ સિંધનો એક સ્વતંત્ર હિસ્સો જીતી લીધો જે સરહદ ઉપર હતો. પોતે સિંધના પાદશાહ સુલ્તાન મહમદનો નિકટનો સંબંધી હતો તેથી જમીનમાર્ગે ખુરાસાનનો રસ્તો નજીક થઈ ગયો. આ બાજૂએ કચ્છના અખાતનું જગત (દ્વારકા) અને શંખોદ્ધાર જીતી લેવામાં આવ્યાં, તેથી ઇરાની અખાતમાં દાખલ થવાનું અંતર ઓછું થઈ ગયું. વળી મહમૂદ પાસે દરિયાઈ કાફલો એટલો સાધનયુક્ત અને મજબૂત હતો કે મલબારના કિનારાથી કચ્છ સુધીનું સંરક્ષણ થતું હતું. તેનાં જહાજો તોપોથી સજ્જ હતાં. હિંદુસ્તાનમાં આ પહેલો બાદશાહ હતો જેણે દરિયાઈ યુદ્ધોમાં તોપોનો ઉપયોગ કર્યો હતો. સારાંશ એ કે અસબાબોથી ભયગ્રસ્ત થઈ ખુરાસાન અને ઇરાનના પાદશાહ મિરઝા ઇસ્માઈલ સફવીએ સુલ્તાન મહમૂદ આઝમને ત્યાં એલચીમંડળ મોકલ્યું; પરંતુ દૈવયોગે જે વખતે મહમૂદ મરણશય્યા ઉપર પાસાં ફેરવી રહ્યો હતો તે જ વખતે આ એલચીમંડળ ગુજરાતને કિનારે આવી પહોંચ્યું; આથી કરીને તેને દરબારપ્રવેશની તક ન મળી. જ્યારે મુઝફ્ફરશાહ તખ્તનશીન થયો ત્યારે એક માસ પછી હિ. સ. ૯૧૭ ( ઈ. સ. ૧૫૧૧ )ના શવ્વાલ માસમાં મિરઝા ઇબ્રાહીમ યાદગારબેગને પાયતખ્તમાં પધારવાનું આમંત્રણ આપ્યું. મલેક શર્ક હમીદુલ્મુલ્ક અને કુત્બુલ્મુલ્કને આદરસત્કાર માટે

---

૧. 'તારીખે ફરિશ્તા', ભા. ૪, પૃ૦ ૭૩૪, હૈદરાબાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મોકલવામાં આવ્યા. ઇરાનનો એલચી યાદગારબેગ અમદાવાદ આવી દરબારમાં હાજર થયો. કારકુન, અમલદાર,[૧] અને અંગરક્ષકો મળી નર્યા ઇરાની ૪૦ આદમી તેની સાથે હતા, તે ઉપરાંત નોકરો વગેરે સર્વ મળી લગભગ પાંચસો આદમી હશે.[૨]

તેઓએ દરબારમાં શાહી શિષ્ટતા અદા કરી અને બહુ જ સભ્યતાથી ઇરાનના શાહની ભેટો આગળ ધરી. બક્ષિસોમાં ફિરોઝાનો (એક જાતનું ભૂરા રંગનું ઝવેર) પ્યાલો અતિ સુંદર હતો. સફાઈ અને ઉત્કૃષ્ટતામાં તે અજોડ હતો. તે ઉપરાંત ભિન્નભિન્ન જાતનાં જવાહિર, કપડાં, અને ૩૦ નર્યા ઇરાકી ઘોડા પાદશાહને નજરાણામાં આપવામાં આવ્યા. સુલ્તાન મુઝફ્ફરશાહે પણ એલચી અને તેના સાથીઓને ખિલાત આપી વર્ધમાન કર્યા અને નિવાસ માટે મકાન અને ખાવાપીવા માટે નાણાંની જોગવાઈ પણ કરી.

થોડા દિવસ પછી બાદશાહ વડોદરા ગયો, જે તેની જાગીરમાં હતું. ત્યાં પહોંચ્યા બાદ વડોદરાથી થોડે અંતરે એક નવા શહેરનો પાયો નાંખ્યો જેનું નામ તેણે દોલતાબાદ[૩] રાખ્યું. એમ માલૂમ પડે છે કે પાદશાહ હજુ વડોદરામાં જ હતો એટલામાં ખાજા જહાંન તવાશી પોતાના આકા મોહમ્મદ બિન નાસિરુદ્દીન ખલજીની સાથે માળવાથી ભાગી જઈ, ચાંપાનેરની હદમાં પહોંચ્યો. આ બાબતની ખબર પાદશાહને આપવામાં આવી. વળી એટલામાં માળવાના રાજા મોહમ્મદ બિન નાસિરુદ્દીનની અરજી પણ આવી, જેમાં ગુજરાતમાં આવવાનાં કારણો તેણે આપ્યાં હતાં. સુલ્તાને મોહમ્મદાબાદ (ચાંપાનેર) શહેરના વડા પોલીસ અમલદાર, મુહાફિઝખાનને તેનો આદરસત્કાર કરી શહેરમાં લાવવાનો તથા તેની મહેમાનગીરી માટે સર્વ શક્ય આવશ્યકતા પૂરી પાડવાનો હુકમ કર્યો. મુહાફિઝખાને સુલ્તાનના ફરમાનનું શબ્દશઃ પાલન કર્યું. સફરનો શ્રમ ઉતારવા માટે થોડો વખત તેણે આરામ લીધો અને ત્યારપછી શાહજાદા મોહમ્મદ બિન નાસિરુદ્દીનને

---

૧. 'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૩૮.
૨. 'ઝફરૂલવાલા', ભાગ ૧, ૯૮.
૩ આ શહેર હાલમાં એક નાના ગામડાના રૂપમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વડોદરા તરફ રવાના કર્યો. એકબીજા સાથે મળી બન્ને અતિ આનંદિત થયા. શાહજાદો ફરીથી ચાંપાનેર ગયો અને પાદશાહે વડોદરાથી મોર-આમલી તરફ પ્રયાણ કર્યું, જે જગ્યા મહમૂદ આઝમની શિકારગાહ તરીકે મુકરર કરવામાં આવેલી હતી. ત્યાં પહોંચી થોડા દિવસ પર્યંત તે શિકારમાં મશગૂલ રહ્યો. ત્યાં સુલ્તાનનો જમાઈ અને આસીર અને બુરહાનપુરનો ગવર્નર મુસ્નદે આલી, આઝામ હુમાયુન આદિલખાન પણ આવ્યો. થોડો સમય ત્યાં ગાળી તે બુરહાનપુર માટે અને સુલ્તાન ચાંપાનેર (મોહમ્મદાબાદ) માટે રવાના થયા. બહુધા, પાદશાહ ચાંપાનેર ગયો છે એવી ખબર સાંભળી ઇરાનનો એલચી પણ પહેલેથી જ ચાંપાનેર પહોંચી ગયો હતો. ત્યાર પછી માળવાના સુલ્તાન નાસિરુદ્દીનનો પુત્ર મોહમ્મદ સાહેબખાન પણ આવ્યો. તેને પણ તે જ એલચીની પાડોશમાં નિવાસસ્થાન આપવામાં આવ્યું. 'ઝફરૂલવાલા' અને 'તબકાતે અકબરી'માં જણાવવામાં આવ્યું છે કે સુલ્તાન મુઝફ્ફર તખ્તનશીન થઈ પહેલો અમદાવાદથી ચાંપાનેર ગયો અને ત્યાં જ ઈરાનના એલચીની સાથે તેની મુલાકાત થઈ હતી. ત્યારપછી વડોદરા આવી દોલતાબાદનો પાયો તેણે નાંખ્યો. ત્યાં તેણે ખાજા જહાનના આગમનની વાત સાંભળી, તેથી તેને વડોદરા બોલાવ્યો. તે મળીને ચાંપાનેર (મોહમ્મદાબાદ) પાછો ગયો. માળવાનો શાહજાદો પણ ત્યાં આવ્યો.

પરંતુ હું ધારું છું કે આ સત્ય નથી, કારણ કે મોહમ્મદાબાદ જતી વખતે વડોદરા રસ્તામાં આવે છે.

**માળવાનો સુલ્તાન:**—માળવા હિંદુસ્તાનના ફળદ્રૂપ પ્રદેશોમાંનો એક છે. વિક્રમાદિત્ય અને રાજા ભોજ આ ભૂમિનાં અમૂલ્ય રત્નો હતા. હિંદુ રાજાઓના સમયમાં તેના પાટનગર ઉજ્જેનમાં એક વેધશાળા બનાવવામાં આવી હતી, જે માટે તે ગૌરવ ધરાવતું હતું. ભોજરાજાએ ઉજ્જેનને બદલે ધારને રાજધાની કરી હતી. વળી તેણે મુલ્કને સુલ્તાન મહમૂદ ગઝનીના હુમલામાંથી પોતાની વિચક્ષણ રાજનીતિને લઈને બચાવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સૌથી પહેલાં આ મુલ્ક ઉપર ગયાસુદ્દીન બલ્બે હુમલો કર્યો હતો. તેના પછી દિલ્હીના તમામ પાદશાહોનો તેના ઉપર અધિકાર રહ્યો. ફીરોઝશાહના પુત્ર મોહમ્મદશાહ તઘલખે જ્યારે બીજી વખત દિલ્હીના પાયતખ્તનો કબ્જો લીધો, ત્યારે જે ઉમરાવોએ એને મદદ આપી હતી તે સર્વનો મરતબો તેણે વધાર્યો અને તેમને જુદા જુદા ઇલાકાના ગવર્નર બનાવ્યા; જેમકે, તેણે દિલાવરખાન ગોરીને માળવા મોકલ્યો. ફીરોઝશાહના પુત્ર સુલ્તાન મોહમ્મદશાહના અવસાન પછી તે પોતે સ્વતંત્ર થઈ ગયો.[૧] દિલાવરખાન હિ. સ. ૮૦૯ (ઈ. સ. ૧૪૦૬) સુધી રાજ્ય કરી મરણ પામ્યો. તેના પછી તેનો પુત્ર સુલ્તાન હુશન્ગ અલપખાન તખ્તનશીન થયો. સુલ્તાન હુશન્ગે હિ. સ. ૮૩૮ (ઈ. સ. ૧૪૩૪) પર્યંત રાજ્ય કર્યું.

સુલ્તાન હુશન્ગના જમાનામાં દરબારી ઉમરાવોમાં એક મલેક મુગીસ નામનો હતો જેને ખાનજહાંનનો ઇલ્કાબ આપી વઝીર બનાવવામાં આવ્યો હતો. જ્યારે સુલ્તાન મરણ પામ્યો ત્યારે તેની કોશિશથી તેનો પુત્ર મોહમ્મદ બિન હુશન્ગ પાદશાહ થયો. તેણે પણ તેને મસ્નદે આલી ખાનજહાનનો ખિતાબ આપી વજીરપદ ઉપર કાયમ રાખ્યો. તેનો એક પુત્ર મહમૂદ નામથી હતો. તેણે સુલ્તાન હુશન્ગના સમયથી જ સત્તા મેળવવાનું શરૂ કર્યું હતું અને મોહમ્મદ બિન હુશન્ગના સમયમાં શાહજાદાઓમાં માંહેમાંહેના ટંટાનો લાભ લઈ તે સ્વતંત્ર બાદશાહ થયો.[૨]

**સુલ્તાન મહમૂદ ખલ્જી:**—ખલ્જ અસલ ખલચ છે, જે મુસલમાનોની ભાષામાં ખલ્જ થઈ ગયું. ખલ્જ તુર્કસ્તાનમાં એક મશહૂર શહેરનું નામ છે.[૩] કેટલાક લખે છે કે તુર્કસ્તાનના રણમાં એક કોમ રહેતી હતી જે ખલ્જ નામે ઓળખાતી હતી.[૪] કહેવાય

---

૧. 'તબકાતે અકબરી', ભા૦ ૩, પૃ૦ ૨૮૮, કલકત્તા.

૨. 'ઝફરૂલવાલા', ભા. ૧, પૃ૦ ૧૯૭, લંડન.

૩. 'કશ્ફુલ લુગાત', હસ્તલિખિત.

૪. 'બુરહાને કાતિઅ', પૃ૦ ૩૦૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



છે કે અફ્રાસિયાબ[1]ના વંશમાં એક શખ્સ કાલેજ નામનો હતો. તેણે

---

૧. અફ્રાસિયાબ
- કાલેજ
  - અફ્રાસિયાબના વંશમાંથી
    - પુત્ર
    - તોલકખાન
      - ફીરોઝ (જલાલુદ્દીન ફીરોઝશાહ ખલ્જી)
      - નસીરુદ્દીન
        - અલીશેર
          - મલેક મુગીસ ખાનજહાંન, માળવાના સુલ્તાનનો વઝીર.
            - સુલ્તાન મહમૂદ બિન મુગીસ, માળવાનો પાદશાહ.
              - ગ્યાસુદ્દીન મોહમ્મદશાહ
                - નાસીરુદ્દીન કાદેરશાહ
                  - મોહમ્મદ (સાહેબખાન)
                  - સુલ્તાન મહમૂદ ખલ્જી
                  - શહાબુદ્દીન
    - પુત્ર

નોંધઃ—ફરિશ્તાએ મલેક ફીરોઝશા ઈસ્તખાનના બાપનું નામ મલેક ચગરસ લખ્યું છે.

**ચગરસ**
- નસીરુદ્દીન
- ફીરોઝ જલાલુદ્દીન
- શહાબુદ્દીન મસઉદ

આ પ્રમાણે મલેક ચગરસ તોલકખાનનો પુત્ર હોવો જોઈએ.

ફરિશ્તા, ભા. ૧, પૃ૦ ૩૧૯, હૈદરાબાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ચંગીઝખાન મોગલની પુત્રી સાથે લગ્ન કર્યું હતું અને ૩૦,૦૦૦ ની એક ફોજ સાથે કાબુલમાં રહેતો હતો. ચંગીઝખાનના અવસાન પછી તેણે સમરકંદનો કબજો લીધો. તેને ત્રણ પુત્રો હતા. તેઓમાંનો નાનો તોલકખાન નામનો હતો. તે મુસલમાન થઈ કન્દુઝમાં આવી વસ્યો. તેને બે પુત્રો હતાઃ એક નસીરુદ્દીન અને બીજો ફીરોઝ. બંને બાપના અવસાન પછી ગયાસુદ્દીન બલ્બન પાસે આવી રહ્યા.

મુઈઝુદ્દીન કૈકોબાદ બિન બુગરાખાન બિન ગયાસુદ્દીન બલ્બનના સમયમાં ફીરોઝશાહ ખલ્જી લાહોરનો ગવર્નર હતો. ત્યારપછી કૈકાઉસ બિન કૈકોબાદના સમયમાં તે પોતે દિલ્હીનો પાદશાહ થયો. તેણે પોતાના ભાઇ નસીરુદ્દીનને અમ્રૂહાનો ગવર્નર બનાવ્યો. આ જ નસીરુદ્દાનનો છોકરો અલીશેર હતો. અને અલીશેરનો છોકરો મલેક મુગીસ હતો જેને ખાનજહાનના ઇલ્કાબ સાથે વજીરપદ મળ્યું હતું. તેનો પુત્ર સુલ્તાન મહમૂદ હિ. સ. ૮૩૯ (ઈ. સ. ૧૪૩૫) ના શાવ્વાલ માસની તા. ૨૫ ને સોમવારને દિવસે માળવાની ગાદી ઉપર બિરાજમાન થયો.[1] તેણે ચોત્રીસ વરસ જાહોજલાલીથી હકૂમત કરી. હિ. સ. ૮૭૩ (ઈ.સ. ૧૪૬૮) માં જ્યારે તે મૃત્યુવશ થયો ત્યારે તેનો પુત્ર ગયાસુદ્દીન મોહમ્મદશાહ ગાદી ઉપર બેઠો. બત્રીસ વર્ષ રાજ્ય કરી તે મરણ પામ્યો ત્યારે તેનો પુત્ર નાસિરુદ્દીન કાદિરશાહ પોતાના ભાઈઓને મારી હિ. સ. ૯૦૫ (ઈ. સ. ૧૪૯૯)માં તખ્તનશીન થયો. તેને ત્રણ પુત્રો હતા. શાહબુદ્દીન બળવો કરી દિલ્હી ચાલ્યો ગયો. મોહમ્મદ અને મહમૂદ તેના અવસાન પર્યંત હિ. સ. ૮૧૬ ( ઈ. સ. ૧૫૧૦ ) તેની સાથે રહ્યા. દરબારીઓએ મહમૂદ ખલ્જીને પાદશાહ બનાવ્યો; પરંતુ થોડા વખત બાદ ખાનજહાન તવાશી ( મોહાફઝખાન ખલ્જી ) મહમૂદ ઉપર નારાજ થઈ મોહમ્મદ બિન નાસિરુદ્દાનને મળી ગયો અને તેને પાદશાહ બનાવ્યો. જ્યારે મહમૂદ ખલ્જીએ તેના ઉપર હુમલો કર્યો ત્યારે તે સુલ્તાન મુઝફ્ફરશાહ બીજા પાસે કુમક માટે પહોંચ્યો.[2] જે મોહમ્મદ બિન નાસિરુદ્દીનને

---

૧. 'ઝફરૂલવાલા', ભા. ૧, પૃ૦ ૧૯૭

૨. 'ઝફરૂલવાલા', ભા. ૧, પૃ૦ ૨૧૧–૨૧૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ચાંપાનેરમાં ઇરાનના એલચીના મકાનની જોડે ઊતરવાની જગ્યા આપવામાં આપી હતી તે આ વ્યક્તિ હતી.

**ખલ્જીએ સ્મરણ કરાવ્યું:**—મોહમ્મદશાહ ખલ્જીએ કેટલોક વખત રાહ જોઈ પરંતુ કંઈ નતીજો આવ્યો નહિ, ત્યારે સુલતાન મુઝફ્ફરશાહ પાસે આવી તેણે તે વાત યાદ કરી. બાદશાહે કહ્યું: અત્યારે તો વરસાદની મોસમ છે; જો અલ્લાહની ઇચ્છા હશે તો આ મોસમ પૂરી થતાં વેંત માળવા જઈને રાજ્યનો અર્ધો હિસ્સો તમને અપાવીશ. વળી તેણે કેસરખાનને દાહોદ જવા માટે હુકમ કર્યો, જેથી તે માળવાની પરિસ્થિતિથી વાકેફ રહે. આ સાથે જ ફોજી અમલદારોને ફરમાન મોકલવામાં આવ્યું કે ચોમાસા બાદ શાહી ફોજે પાયતખ્તે જમા થવું.

**મોહમ્મદશાહ અને ઇરાનનો એલચી:**—થોડા જ દિવસ પછી મોહમ્મદશાહ કંઈ પણ સૂચના સિવાય ગુજરાતથી માળવા ચાલ્યો ગયો. આમ કરવાનાં કારણો ઇતિહાસકારોએ ભિન્નભિન્ન આપ્યાં છે.

અહમદ હર્વીએ લખ્યું છે કે ઇરાનનો એલચી અને મોહમ્મદશાહ ખલ્જી એ એકબીજાના પાડોશી હતા. તેમના નોકરોમાં સાધારણ ટંટો થયો તેમાંથી મામલો વધી ગયો. તેમણે એલચીના મકાનમાં લૂંટ ચલાવી. ત્યારપછી મોહમ્મદશાહના સંબંધમાં વાત ફેલાઈ ગઈ કે તેને પરહેજ કરવામાં આવ્યો છે; તેથી શરમને લઈને તે ગુજરાતમાંથી પલાયન થઈ ગયો.[૧]

'મિરાતે સિકંદરી'માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શાહજાદી પાસે અસાધારણ મોતી હતાં તે ઇરાનના શાહનો એલચી ખરીદવા ચાહતો હતો; પરંતુ કોઈ પણ સંજોગોમાં તે મૂલ્યનો ઘટાડો કરવામાં રાજી ન હોઈ, બંને વચ્ચે આ સબબથી સંબંધ બગડ્યો. ત્યારપછી એક રાત્રે શાહજાદો ઓચિંતો એક પુરાણા ઓળખીતાને મળવા ગયો. તે જે અતિથિગૃહમાં રહેતો હતો, તેમાં જ ઇરાનના

૧. 'તબકાતે અકબરી', ભા. ૩, પૃ ૧૭૫. 'તારીખે ફરિશ્તા'માં પણ એમ જ લખ્યું છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એલચીનો મુકામ પણ હતો. કોઈએ એલચીને કહ્યું કે શાહજાદાનો ઇરાદો તમને લૂંટી ગુજરાતથી નાસી છૂટવાનો છે, નહિ તો અહીં રાત્રે આવવાની શી જરૂર હતી? દુર્ભાગ્યે ઇરાનના એલચીને આ વાતમાં સત્યતા માલૂમ પડી. તેણે અતિથિગૃહનો દરવાજો બંધ કરાવ્યો અને શાહજાદાને પરેહજ કર્યો. આખી રાત કેદીઅવસ્થામાં પસાર કરી બીજે દિવસે તેને છૂટો કરવામાં આવ્યો. લોકલાજને લઈને તે ગુજરાત છોડી ચાલ્યો ગયો.[1] હાજી કબીર આસફી લખે છે કે હિ. સ. ૯૧૭ (ઈ. સ. ૧૫૧૧)માં ઇરાનનો એલચી આવ્યો અને ખ્વાજાજહાન તવાશી મોહમ્મદશાહ બિન નાસિરુદ્દીન ખલ્જીને લઈ ગુજરાત પહોંચ્યો. કેટલાક ઉમરાવોએ તેમનો આદરસત્કાર કર્યો. સુલ્તાન મુઝફ્ફરશાહે સહાય આપવાનું વચન આપ્યું અને ત્યાં રહે ત્યાં સુધી ખર્ચ માટે વાસ્તવિક દરમાયો નક્કી કર્યો. એક વખત અચાનક તે ઇરાનના એલચીના કમ્પાઉન્ડમાં જઈ પહોંચ્યો. પોતે એક ખૂબસૂરત નવજુવાન હોવાથી ઇરાનીઓ એને જોઈ અનુરક્ત થઈ ગયા (અને બહુધા કોઇ ઇરાનીએ એનું ટીખળ કર્યું.) સ્વમાનના સંરક્ષણને માટે તેણે તરવાર મ્યાનમાંથી બહાર કાઢી, ઘોડાને એડી મારી. ઇરાનીઓ તેના ઇરાદાથી વાકેફ થઈ ગયા અને તેનો સામનો કરવાને તૈયાર થઈ ગયા. તેમની સંખ્યા પાંચસો જેટલી હતી.[2] ગુજરાતીઓ આ બાબતની જાણ થતાં વેંત તેને સહાય આપવા ત્યાં દોડી ગયા, અને ઈંટ, પથ્થર અને જે જે ચીજ હાથ આવી તે લઈ ઇરાનીઓની ખબર લેવાનું શરૂ કર્યું. કેટલાંયે માણસો માર્યાં ગયાં. આખરે આ ખબર પાદશાહને મળી. તેણે સત્વર મલેક શરફ ઇમાદુલ્મુલ્કને શાહી હાથીઓ લઈ આ તોફાન શાંત કરવાનો હુકમ કર્યો. વળી તેણે તેને ઇરાની એલચીનું રક્ષણ અને બળવાખોરોને સખત શિક્ષા કરવાને કહ્યું. આ દરમિયાન ગુજરાતીઓએ લૂંટ ચલાવી અને આ મકાનને આગ લગાડી મૂકી. ઇમાદુલ્મુલ્કે ત્યાં જઈ પ્રથમ તો ઇરાની એલચીને પોતાની હિમાયતમાં લઈ લીધો અને ત્યારપછી બળવાખોરોની ખબર લીધી. બાદશાહે ઇરાની એલચી આગળ પોતાની દિલગીરી જાહેર

---

૧. 'મિરાતે સિકંદરી,' પૃ૦ ૧૪૦, મુંબઈ.
૨. 'ઝફરૂલવાલા', પૃ૦ ૯૮, ભા. ૧, લંડન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કરી પોતાની મહેલની નજીકમાં મુકામ કરવાને કહ્યું અને માગણી પ્રમાણે છ લાખ ટંકા ગુજરાતી (જે ૩૮ લાખ મુરાદી ટંકા જેટલા થાય છે, વળી તે ખાનદેશ અને દક્ખણમાં જહાંગીરના જમાના સુધી ચાલુ હતા[૧]) ઇરાનના એલચીને માલની નુકસાનીના બદલામાં આપ્યા.

**ઇરાનના એલચીની વિદાય:**—રમઝાનની ૧૪મી તારીખ ને શુક્રવારને દિવસે એક લાખ ટંકા રોકડ અને કીમતી ખિલાત અર્પણ કરી તેને વિદાય આપવામાં આવી. અને તેની સાથે પોતાના એલચી ખુરાસાનખાનને પાદશાહે સાત સજ્જ હાથી, એક વરુ (ઘણું કરી શિકારી હશે) અને બીજાં હેરત પમાડે એવાં વિચિત્ર પશુ-પક્ષીઓ ભેટ તરીકે આપી મોકલ્યાં. વળી આ સાથે દરેક જાતનાં અપૂર્વ કીમતી કપડાં પણ હતાં. એ સર્વની સગવડ માટે તેણે બે મોટાં જહાજો આપ્યાં જેથી કરી સહેલાઇથી તેઓ ઇરાન પહોંચી જાય.

આ બનાવ પછી નાસિરુદ્દીન ખલ્જીનો પુત્ર સાહેબખાન મોહમ્મદશાહ અતિ સ્વમાનને લઈને મુઝફ્ફરશાહને જાણ કર્યા સિવાય ગુજરાત છોડી ચાલ્યો ગયો. તેનું તરત જવાનું એક બીજું કારણ પણ હતું: સુલ્તાન મહમૂદ ખલ્જીના અમીરોમાં માંહોમાંહે કુસંપ થઈ ગયો હતો. તેમાંના કેટલાકે તો શાહજાદા મોહમદ ખલ્જીને માળવા આવવાનું નિમંત્રણ પણ આપ્યું હતું. શાહજાદો પણ તકનો લાભ લઈ રવાના થયો.

મોહમ્મદશાહ ખલ્જી (સાહેબખાન) ત્રણસો સવારો સાથે 'આસીર'-ની સરહદ નજીકમાં 'પુરકાનુ' નામના ગામમાં પહોંચ્યો. કન્દુહાના ગવર્નર નામે લોધાને જ્યારે આ બાબતની ખબર થઈ ત્યારે અચાનક ત્યાં પહોંચી તેણે ત્યાં લડાઈ શરૂ કરી દીધી. શાહજાદા મોહમ્મદ ખલ્જી (સાહેબખાન) હાર્યો અને કાવીલ તરફ નાસી છૂટ્યા. સુલ્તાન મહમૂદ ખલ્જી સાથે કાવીલના ગવર્નરનો સંબંધ અતિ ગાઢ હોવાના સબબે તેણે મોહમ્મદશાહને કેટલાંક ગામડાં ખર્ચનિભાવ માટે આપી નજરકેદ કર્યો.[૨]

---

૧. 'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૪૮

૨. 'તબકાતે અકબરી', ભા૦૩, પૃ૦ ૩૮૫; 'ફરિશ્તા' ભા૦ ૪, પૃ૦ ૫૯૬, હૈદરાબાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



**મેદનીરાય:**—જે વખતે મોહાફિઝખાને સુલ્તાન મહમૂદને હાંકી કાઢી મોહમ્મદ બિન નાસિરુદ્દીન (સાહેબખાન)ને બાદશાહ બનાવ્યો હતો તે વખતે સલ્તનતની રાજદ્વારી વ્યક્તિઓમાં અણુરાગનાં બીજ રોપાયાં હતાં. તે વખતે હિંદુઓમાંથી મેદનીરાયે જોઈતી મદદ આપી; આથી તેની સાથેના સંબંધમાં વૃદ્ધિ થઈ. કિલ્લા ઉપર વિજય મેળવી તમામ હક્કદારોના પંજામાંથી બચી ગયા બાદ તેની સત્તા એટલે હદ સુધી વધી ગઈ કે સુલ્તાન મહમૂદને વઝીરાતનો હોદ્દો સોંપવો પડ્યો.

મેદનીરાયે મુસલમાનોમાં અણબનાવ અને સુલ્તાનમાં કૌશલ્યના અભાવનો અંદાજ કાઢી સલ્તનતનો પંડે કબજો લેવાનો દૃઢ નિશ્ચય કર્યો, અને અફઝલખાન અને ઇકબાલખાન નામના બે વક્કરવાળા અમીરોની તેણે કતલ કરાવી. આ જોઈ સિકંદરખાન પોતાની જાગીર ઉપર ચાલ્યો ગયો અને બીજા ઉમરાવોને મળી તેણે બળવો જગાવવાનો ઇરાદો કર્યો.

સુલ્તાન મહમૂદે ચન્દેરીના ગવર્નર બહજતખાનને તેમને શિક્ષા કરવા માટે લખ્યું. વરસાદનું બહાનું કાઢી તે ખસી ગયો, એટલે મનસૂરખાન નામના એક બીજા ઉમરાવને રવાના કરવામાં આવ્યો; પરંતુ રસ્તામાં તેને ખબર મળી કે હરીફ વધારે શક્તિમાન છે, આથી તેણે સહાયની માગણી કરી; પરંતુ મેદનીરાયે મદદ આપવાની મના કરી અને સખત ધમકી આપી, કારણ કે તેની મતલબ એ હતી: બંનેમાંથી ગમે તે એકની ખુવારી થતાં મુસલમાન ઉમરાવોની તાકાતમાં-થી એક ઓછો થશે. આ જોઈ મનસૂરખાન બહજતખાનને મળી ગયો.

સુલ્તાને મેદનીરાયને જંગી હાથી અને ફોજ આપી સિકંદરનો સામનો કરવાને મોકલ્યો. તે વિજયવંત થઈ પાછો ફર્યો. ત્યારપછી તેને માફી આપી જાગીર તરફ ફરીથી મોકલ્યો. આ પછી સુલ્તાને બહજતખાન ઉપર પણ દિલાસાનો પત્ર પાઠવી તેને નિશ્ચિંત કરવાની ઇચ્છા કરી; પરંતુ તેણે નાપસંદ કાગળ આપી જંગનો પાયો નાખ્યો. એક તરફ તેણે કાવીલથી સાહેબખાન મોહમ્મદ બિન નાસિ-રુદ્દીન ખલ્જીને બાદશાહ બનાવવા માટે બોલાવી લીધો: અને બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તરફ દિલ્હીના પાદશાહ સુલ્તાન સિકંદર લોદી પાસેથી એ શરતથી મદદ માગી કે વિજય બાદ તેના નામનો ખુત્બો તેમ જ સિક્કા ચાલુ કરવામાં આવશે.

મથુરાદાસે ચંદેરીથી પાછા ફરી સુલ્તાન મહમૂદની તમામ બાબતોની માહિતી આપી; આથી સુલ્તાન મહમૂદે મુખ્તસખાનને મહાન લશ્કર આપી સામનો કરવા માટે મોકલ્યો. હિ. સ. ૯૧૮ (ઈ. સ. ૧૫૧૨)ના ઝુલહજ્જ માસની ૧૫ મી તારીખે શાહજાદા મોહમ્મદ (સાહેબખાન) ચંદેરી પહોંચ્યો. બહજતખાન અને મનસૂરખાન સ્વાગત કરી તેને લાવ્યા અને તખ્તનશીન કર્યો. ત્યારપછી થોડા જ દિવસ બાદ માલૂમ પડ્યું કે સઈદખાન લોદી અને ઇમાદુલ્મુલ્ક એક મોટું લશ્કર લઈ બહજતખાનની કુમકે દિલ્હીના પાદશાહ સિકંદર લોદી તરફથી આવ્યા છે અને મુઝફ્ફરશાહ ગુજરાતી ફોજ સાથે ધાર સુધી આવી પહોંચ્યો છે, કારણ કે સાહેબખાન ગુજરાતમાંથી ચાલ્યો ગયો એવી ખબર તેને મળી હતી. હજુ સુધી તેનો ઇરાદો મક્કમ હતો. પોતે મોસમ અને સંજોગોની રાહ જોતો હતો; આથી તેણે મેદનીરાયના સામર્થ્યની વાત સાંભળી માળવા જવાનો નિશ્ચય કર્યો. પોતે મુલકની આંતરવ્યવસ્થા ચોક્કસ અને પાકી કરી માળવા તરફ કૂચ કરવાને અમદાવાદ આવ્યો. અમદાવાદ આવવાનું બીજું કારણ પવિત્ર પીરો પાસે દુઆ અને અધ્યાત્મ સહાયની માગણી કરવાનું હતું. એક અઠવાડિયું રહ્યા બાદ તે ગોધરા પહોંચ્યો. તેણે ત્યાં જંગની સામગ્રી અને ફોજની જમાવટ માટે કેટલાક દિવસ મુકામ રાખ્યો.

**ઇડરના રાજા સાથે યુદ્ધ:**—આ દરમિયાન તેને માલૂમ પડ્યું કે પાટણનો ગવર્નર અઈનુલ્મુલ્ક આ તરફ જ આવતો હતો. જ્યારે ઇડરના રાજાના હુમલા વિશે તેણે સાંભળ્યું ત્યારે તેને શિક્ષા કરવા માટે સત્વર તે તરફ ગયો. મોડાસા લૂંટી આગળ વધતો હતો તે દરમિયાન રાજાનું લશ્કર આવી પહોંચ્યું. બંને વચ્ચે મહાન યુદ્ધ થયું. મલેક અબ્દુલ્મુલ્ક તથા બંને સવારો શહીદ થયા. અઈનુલ્મુલ્ક નાસી છૂટી સુલ્તાન પાસે આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સુલ્તાન આ સાંભળી ઇડર તરફ રવાના થયો. મોડાસા પહોંચી, તેણે એક ફોજ ઇડર મોકલી. શાહી ફોજના આગમનની ખબર સાંભળી રાજા ગભરાઈ ગયો. સામનો કરવાની હિંમત નહિ હોવાથી તેણે કિલ્લો ખાલી કરી દીધો અને પંડે બિજાનગરના પહાડોમાં છુપાયો. શાહી ફોજ ઇડર પહોંચી ત્યારે કેવળ દસ આદમી સામનો કરવાને ઊભા હતા. તેઓની ઇચ્છા આત્મભોગ આપવાની હતી. શાહી ફોજે ઇડર લૂંટી તેનો વિનાશ કર્યો. આથી મલેક ગોપી(દાસ) મારફતે રાજાએ અત્યંત લાચારી જાહેર કરતો વિનંતીપત્ર મોકલ્યો કે અઈનુલ્મુલ્કની અદાવતથી આ સર્વ બન્યું છે; શરૂઆત મેં કરી ન હતી. (ચાંદીના) વીસ લાખ ટંકા અને એક સો ઘોડા નજરાણાં માટે હાજર છે. મલેક ગોપી અને બીજા વઝીરોની સિફારસને લઈને પાદશાહે તેનો સ્વીકાર કર્યો અને મલેક અઈનુલ્મુલ્કને માફી બક્ષી, જેથી કરી ફોજી તૈયારીમાં તેની પાસેથી તે સહાય લઈ શકે.

**માળવામાં સુલ્તાન મુઝફ્ફર:**—સુલ્તાન ઇડરથી ગોધરા પાછો ફર્યો. તેણે પોતાના વડા શાહજાદા સિકંદરને ચાંપાનેર રવાના કર્યો[1] અને પોતે દાહોદ ગયો. તેણે કૈસરખાનને દેવલાનો કબજો લેવાને મોકલ્યો જ્યાં સુલ્તાન ખલ્જીનું આધિપત્ય હતું. વળી તેનો

---

૧. 'મિરાતે સિકંદરી'માં જણાવવામાં આવ્યું છે કે મુઝફ્ફરશાહને આઠ પુત્રો અને બે પુત્રી હતાં. તેમાં સૌથી વડો સિકંદર હતો. તેનાથી નાનો બહાદુર, અને ત્યારપછી લતીફખાન હતો. ઘણું કરી તેણે આ જ 'મુઝફ્ફરશાહી'માંથી લીધું હશે, કારણ કે એમાં જણાવવામાં આવ્યું છે કે મુઝફ્ફરશાહે પોતાના પરિવારમાં સૌથી મોટા સિકંદરને અસલના પાદશાહોના રિવાજ મુજબ પોતાનો વારસ મુકરર કરી ચાંપાનેર મોકલી દીધો; પરંતુ 'ઝફરૂલવાલા'માં જણાવવામાં આવ્યું છે કે સિકંદર સૌથી નાનો પુત્ર હતો; જેમકે બહાદુરશાહે પોતાની જાગીરમાં ઝિયાદતીની દરખાસ્ત કરતી વખતે કહ્યું હતું કે કમમાં કમ નાના ભાઇ સિકંદરના જેટલી જાગીર તો મને મળવી જોઈએ ('ઝફરૂલવાલા', ભા. ૧, પૃ. ૧૨૧, લંડન). પરંતુ સિકંદરની મા બીબી રાણીના દબાણને લઈને બહુધા સુલ્તાન આ કબૂલ કરી શક્યો નહિ, જોકે એ પોતાના પરિવારમાં સર્વ કરતાં એટલું જ નહિ પણ સિકંદર કરતાં પણ વધારે વહાલો હતો ('ઝફરૂલવાલા', ભા૦ ૧, પૃ૦ ૧૨૨). વળી આગળ ચાલતાં 'ઝફરૂલવાલા'નો કર્તા લખે છે કે જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઇરાદો આગળ વધી, ધાર ઉપર પોતાની સત્તા કાયમ કરવાનો હતો; પરંતુ ધારના ગવર્નર પીર ખોકારીના પુત્ર ખિઝરે શાહ આગળ આવી આશ્રયની માગણી કરી.[૧] સુલ્તાને તે કબૂલ કરી. સાંત્વન માટે કવામુલ્મુલ્ક, ઇખ્તિયારુલ્મુલ્ક બિન ઇમાદુલ્મુલ્ક, બહાનેક બખ્ત અને કતલઘખાનને તેની સાથે મોકલ્યા. તેજ જગ્યાએ સુલ્તાન મુઝફ્ફર આગળ કવામુલ્મુલ્ક મલેક સારંગે ધારના આહુખાન (હરણને રાખવાની જગ્યા)ની બહુ જ પ્રશંસા કરી, તે એટલે સુધી કે પાદશાહ પણ ખુશ ખુશ થઈ ગયો, અને લશ્કરની દેખરેખ માટે કવામુલ્મુલ્કને મૂકી પંડે ૨૦૦૦ સવાર અને ૧૫૦ હાથી સાથે ધાર તરફ રવાના થયો. જ્યારે તે નજીક પહોંચ્યો ત્યારે પાછલા પહોરના સમયે શેખ અબ્દુલ્લા ચુંગાલ અને શેખ કમાલુદ્દીન માલવીની કબરોની જગ્યા ઉપર ફાતેહાખાની માટે ગયો. બીજે દિવસે સવારે નિઝામુલ્મુલ્ક, રઝી-ઉલ્મુલ્ક, ઇખ્તિયારમુલ્ક, મલેક ચમન મોહાફિઝખાન અને સૈફખાનને હુકમ કર્યો કે દિલાવરા હરણવાડો જોઈ આવવો, જેથી તે કેવો છે એ બાબતની માહિતી મળે. પાદશાહ ધારનો હરણવાડો નિહાળવામાં મશગૂલ થઈ ગયો, મોડું થયું અને ઉમરાવો પાછા ન ફર્યા, ત્યારે સુલ્તાન મુઝફ્ફર પંડે દિલાવર પહોંચ્યો, ત્યાં પણ કોઈ ઉમરાવ સાથે

---

મૃત્યુનો કાળ પાસે આવ્યો ત્યારે સિકંદર જે તેમના પરિવારમાં સાતમો પુત્ર હતો તેને બોલાવીને તેણે રાજવારસ તરીકે મુકરર કર્યો અને તેને ભાઈઓ સાથે સારી વર્તણૂક રાખવા માટે શિખામણ આપી. ( 'ઝફરૂલ-વાલા,' ભા૦ ૧, પૃ ૧૨૯. )

'મુઝફ્ફરશાહી'નો કર્તા પ્રત્યક્ષ સાક્ષી હતો, અને 'ઝફરૂલવાલા' ઘણું કરીને 'તબકાતે બહાદુરશાહી'માંથી લે છે અને 'તબકાતે બહાદુરશાહી'નો કર્તા પણ પ્રત્યક્ષ સાક્ષી છે. આથી આ બંનેનાં બયાનોનો ફેંસલો કરવો મુશ્કેલ છે; પરંતુ અટકળ કરી શકાય કે સામાન્ય રીતે શાહજાદાઓનાં પહેલાં લગ્ન શાહી ખાનદાનમાં થાય છે. મહમૂદ બેગડાની મા સિંધની શાહજાદી હતી અને મહમૂદના જમાનામાં સિંધના બાદશાહો સાથે તેનો સંબંધ બહુ મજબૂત હતો; આથી કહી શકાય કે મુઝફ્ફરનું પહેલું લગ્ન સિંધની શાહજાદી સાથે થયું હશે અને સિકંદર તેનો પહેલો પુત્ર હશે.

૧. 'ઝફરૂલવાલા', ભા૦ ૧, પૃ. ૧૦૦, લંડન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મુલાકાત થઈ નહિ. તલાશ કરતાં અલપખાને ( કે ઉલુગખાને[૧]) કહ્યું નિઝામુલ્મુલ્કનો એક ભાઈ નામે રાયસિંગ નાલચામાં રહે છે. ઘણું કરીને તે તેને મળવા ગયો હશે.

સૂર્યાસ્ત બાદ કામિયાબી હાંસલ કરી નિઝામુલ્મુલ્ક પાછા આવ્યાની ખબર પાદશાહને મળી. તેણે હેરતમન્દ થઈ સર્વ હકીકત પૂછી. ત્યારે તેને માલૂમ પડયું કે નાલચાથી પાછા ફરતાં કેટલાંક માણસોએ કિલ્લા ઉપરથી ઊતરી નિઝામુલ્મુલ્ક સાથે જંગ ખેલ્યો હતો. પરંતુ આખરે તેઓનો પરાજય થયો. તેમાં આસરે ચાલીસ આદમી માર્યા ગયા અને બાકીના નાસી છૂટયા.[૨]

પાદશાહ આ સાંભળી ક્રોધાયમાન થયો અને તેણે નિઝામુલ્મુલ્ક માટે અપશબ્દો વાપર્યા. તેણે કહ્યું કે મારી પરવાનગી સિવાય તમે શા માટે ચાલ્યા ગયા? કિલ્લામાંના માણસો સાથે શા માટે તમે લડાઈ કરી? શું તમે નથી જાણતા કે કુદરતી ધારો છે કે જબરો નબળાને હરાવે અને જો તેથી ઊલટું થાય તો ફક્ત ખુદાના હુકમથી જ થાય છે? જો તમારી નાની ફોજનો પરાજય થયો હોત તો કેવો ગજબ થયો હોત?

આ વખતે ઉપરાઉપરી એને ખબર મળી કે મોહમ્મદ બિન નાસિરુદ્દીન અર્થાત્ સાહેબખાને, ખાનજહાન સાથે ચંદેરી કિલ્લાનો કબજો લઈ લીધો છે. ત્યારપછી બીજી ખબર આવી કે સુલ્તાન મહમૂદ ખલ્જી મેદનીરાય સાથે ગેરમુસ્લિમોની ફોજ લઈ ચન્દેરી સામનો કરવા માટે ગયો છે. વળી તેના સાંભળવામાં આવ્યું કે સાહેબખાને સુલ્તાન સિકંદર લોદી પાસેથી જે સહાય માગી હતી તે સૈયદખાન અને ઈમાદુલ્મુલ્કની સરદારી નીચે આવી ગઈ છે અને ચંદેરીથી પાંચ કોસ ઉપર તે ફોજે પડાવ નાખ્યો છે.

**મુઝફ્ફરશાહનું પાછું ફરવું :**—આ વાત સાંભળી સુલ્તાન મુઝફ્ફરશાહે કહ્યું કે હું માળવા એ ઇરાદાથી આવ્યો હતો કે સુલ્તાન

---

૧. 'બહાદુરશાહી'માં ઉલુગખાન છે.

૨. 'તબકાતે અકબરી', ભા૦ ૩, પૃ૦ ૧૭૭, કલકત્તા. 'ઝફરુલવાલા', ભા૦ ૧, પૃ૦ ૧૦૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મહમૂદને ગેરમુસ્લિમોના ઘેરામાંથી આઝાદ કરી માળવાનો મુલક તે અને તેના ભાઈ મોહમ્મદ બિન નાસિરુદ્દીન વચ્ચે અર્ધો અર્ધો વહેંચી આપું. પરંતુ મહમૂદ ખલ્જી વિશેની પરિસ્થિતિ એવી છે કે તે પોતે રજપૂતો(પૂરબિયા)ને સાથે લઈ ભાઈ સાથે રણસંગ્રામે ચઢવા ગયો છે અને મોહમ્મદ ખલ્જીએ હિંદના પાદશાહ પાસેથી કુમકની માગણી કરી છે; આથી તેને મારી મદદની જરૂર નથી. ત્યારપછી તેણે ફોજને કૂચ કરવાનું ફરમાન આપ્યું અને કેટલાક દિવસ બાદ તે ચાંપાનેર પાછો આવી પહોંચ્યો.

એ શત્રુઓ વચ્ચે સપડાઈ જવાથી સુલ્તાન મહમૂદ ખિલ્જી ભારે વિંટમણામાં ગૂંચવાયો હતો; પરંતુ તરત જ તેને ખબર મળી કે મુઝફ્ફરશાહ ગુજરાતી માળવાથી કૂચ કરી ગયો છે. વળી દિલ્હીના સુલ્તાન સિકંદરની ફોજ ફરીથી ચાલી ગઈ, કારણ કે બહજતખાને વાયદો કર્યા મુજબ સિકંદરખાનના નામનો ખુત્બો અને સિક્કા જારી કર્યા નહોતા. પરિણામે મહમૂદ ખિલ્જીની હિમ્મતમાં વૃદ્ધિ થઈ. તેણે અજબ વીરતા વાપરી ચંદેરી ઉપર હુમલો કરી વિજય મેળવ્યો. ખાનજહાન માર્યો ગયો અને બીજા બળવાખોર ઉમરાવોએ માફી માગી લીધી. સાહેબખાનને પણ જાગીર આપી ખુશ કરવામાં આવ્યો. પરંતુ લાંબો સમય પસાર થાય તે પહેલાં લોકોએ બહજતખાન માટે સાહેબખાનમાં અવિશ્વાસ પેદા કર્યો. આથી સાહેબખાન બીકનો માર્યો દિલ્હી નાસી છૂટ્યો અને સુલ્તાન મહમૂદ ખલ્જીએ અતિ ઠંડે કલેજે મંડૂ પાટનગરમાં ફરીથી પ્રવેશ કર્યો.

**ફિરિશ્તાની ગેરસમજ:**–ફિરિશ્તાએ લખ્યું છે કે સુલ્તાન મહમૂદ ખલ્જી જ્યારે ગુજરાતી ફોજ અને દુશ્મન ઉમરાવોના ઘેરામાં સપડાઈ ગયો ત્યારે મેદનીરાયે દરેક ફોજ સામે એક એક સૈન્ય મોકલ્યું અને ગુજરાતી ફોજની એક ટુકડીનો રજપૂતોએ પરાજય કર્યો. સુલ્તાન મુઝફ્ફર આ હારને અપશુકન ગણી માળવાના લોકો તરફ હમદર્દી બતાવી પાછો ફર્યો.[૧]

૧. 'ફિરિશ્તા,' પૃ. ૪૧૮.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આગળ ચાલતાં તે મુઝફ્ફરશાહ વિશે લખે છે કે નિઝામુલ્મુલ્કે દિલાવરાથી નીકળી નાલચામાં પ્રવેશ કર્યો. પાછા ફરતી વખતે પૂરબિયા રજપૂતોની એક ટુકડીએ આવી લશ્કરમાંનાં પાછળ રહેલાં માણસોને નુકસાન પહોંચાડયું.

આ બંને ઉલ્લેખો ઉપરથી જણાય છે કે ગુજરાતી ફોજને અથવા તો તેના અમુક ભાગને પરાજય મળ્યો હશે. અને આ જ કારણથી સુલ્તાન મુઝફ્ફર બને તેટલી ઉતાવળથી માળવાથી ગુજરાત ચાલ્યો આવ્યો હતો. વળી આ બંને બાબતોમાં અસત્ય માલૂમ પડે છે, કારણ કે ખુદ ફરિશ્તા સુલ્તાન મુઝફ્ફર વિશે લખે છે કે પાદશાહે ફરમાન બહાર પાડયું કે આ સફર કરવાનો અસલ ઇરાદો એ હતો કે સુલ્તાન મહમૂદને પૂરબિયા રજપૂતોના પંજામાંથી બચાવી માળવાનો મુલક બંને ભાઈઓ વચ્ચે વહેંચી આપવો; પરંતુ મહમૂદ પંડે તે ક્રૂર પૂરબિયાને સાથે લઈ ચંદેરી ગયો છે. આ વસ્તુસ્થિતિ હોવા છતાં આ મુલકમાં પ્રવેશ કરવો મનુષ્યત્વની વિરુદ્ધ છે.[૧]

'મિરાતે સિકંદરી'માં જણાવવામાં આવ્યું છે કે પાદશાહે કહ્યું કે તે મુલકમાં જઈ માળવાનો કબ્જો લેવાનો મારો ઇરાદો નથી, કારણ કે અહીંનો બાદશાહ પણ મુસલમાન છે; મારી અસલ ઇચ્છા મેદનીરાય ( અને બીજા પૂરબિયા રજપૂતો )ને ત્યાંથી ખસેડી બંને ભાઈઓ વચ્ચે સુલેહ કરવાની હતી, પરંતુ અત્યારે તો મહમૂદ આગળ લડાઈ આવી પડી; એનો અંજામ શું આવશે તે હું જોઉં છું; તે વખતે જે વાસ્તવિક હશે તે પ્રમાણે વર્તન કરવામાં આવશે.[૨] આગળ ચાલતાં જણાવવામાં આવ્યું છે કે નિઝામુલ્મુલ્ક સૂર્યાસ્ત થયા બાદ નાલચાથી પાછો આવ્યો અને વિજયની ખુશખબર કરી. પાદશાહે હેરતપૂર્વક સવાલ કર્યો કે ફતેહ કેવી ? તેણે જવાબ આપ્યો કે પાછા ફરતાં કિલ્લા ઉપરથી ઊતરી કેટલાક પૂરબિયા રજપૂતોએ હુમલો કર્યો જેનો જવાબ બહુ જ કડક આપવામાં આવ્યો. શત્રુના ચાલીસ આદમી માર્યા ગયા અને બાકીના નાસી છૂટ્યા. પાદશાહ આ

---

૧. 'ફરિશ્તા,' પૃ. ૪૧૮.
૨. 'મિરાતે સિકંદરી,' પૃ. ૧૪૩–૪૪, મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સાંભળી અતિ નારાજ થયો અને કહ્યું કે તમારી હાર થઈ હોત તો તમારી કેવી બદનામી થાત? ત્યાર પછી પાદશાહ ધારથી ગુજરાત પાછો આવ્યો.

નિઝામુદ્દીન અહમદ લખે છે કે 'આ ફોજ લઈ જવાનું અસલ કારણ એ હતું કે ક્રૂર પૂરબિયાઓને હાંકી કાઢી મુલકને બે ભાગમાં વહેંચી મહમૂદ અને સાહેબખાનને એકેક હિસ્સો હવાલે કરવો. હવે તે બળવાખોર અમીરોને દાબી દેવાને જાલિમ રજપૂતોને સાથે લઈ ગયો છે, ત્યારે તેના મુલકમાં પ્રવેશ કરવો એ મનુષ્યત્વ અને બહાદુરીનો અભાવ સૂચવે છે.' ત્યારપછી આગળ ચાલતાં તે લખે છે કે 'નિઝામુલ્મુલ્ક દિલાવરથી નાલચા ગયો અને પાછા ફરતી વખતે પૂરબિયાઓની એક ટુકડીએ તેનો કંઈક અવરોધ કર્યો જેની સજા તેને ભોગવવી પડી.'[૧]

ત્યારપછી માળવાના સંબંધમાં તે લખે છે કે નિઝામુલ્મુલ્ક સુલ્તાનીને તેણે એક મહાન ફોજ આપી નાલચા મોકલ્યો. વળતી વેળા કિલ્લા ઉપરથી એક ટુકડીએ ઊતરી લૂંટમાર ચલાવી. નિઝામુલ્મુલ્કે પાછા ફરીને હુમલો કર્યો. તેમાં કેટલાક માર્યા ગયા અને બાકીના નાસી છૂટી કિલ્લામાં ઘૂસી ગયા.[૨]

'ઝફરૂલવાલા'માં જણાવવામાં આવ્યું છે કે સુલ્તાન મુઝફ્ફરે તેના અમીરોને કહ્યું કે મારી આ સફર માત્ર એટલા જ માટે હતી કે મહમૂદને ગેરમુસ્લિમોના પંજામાંથી બચાવી બંને ભાઈઓ વચ્ચે સુલેહ કરાવી દઉં; પરંતુ સાહેબખાને દિલ્હીથી મદદ મંગાવી એટલે હવે મારી કંઈ જરૂર રહી નહિ. તેથી તેણે તમામ ઉમરાવોને પાછા ફરવાનું ફરમાન આપ્યું.[૩]

હુસામખાન પોતે જ આ જંગમાં સુલ્તાન સાથે હાજર હતો. તેણે 'બહાદુરશાહી'માં લખ્યું છે કે સવારમાં સુલ્તાને કેટલાક ઉમરાવોને

---

૧. 'તબકાતે અકબરી,' ભા૦ ૨, પૃ. ૧૭૭.
૨. 'તબકાતે અકબરી,' ભાગ ૩, પૃ. ૩૮૯, કલકત્તા
૩. 'ઝફરૂલવાલા', ભાગ. ૧, પૃ. ૧૦૦, લંડન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દિલાવરા અને હરણુવાડા તરફ જવાનો હુકમ કર્યો, જેથી ત્યાંની પરિસ્થિતિથી વાકેફ થઈ તેઓ સંધ્યાકાળ પહેલાં આવી પહોંચે. તે પંડે ધાર ચાલ્યો ગયો. ત્યાંનો હરણુવાડો નિહાળી પાછો ફર્યો ત્યારે તેને માલૂમ પડ્યું કે ઉમરાવો હજુ આવ્યા ન હતા, એટલે તે જાતે દિલાવરા ગયો; પરંતુ તેઓ તેને ત્યાં પણ મળ્યા નહિ. તલાશ કરતાં ઉલુગખાને કહ્યું કે નિઝામુલ્મુલ્કનો એક ભાઈ રાયસિંગ નાલચામાં રહે છે; ત્યાં તે તેને મળવાને ગયો છે. સુલ્તાન દિલાવરાનો પ્રવાસ કરી ધાર પાછો આવ્યો, ત્યાં રાત્રે લોકોએ તેને નિઝામુલ્મુલ્કના વિજયની ખબર કહી. નિઝામુલ્મુલ્કે દરબારમાં હાજર થઈ કહ્યું કે હું નાલચા જતો હતો તે વખતે કિલ્લાની ફોજે પાછળથી આવી હુમલો કર્યો; આપણા શૂરવીરોએ પણ બુલન્દ અવાજ કરી સામનો કર્યો; શત્રુના ચાલીસથી વધારે આદમી માર્યા ગયા અને બાકીના ત્યાંથી નાસી છૂટી કિલ્લામાં ઘૂસી ગયા. આ સાંભળી પાદશાહ બહુ જ નારાજ થયો, અને કહ્યું કે નિયમ છે કે જબરો નબળાને હરાવે અને તેનાથી ઊલટું થાય તો તે કેવળ ખુદાના ફરમાનથી જ થાય છે; તેથી આવી હિંમ્મત કદી ફરીથી કરવી નહિ.[1]

આ તમામ બયાનો નજર આગળ રાખતાં 'ફરિસ્તા'નું લખાણ કેટલે અંશે અસત્ય છે તે માલૂમ પડે છે. પ્રથમ તો ગુજરાતી ફોજે કોઈ ઉપર હુમલો કર્યો જ નહોતો. વળી ધારના કિલ્લામાંની ફોજે જે હુમલો કર્યો હતો તેનો ગુજરાતીઓએ પરાજય કર્યો હતો.

**ઇડરની લડાઈ**:—હિ. સ. ૯૨૧ (ઈ. સ. ૧૫૧૫)ના શબ્બાલ મહિનામાં ઇડરનો રાજા રાયભીમ (રાયભાનનો પુત્ર) મરણ પામ્યો અને તેનો પુત્ર ભારમલ તખ્તનશીન થયો. પરંતુ સૂરજમલનો પુત્ર રાયમલ જે રાજા સાંગાનો[2] જમાઈ થતો હતો તેણે ગાદી માટે દાવો કર્યો. રાજા સાંગાએ પોતાના સામર્થ્યને લઈને ભારમલને લઈને હાંકી કાઢી રાયમલને રાજ્યાસન ઉપર બેસાડ્યો. ભારમલે સુલ્તાન મુઝફ્ફર પાસેથી

૧. 'તબકાતે બહાદુરશાહી' અને 'ઝફરૂલવાલા' ભા. ૧, પૃ. ૧૦૦ના આધાર ઉપરથી

૨. ભારમલ બિન રાયભીમનો પિત્રાઈ ભાઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સહાયની માગણી કરી. સુલ્તાને રાયમલને ઉઠાડી મૂકી ઇડર ભારમલને સોંપવાનો હુકમ નિઝામુદ્દીનને કર્યો. તેણે પોતે અહમદનગર તરફ પ્રયાણ કર્યું. નિઝામુલ્મુલ્કને ભારમલ રસ્તામાં મળ્યો. બંને સુલ્તાન આગળ હાજર થયા. સુલ્તાન મુઝફ્ફર નિઝામુલ્મુલ્ક અને ખુદાવન્દખાનને લશ્કર સુપ્રત કરી પાટણ (નહરવાળા) ચાલ્યો ગયો. ત્યાં તેણે વિદ્વાનો, સૂફીઓ અને સામાન્ય શહેરીઓ તરફ કૃપાદષ્ટિ બતાવી ખુશ કર્યા. પાછા મળ્યા બાદ ભારમલને તેણે નિઝામુલ્મુલ્કની હિમાયતમાં રાખ્યો. તેનો ઇરાદો ઇડર ફરીથી તેને હવાલે કરાવવાનો હતો. નિઝામુલ્મુલ્કે રાયમલ પાસેથી ઇડર લઈ ભારમલને સોંપ્યું. રાયમલની પૂંઠ પકડી તેને બિજાનગર પહાડ સુધી પહોંચાડ્યો. જ્યાં રાયમલે આશ્રય લીધો ત્યાં ભયંકર યુદ્ધ થયું અને બંને તરફના કેટલાય આદમી માર્યા ગયા. જ્યારે સુલ્તાનને આ બાબતની ખબર થઈ ત્યારે પાછા ફરવાનો હુકમ કરતાં જણાવ્યું કે અસલ મતલબ બર આવ્યા બાદ લડવૈયાઓની કતલ કરાવવામાં શો ફાયદો? નિઝામુલ્મુલ્કના આવ્યા બાદ અહમદનગરની હકૂમત તેને સુપ્રત કરવામાં આવી.

**શાહજાદાઓનાં લગ્ન:**—નિઝામુલ્મુલ્કના પાછા આવ્યા બાદ સુલ્તાન અમદાવાદ આવ્યો. તેણે ત્રણે શાહઝાદાઓ નામે સિકંદર, બહાદુરખાન અને લતીફખાનનો લગ્નપ્રસંગ ઉજવવા માટે એક મેળાવડો કર્યો. તેમાં તેણે તેના માનીતાઓને અને રાજ્યના ઉમરાવોને ખિલાત, ઘોડા તેમ જ રોકડ નાણાં પણ બક્ષિસમાં આપ્યાં.[૧] ચોમાસા બાદ સુલ્તાને ઇડર તરફ શિકાર કરવાના ઇરાદાથી પ્રયાણ કર્યું. નિઝામુલ્મુલ્ક લકવાની બિમારીમાં સપડાઈ પડ્યો હતો તેથી સારવાર માટે ત્યાં મૂકી પંડે હિ. સ. ૯૨૩ (ઈ. સ. ૧૫૧૭)ની શરૂઆતમાં ચાંપાનેર ચાલ્યો ગયો. ત્યાંથી નુસ્રતુલ્મુલ્ક ભીલમને ઇડર મોકલ્યો અને નિઝામુલ્મુલ્કને દરબારમાં બોલાવ્યો. નિઝામુલ્મુલ્કને ઝહીરુલ્મુલ્કને એક સો સવાર સાથે ઇડરના સંરક્ષણ અર્થે મૂકી નુસ્રતુલ્મુલ્કના આગમન પહેલાં જ ચાંપાનેર તરફ રવાના થયો હતો. ભૂલના ભોગરૂપે નતીજો એ આવ્યો કે રાયમલે બિજાનગરથી આવી ઇડર ઉપર

૧. 'તબકાતે અકબરી', ભા. ૩, પૃ. ૧૭૯, કલકત્તા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હુમલો કર્યો. ઝહીરુલ્મુલ્કે પણ આખો દિવસ સખત સામનો કર્યો. સો સવારોમાંથી તેમનો કાકો તથા બીજા ૨૭ આદમી સાથે તે મરણ પામ્યો.[1] જ્યારે આ ખબર પાદશાહને પહોંચી ત્યારે નુસ્રતુલ્મુલ્કને બિજાનગરના પહાડોમાંથી હરામખોરોને હાંકી કાઢવાનો હુકમ કર્યો.

**મેદનીરાયનો જુલ્મઃ**–હવે માળવામાં એવું બન્યું કે મેદનીરાયે (જેણે હવે વજીરાત પણ હાંસલ કરી લીધી હતી) જોયું કે સલ્તનતનો ગુલાબ તમામ કાંટાથી આઝાદ થઈ ગયો છે ત્યારે રફ્તે રફ્તે તેણે સર્વ મુસલમાન ઉમરાવો અને લાગવગ ધરાવતી વ્યક્તિઓનું નિકંદન કરવાનું કામ શરૂ કર્યું અને શાહી નોકરીમાંથી હરેક મુસલમાનને બરતરફ કરી ખાલી પડેલી જગ્યાઓમાં રજપૂતોને ગોઠવ્યા; તે એટલે સુધી કે સુલ્તાન મહમૂદને પાણી આપનાર પણ રજપૂત હતો. તેણે પોતે રજપૂતોનું એક જબરદસ્ત સૈન્ય તૈયાર કર્યું જેની સંખ્યા ચાલીસ હજાર જેટલી હતી. હવે સુલ્તાન મહમૂદ એક રીતે મેદનીરાયના કબજામાં શાહી કેદી તરીકે જિંદગી ગુજારતો હતો. એ એટલો બધો કંટાળી ગયો કે માળવાથી નાસી છૂટવાનો તેણે મક્કમ ઇરાદો કર્યો.

હિ. સ. ૯૨૩ (ઇ. સ. ૧૫૧૭)માં મેદનીરાયના બેહદ સીતમથી હરેક મુસલમાન કાંપતો હતો; એટલે સુધી કે વિદ્વાનો, સૂફીઓ અને ગવર્નરોએ એક પછી એક હિજરત કરવા માંડી. શેખ (ચાંદ)[2] જેની ગણતરી તે જમાનાના ઉત્તમ મહાપુરુષોમાં થતી હતી તે તથા ઇસ્તાનગરના કમિશ્નર હબીબખાન એ બંને ત્યાંથી ભાગી જઈ ગુજરાત આવ્યા અને મુઝફ્ફરશાહ પાસે જઈ મેદનીરાયથી ત્રાસી ગયેલા લોકો વિશે ફરિયાદ કરી.

---

૧. પરંતુ 'ઝફરૂલવાલા' ભા. ૧, પૃ. ૧૦૨માં જણાવવામાં આવ્યું છે કે રાજાની ફોજ હજારોની સંખ્યામાં હતી; તેની ઇચ્છા ઝહીરુલ્મુલ્કનો પરાજય કરવાની હતી, પરંતુ તેમાં તે ફતેહ પામ્યો નહિ. તેના બંને કાકાઓ અને વીસ આદમી માર્યા ગયા. આખો દિવસ જંગ ખેલ્યા બાદ સંધ્યાકાળે તે પાછો આવ્યો. આ ખબર અહમદનગર આવી ત્યારે નુસ્રતુલ્મુલ્ક સાંજ સુધીમાં ઇડર આવ્યો.

૨. 'તબકાતે અકબરી' અને 'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૪૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સુલ્તાન મુઝફ્ફરને આ સાંભળી બહુ જ લાગી આવ્યું અને તેણે માળવા મુલકને આ સિતમગારોના જુલ્મથી બચાવવાનો દૃઢ નિશ્ચય કર્યો. તેણે ફોજની જમાવટ માટે ફરમાન આપ્યું. ટૂંક સમયમાં તે રવાના થવાનો હતો, એટલામાં તેને ખબર મળી કે સુલ્તાન મહમૂદ ખલજી ગુજરાત આવ્યો છે.

**મહમૂદ ખલજીનું ગુજરાતમાં આગમન:**—બન્યું એવું કે જે રજપૂતોને લઈને મેદનીરાયે સુલ્તાન ઉપર ફતેહ મેળવી હતી તેમનાથી સુલ્તાન મહમૂદ ખલજી બેહદ કંટાળી ગયો હતો. તેથી તેણે માળવાથી ભાગી જવાનો ઇરાદો પોતાના કૃષ્ણ નામના ( ખરલ કસ્બાના વતની ) એક વિશ્વાસુ નોકર આગળ જાહેર કર્યો. તે ઘોડારનો દરોગો હતો.[1] તેણે નોકરને કહ્યું કે કાલે મારે શિકાર કરવા માટે જવું છે, માટે તારે બે ઘોડા રાત્રે તૈયાર રાખવા. બીજે દિવસે તે શિકાર માટે બહાર નીકળ્યો. તે સૂર્યોદયથી સૂર્યાસ્ત પર્યંત શિકારમાં એટલો મશગૂલ રહ્યો કે તેના રજપૂત અંગરક્ષકો થાકીને ચૂર થઈ ગયા. તેઓ પોતાના નિવાસગૃહમાં પહોંચતાં વેંત પ્રાણપથારીને વશ થઈ ગયા. મોડી રાત્રે દરોગાએ ખબર આપી કે ઘોડા હાજર છે. પાદશાહ પોતાની વહાલી રાણી 'કન્યા' જોડે લશ્કર લઈ બહાર આવ્યો. ત્રણેએ ઘોડા ઉપર સવાર થઈ ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

**ગુજરાતની સરહદ:**—જ્યારે તે દાહોદ ( ગુજરાતની સરહદ ઉપર ) પહોંચ્યો ત્યારે ભકોર નામનો પટેલ હાજર થયો. તેણે તેનો આદરસત્કાર કરી તેને એક સુંદર સ્થાને ઉતારો આપ્યો. વળી તેણે સત્વર એક કાસદને મોકલી નિઝામુલ્મુલ્કને સવિસ્તર માહિતી આપી, કારણ કે આ ઇલાકો તેની જાગીરમાં હતો. નિઝામુલ્મુલ્કે પાદશાહને આ વાત કરી. પાદશાહે નિઝામુલ્મુલ્કને તાબડતોડ તમામ આવશ્યક શાહી સામાન લઈ ત્યાં જઈ દરેક બાબતની વ્યવસ્થા કરવાનો હુકમ કર્યો. નિઝામુલ્મુલ્કે તમામ જરૂરી ચીજો લઈ એક આદમીને મોકલ્યો અને પાછળથી તે પોતે પણ ગયો.

---

૧. 'ઝફરૂલવાલા', પૃ૦ ૧૦૨, અને 'મિરાતે સિકંદરી', પૃ૦ ૧૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ જ યુદ્ધનું વર્ણન આ કિતાબમાં કરવામાં આવ્યું છે અને અહીં મારી કહેવાની બાબતોની મર્યાદા છે; પરંતુ ઐતિહાસિક અંકોડા કાયમ રાખવાના ખ્યાલથી સુલ્તાન મુઝફ્ફરના ટૂંક જીવનચરિત્રની પણ નોંધ લઉં છું.

સુલ્તાન મુઝફ્ફર માળવા ઉપર વિજય મેળવી પાછો ફર્યો ત્યારે તેણે કેટલાક દિવસ ચાંપાનેરમાં ગાળ્યા. આજુબાજુના લોકો તેને અભિનંદન આપવા આવ્યા. પાદશાહે પણ મોભાના પ્રમાણમાં સર્વેને બક્ષિસથી ન્યાલ કર્યા. આ દરમિયાન ખબર આવી કે ઇડરના રાજાએ શાહી મુલકો ઉપર પોતાનો કબજો જમાવ્યો છે. વરસાદને લઈને તે વખતે તે શાંત રહ્યો હતો; પરંતુ ચોમાસું પૂરું થયા બાદ હિ. સ. ૯૨૫ ( ઈ. સ. ૧૫૧૯ )માં ઇડરના રાજા રાયમલ ઉપર તે વેર લેવા નીકળ્યો. પ્રથમ તો તેણે રાજા પાલ ઉદેસિંગની ખબર લીધી જે પણ આ કામમાં શામેલ હતો. ત્યારપછી ઇડર પહોંચી કેટલાક દિવસ ત્યાં તમામ બાબતો વ્યવસ્થિત તથા ચોક્કસ કરી તે ચાંપાનેર ગયો.

**ખલજીની રાજા સાંગા સાથે લડાઈ:**—આ દરમિયાન એને ખબર મળી કે આસફખાન ગુજરાતી સાથે સુલ્તાન મહમૂદ ખલ્જી કાકરૂન કિલ્લો જીતવાને ગયો હતો; પરંતુ રાજા સાંગાની સહાયથી કિલ્લાના રાજા ભીમ કરણ પૂરબિયાએ તેને સખત હાર આપી. આસફખાનનો પુત્ર માર્યો ગયો અને મહમૂદને પણ જખ્મી સ્થિતિમાં ગિરફતાર કરવામાં આવ્યો. આ સાંભળી સુલ્તાન મુઝફ્ફરશાહે અતિ અફસોસ કર્યો. તેણે થોડા સરદાર તેને આરામ આપવાને માળવા મોકલ્યા અને પંડે શિકાર કરવાને ઇડર ગયો.

**રાજા સાંગાનો ઇડર પર હુમલો:**—હિ. સ. ૧૫૧૮ (ઈ. સ ૯૨૫) સુલ્તાન મુઝફ્ફર ચાંપાનેરથી ઇડર શિકાર માટે ગયો અને નુસ્રતુલ્મુલ્કની જગ્યાએ મલેક હુસેન ભટ્ટીને હકૂમત સુપ્રત કરી. ત્યારપછી અમદાવાદ પાછા આવતાંની સાથે જ વજીરોએ આ નિર્ણય તરફ નાપસંદગી દર્શાવી. સુલ્તાને કહ્યું કે મેં તમારા સર્વમાંથી નિષ્ણાતની નિમણુક કરી છે; હવે ગભરાટ કરવો નિરુપયોગી છે. આ શબ્દો સાંભળી વજીરો અને ઉમરાવો નારાજ થયા. તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મલેક હુસેનની અપકીર્તિ કરવાની કોશિશ કરવા લાગ્યા. હિ. સ. ૯૨૬ (ઈ. સ. ૧૫૧૯)માં મલેક હુસેન (નિઝામખાન મુબારિઝુલ્મુલ્ક) પાસે એક દારૂ વેચનાર કવિ ગયો.[1] તે કહેવા લાગ્યો કે આજ-કાલ તમામ હિંદુસ્તાનમાં રાજા સાંગાથી વધે એવો બીજો સત્તા-વાળો રાજા કોઈ નથી. તે રાયમલનો હિમાયતી છે. તમારું દિલ ચાહે ત્યાં સુધી અહીં રહો, પરંતુ રાયમલના હાથમાંથી ઇડર જવાનું નથી. નિઝામખાને કહ્યું કે કયા કૂતરામાં રાયમલને આશ્રય આપ-વાની શક્તિ છે? જો તે મર્દ હોય તો શા માટે આવતો નથી? હું તો અહીં બેઠો છું. દારૂ વેચનારે કહ્યું: હા તે આપશે. તેણે કહ્યું કે જો તે ન આવે તો તે કૂતરો છે. આ બાબતમાં તે એટલે હદ સુધી ક્રોધાયમાન થયો કે તેણે એક કૂતરાને મંગાવી સામે બંધાવ્યો, અને કહ્યું કે જો તે ન આવે તો તે આ કૂતરા સમાન છે. દારૂ વેચનાર તે જ વખતે રાજા સાંગા પાસે ગયો અને તમામ વાત કહી સંભ-ળાવી. સાંગો સાપની માફક અમળાઈને ઊઠ્યો અને તેણે ચાલીસ હજારની ફોજ લઈ પ્રયાણ કર્યું. બાગળમાં તે પહોંચ્યો ત્યારે નિઝામ-ખાનને માહિતી મળી. તેણે તરત જ સહાય માટે એક વિનંતીપત્ર સુલ્તાન ઉપર લખ્યો; પરંતુ વજીરોએ માત્ર અદાવતને લઈને આપ્યો નહિ.

નિઝામખાન મુબારિઝુલ્મુલ્કે તેનો મુકાબલો કરવાનો પાકો નિશ્ચય કર્યો હતો; પરંતુ તેના ખાસ મિત્રોએ માન્યું નહિ અને કહ્યું કે આપણી પાસે ફક્ત ૯૦૦ સવાર છે, એટલે ચાલીસ હજારના સૈન્યનો કેવી રીતે સામનો કરી શકાય? વળી યુદ્ધમાં ઝંપલાવ્યા બાદ હાર ખાવાથી બદનામી થશે. આખરે મુબારિઝુલ્મુલ્ક એક વાતથી મહામુશ્કેલીએ રાજી થયો કે તમામ લોકોએ ઇડર છોડી અહમદનગર જવું અને કૂમક આવે ત્યાંસુધી કિલ્લામાં રહી યુદ્ધ કરવું. આ નિર્ણય મુજબ તે અહમદનગર તરફ ચાલ્યો ગયો; પરંતુ મુબારિઝુલ્મુલ્કની જાણબહાર સો સવારો માત્ર શહીદ થવાનો નિશ્ચય કરી ત્યાં રહ્યા હતા. તેમનો સરદાર મલેક નજ્જન હતો.

---

૧. 'ઝફરૂલવાલા' અને બીજા ઇતિહાસોમાં દારૂ વેચનારને બદલે કવિ (ભાટ) લખ્યું છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જ્યારે રાણાની ફોજ ઇડર પહોંચી ત્યારે આ લોકોએ એવો જબરદસ્ત સામનો કર્યો કે મોખરાના માણસો નાસી છૂટ્યા. પૂરી ફોજ આવી પહોંચતાં બિચારા સો આદમી શી વિસાતમાં હતા ? તમામની કતલ કરવામાં આવી.

મુબારિઝુલ્મુલ્ક અહમદનગર નજદીક પહોંચ્યો ત્યારે ખિઝરખાન, અસદુલ્મુલ્ક, ગાઝીખાન, શુજાઉલ્મુલ્ક[1] અને સૈફખાનની સાથે તેનો ભેટો થયો.[2] તે અહમદનગરથી મુબારિઝુલ્મુલ્કને સહાય આપવા માટે ઇડર જતા હતા. તેમણે કહ્યું કે તમારે ઇડર છોડવું જોઈતું ન હતું. મુબારિઝુલ્મુલ્કે જવાબ આપ્યો કે મારો અભિપ્રાય પણ એ જ હતો; પરંતુ મિત્રોએ અહમદનગર જવાની સલાહ આપી તેથી અહીં આવ્યો છું. બધાને નછૂટકે અહમદનગર ફરીથી આવવું પડ્યું. સવારે સર્વ શસ્ત્ર સજી બહાર નીકળ્યા. ૧૨૦૦નું હયદળ હતું અને ૧૦૦૦નું પાયદળ હતું. બંને લશ્કરો બંદૂકો-સજ્જેલ હતાં. વળી ચારસો ઉમરાવોના નોકરો હતા.[3] આથી કુલ સંખ્યા ૨૬૦૦ જેટલી થતી હતી. આ બાજૂ રાણો ઇડર લૂંટી અહમદનગર ગયો અને બીજે દિવસે સવારમાં મુબારિઝુલ્મુલ્ક સામે આવી ઊભો રહ્યો. મુસલમાનો અહીં બહાદુરી દાખવી મોખરા ઉપર તૂટી પડ્યા.[4] આ સામે તે ટક્કર લઈ શક્યો નહિ અને ૨૦૦૦૦ સવારોને પીછેહઠ કરવી પડી. તેમણે તેમની એટલે સુધી પૂંઠ પકડી કે પછવાડે જે ફોજ હતી તેની નજરની બહાર તે નીકળી ગયા. ભૂલથી આ સૈન્ય સમજ્યું કે સર્વ શહીદ થઈ ગયા; તેથી આ લોકોએ પીઠ ફેરવી અહમદનગરનો રસ્તો લીધો. હુમલો કરનાર લડવૈયામાંથી ગાઝીખાન, ઈસિદતખાન અને

---

૧. 'ઝફરૂલવાલા'માં સફદરુલ્મુલ્ક બિન શુજાઉલ્મુલ્ક છે: પૃ. ૧૧૧, ભા. ૧.

૨. 'ઝફરૂલવાલા'માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સૈફખાન રાત્રે આવી મળ્યો.

૩. 'ઝફરૂલવાલા'માં જણાવવામાં આવ્યું છે કે પાંચસો આદમીને કિલ્લાના સંરક્ષણ માટે મૂકી બાકીના યુદ્ધ માટે ગયા.

૪. 'ઝફરૂલવાલા'માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તેમની સંખ્યા માત્ર સાતસો જેટલી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સુલતાનશાહ સખ્ત જખ્મી થયા.[૧] આદમીઓ મોટી સંખ્યામાં મરણ પામ્યા. વળી ભાગ્યે જ કોઈ એવો હશે કે જે ઘાયલ થયો ન હોય. મુબારિઝુલ્મુલ્કે જ્યારે જોયું કે પહાડોમાં માથું મારવું નકામું છે ત્યારે તે ફરજિયાત સર્વેને લઈ રણસંગ્રામમાંથી બહાર નીકળ્યો અને અહમદ-નગરના કિલ્લા તરફ વધ્યો; પરંતુ ત્યાં પહોંચતાં માહિતી મળી કે કિલ્લાનાં માણસો તો પહેલેથી જ ત્યાંથી નાસી છૂટ્યા હતા. આથી નછૂટકે મુબારિઝુલ્મુલ્ક અને સફદરખાન બહ્નની કસ્બા તરફ રવાના થયા જે અમદાવાદથી એક કોસ ઉપર છે, પરંતુ તે અજાણ્યા રસ્તાથી. અલબત્ત અસદુલ્મુલ્ક જાણીતે રસ્તે થોડે જ દૂર ગયો,[૨] એટલામાં શત્રુઓ પૂંઠ પકડી નજીક આવી પહોંચ્યા. તે પણ પાછો ફરી લડ્યો, પરંતુ આખરે તે તથા તેના સર્વે સાથી વારાફરતી માર્યા ગયા. તેમના હાથી અને સર્વે સામાન શત્રુઓ લઈ ગયા. રાણાની ફોજ અહીંથી અહમદનગર ગઈ. તેણે યુદ્ધ કરી તેની ધૂળધાણી કરી અને તમામ શહેરીઓને ગિરફ્તાર કરી સાથે લઈ ગયો. ગરાસિયા-ઓએ અહમદનગર ઉપર છાપો મારવાની સલાહ આપી. રાણાએ કહ્યું કે ચારસો મુસલમાન સવારોએ તો વીસ હજારના સૈન્યને હરાવ્યું અને એક હજાર સવારો મારી નાખ્યા, અને જો ૪૦૦૦ ઘોડેસવારોના સૈન્ય સાથે સામનો કરવામાં આવે તો તમારી શી સ્થિતિ થશે? મારે માટે આટલું ગૌરવ બસ છે કે મારા કુળનો કોઈ પણ માણસ

૧. 'ઝફરૂલવાલા'માં જણાવવામાં આવ્યું છે કે મુબારિઝુલ્મુલ્કનો ભાઈ હઝીહુલ્મુલ્ક, ગાઝીખાન, રાવતપીર, રાવતહિસામ, મલેકપીર સુલ્તાનશાહ અને કાઝી કુત્બપીર શહીદ થયા. રાત પડી અને માત્ર ચાલીસ મુસલમાન બાકી રહ્યા હતા. તેઓ કિલ્લા તરફ પાછા ફર્યા, પરંતુ કિલ્લાના માણસો તો પહેલેથી જ ચાલી ગયા હતા; તેથી નદી ઓળંગી તેઓ બીજી બાજૂ ચાલ્યા ગયા. રાજા સાંગાએ શહેર લૂંટી લીધું અને કિલ્લાને આગ લગાડી. વળી તેણે નાસી છૂટેલા માણસોની પૂંઠ પકડવાને માણસો મોકલ્યાં. અસદખાન બિન અસદખાને સાત ઘોડેસવાર અને ત્રણ હાથી સાથે તેમનો સામનો કર્યો, પરંતુ તે મરણ પામ્યો અને હાથી રાજાના હાથમાં આવ્યા.

૨. 'ઝફરૂલવાલા'માં જણાવવામાં આવ્યું છે કે તે 'પરહતીજ' સુધી પહોંચ્યા હતા. કદાચ 'પરહતીજ' પ્રાંતીજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આજ પર્યંત અહીં સુધી પહોંચ્યો ન હતો. આ પછી વડનગર (ત્યાર પછી વીસનગર) પહોંચી તે ગંજાવર લૂંટમાં રોકાયો. એટલામાં પાટણથી અઈનુલ્મુલ્ક અને ફતહખાનના આવ્યાનો બુલન્દ અવાજ તેને કાને પડ્યો. રાત્રિ બહુ જ વિચક્ષણતાથી પસાર કરી અને પહો ફાટતાં ઇડર અને ત્યાંથી પોતાને વતન રાણો ચાલ્યો ગયો.

જ્યારે આ ખબર અમદાવાદ આવી ત્યારે અમદાવાદનો ગવર્નર કિવામુલ્મુલ્ક મદદ માટે ફોજ લઈ નીકળ્યો અને અમદાવાદથી સાત કોસ ઉપર મલાદ ગામમાં પડાવ નાખ્યો. ભાગી ગયેલા લડવૈયા પણ આ જગ્યા ઉપર આવી તેને મળ્યા. તેઓ તરફથી તેને માહિતી મળી કે મુબારિઝુલ્મુલ્ક, સફદરખાન અને ગાઝીખાન મરણ પામ્યા હતા. આ વાતની પાદશાહને જાણ કરી. પરંતુ ત્રીજે દિવસે જ્યારે માલૂમ પડ્યું કે આ લોકોએ કડી જિલ્લાના રુપાલ ગામમાં પડાવ નાખ્યો છે ત્યારે મલેક હિસામખાન ('બહાદુરશાહી'ના લેખક)ને કિવામુલ્મુલ્કે તે બધાને લઈ આવવા માટે મોકલ્યો. તેનો ઇરાદો બધા સાથે થઈ રાણાની પૂંઠ પકડવાનો હતો. આથી હિસામખાન ગયો અને સર્વને મલાદ ગામમાં લાવ્યો. આ બંને યોજના ઘડતા હતા એટલામાં રાણો ચિતોડ ગયો છે એવી ખબર આવી. હિસામખાન અને મુબારિઝુલ્મુલ્ક બંને કિવામુલ્મુલ્કને તેમની જગ્યાએ જ મૂકી લડાઈના સોળમા દિવસે અહમદનગર પહોંચ્યા. લાશોને કબરમાં દફન કરી સાઠ કોળી જે અનાજ લૂંટવા આવ્યા હતા તેમની કતલ કરી. ત્યાં એક રાત રહી દુષ્કાળના કારણથી બ્રહ્મની કસ્બામાં પાછા આવ્યા. આ દરમિયાન સુલ્તાન મુઝફ્ફરે ઇમાદુલ્મુલ્ક ખુશકદમ અને કૈસરખાનને એક લશ્કર અને કેટલાક હાથી આપી મદદ માટે મોકલ્યા. તેઓ અમદાવાદ થઈ મલાદ ગામમાં કિવામુલ્મુલ્કને મળ્યા અને ત્યારપછી સર્વ મળી બ્રહ્મની ગામમાં પહોંચ્યા અને ત્યાંથી સુલ્તાન ઉપર એક અરજી મોકલી કે જો પરવાનગી હોય તો ચિતોડ જઈ રાણાનો સામનો કરીએ. હુકમ મળ્યો કે અત્યારે ચોમાસું અહમદનગરમાં પસાર કરો અને વર્ષાઋતુ બાદ હું જાતે તેની ખબર લઈશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



**રાણા સાંગા ઉપર હુમલો:**—હિ. સ. ૯૨૭ (ઈ.સ. ૧૫૨૦)-ના મોહરમ માસમાં પાદશાહ પંડે અહમદનગર આવ્યો; પરંતુ મલેક અયાઝની દરખાસ્ત તેમ જ આગ્રહથી તેને એક લાખની ફોજ અને એક સો લડાયક હાથી સાથે ચિતોડ મોકલ્યો અને દિલને વધારે સાંત્વન કરવાને બીજા ગુજરાતી ઉમરાવોને પણ સૈન્ય આપી આ તરફ રવાના કર્યાં. વંટોળિયાની માફક તે પણ લૂંટફાટ કરતો ચિતોડ પહોંચ્યો, અને પોતાની અસાધારણ ગોલંદાઝીને લઈને કિલ્લા ઉપર વિજયવંત થવાની તૈયારીમાં હતો; પરંતુ કંઈક અભિમાન અને કંઈક અદેખાઈના સબબથી ઉમરાવો સાથે તેને બન્યું નહિ. આખરે પરિણામ એ આવ્યું કે રાણા સાંગા સાથે સુલેહ કરી તે ગુજરાત પાછો આવ્યો. સુલ્તાન આ સર્વ સમજી ગયો ત્યારે તે બેહદ નારાજ થયો અને તેને સોરઠ પાછો મોકલ્યો.

**અયાઝનું અવસાન:**—હિ. સ. ૯૨૮ (ઈ. સ. ૧૫૨૧) માં પાદશાહ પોતે ચિતોડ જવા માટે તૈયાર થયો, પરંતુ રાણા સાંગાનો પુત્ર ભેટ લઈ હાજર થયો અને માફી માગી જેનો સ્વીકાર કરવામાં આવ્યો. ખિલાત અર્પણ કરી તેને વિદાય કરવામાં આવ્યો. તે જ સાલમાં મલેક અયાઝનું અવસાન થયું, આથી સુલ્તાન મુઝફ્ફરને અતિ ખેદ થયો. હિ. સ. ૯૩૦ (ઈ. સ. ૧૫૨૩)માં તેણે કેટલાક બદમાસો અને બળવાખોરોને શિક્ષા કરી. હિ. સ. ૯૩૧ (ઈ. સ. ૧૫૨૪) માં ચાંપાનેરથી ઇડર જતાં શાહજાદા બહાદુરખાને પોતાની જાગીર કમ છે એવી ફરિયાદ કરી. પાદશાહે અમુક કારણોને લઈને તે તરફ લક્ષ્ય આપ્યું નહિ. નિરાશ થઈ બહાદુરખાન પાલ થઈ માળવા અને ત્યાંથી ચિતોડ આવ્યો. થોડા દિવસ ત્યાં ગાળી અજમેર થઈ મેવાત અને પછી દિલ્હી પહોંચ્યો. ત્યાં ઇબ્રાહિમ લોદીએ તેને આનંદથી વધાવી લીધો. સુલ્તાન મુઝફ્ફર આ સાંભળી બહુ જ પરેશાન થયો. તેણે ખુદાવન્દખાનને કહ્યું કે એને પત્ર લખી બોલાવી લો. આ જ સમયે ગુજરાતમાં મહાન દુકાળ પડ્યો. પાદશાહે દુઆ માંગી, જેનો સ્વીકાર થયો; પરંતુ ટૂંક સમયમાં તે બિમાર થઈ ગયો અને દિવસે દિવસે માંદગી ભારી થઈ ગઈ. તે દરમિયાન એને ખબર મળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કે સલ્તનતના સ્તંભો( વજીરો )માં તડ પડી છે: એક ભાગ બહાદુરખાનના પક્ષમાં છે અને બીજો લતીફખાનની તરફદારી કરે છે. તેણે પૂછ્યું કે બહાદુરખાનની કંઈ ખબર છે? ત્યારે તેને નકારમાં જવાબ મળ્યો. તેણે સિકંદરખાનને બોલાવી ભાઈઓ સાથે સારાસારી રાખવાની સલાહ આપી વિદાય કર્યો. કેટલાક દિન પછી જુમાની અઝાન થઈ ત્યારે તેણે કહ્યું કે મસ્જિદમાં જવાની મારામાં તાકાત નથી. તેણે હાજર રહેલાઓને મસ્જિદમાં મોકલી પોતે નમાઝમાં મશગૂલ થયો. નમાઝથી પરવારી થોડા જ વખતમાં તેણે દેહત્યાગ કર્યો.[1] તેણે કુલ ચૌદ વરસ અને નવ માસ રાજ્ય કર્યું.[2]

**સ્ત્રી અને પરિવાર:**—મુઝફ્ફરશાહને ત્રણ સ્ત્રી અને સંખ્યાબંધ સૈરંધ્રી હતી. તે જ પ્રમાણે પરિવારમાં આઠ પુત્રો અને બે પુત્રી હતાં. (૧) બીબી રાણી—સિંધની રાજકુંવરીથી–સિકંદર, રૂકય્યા અને આયશા; (૨) લખીમબાઈ—ગોહીલ રજપૂત—થી બહાદુરશાહ; (૩) રાજબાઈ—મહિબ રાણાની દીકરી( અસલ રજપૂત )થી લતીફખાન; (૪) બાકીના ચાન્દખાન, નસીરખાન, ઇબ્રાહિમખાન, અને બે બીજા પુત્રો દાસીથી હતા. તેઓમાં બીબી રૂકય્યાનું લગ્ન આદિલશાહ સાથે થયું હતું જે ખાનદેશ અને બુરહાનપુરનો પાદશાહ હતો. આયશાનું લગ્ન સિંધના શાહજાદા ફતહખાન સાથે થયું હતું. મુતસવ્વિર બિન ચાન્દે લખેલ 'તોહફતુલકારી' ( હિ. સ. ૧૧૧૯ )માં જણાવવામાં આવ્યું છે કે સિન્ધી બેગમનું નામ બોહજતુન્નિસા બેગમ હતું, અને બહાદુરશાહની માતું નામ રમ્ભાદેવી હતું જે ચિતોડના રાજાની ભાણેજ થતી હતી.[3]

---

૧. 'અન્તુરૂસ સાફિર' પૃ૦ ૧૯૨, બગદાદ,માં જણાવવામાં આવ્યું છે કે સુલ્તાન નમાઝ વખતે સિજદા કરતાં મરણ પામ્યો; પણ કોઈ બીજો ઇતિહાસ આ બાબતનું સમર્થન કરતો નથી.

૨. 'તબકાતે અકબરી,' ભા. ૩, કલકત્તા.

૩. હઝરત પીર મોહમ્મદશાહની દરગાહના કિતાબખાનામાં હસ્તલિખિત 'તોહફતુલકારી'માં જણાવવામાં આવ્યું છે કે સિકંદરની તરફદારી કરનારા સદરે જહાન અને ચંગીઝખાને બહાદુરશાહના ખૂન માટે કાવતરું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બીબી રાણી રાજકુંટુબની છોકરી હોવાના સમયથી દબદબા અને ભપકામાં રહેતી હતી. તેના પોતાના સાત હજાર જેટલા નોકરો હતા. તે અંદર તેમ જ બહારનાં કામોમાં લાગવગ ધરાવતી હતી. મુઝફ્ફરશાહ પોતે એટલો બધો તેના અંકુશમાં હતો કે તેની વિરુદ્ધ કોઈ બાબતમાં જઈ શકતો નહિ. બીબી રાણીએ અંદર તેમ જ બહારના સર્વ લોકોને એકઠા કરી મુઝફ્ફરશાહને પોતાના પુત્ર સિકંદરખાનને રાજ્યવારસ નીમવાની ફરજ પાડી. વળી બીજા શાહજાદાઓનું જોર તોડવાને હરેકને એકેક બબ્બે ગામ આપી સામર્થ્યહીન કરી મૂક્યા. શાહજાદા બહાદુરશાહને ફક્ત બે ગામ મળ્યાં હતાં: (૧) ગંજ કસ્બો જે અમદાવાદથી દસ કોસ ઉપર મહેમદાવાદ નજીક છે; (૨) ગુના કસ્બો જે અમદાવાદથી નવ કોસ ઉપર વટવા ગામ પાસે છે. તેમની આમદાની ખપપૂરતી ન હોવાથી બહાદુરશાહે વધારાને માટે માગણી કરી અને કહ્યું કે ઓછામાં ઓછી સિકંદરના જેટલી તો જાગીર મને મળવી જોઈએ, પરંતુ બીબી રાણીને લઈને તે આ પ્રમાણે કરી શકતો ન હતો. પરિણામે તેની દરખાસ્ત નામંજૂર થઈ. બહાદુરશાહે ખેદયુક્ત થઈ વટવામાં વસવાટ કર્યો, પરંતુ સિકંદરે તેની કતલ કરવાની કોશિશ કરી ત્યારે ત્યાંથી નાસીછૂટી દિલ્હીના ઇબ્રાહિમ લોદી પાસે હિ. સ. ૮૩૧ (ઈ. સ. ૧૫૨૪)ના રજબ માસમાં પહોંચ્યો.[૧] હિ. સં. ૯૩૦ (ઈ. સ. ૧૫૨૩) માં બીબી રાણી મરણ પામી;[૨] આથી સિકંદરનું કામ નરમ પડ્યું. કેટલાક અમીરો બહાદુરશાહના પક્ષમાં જતા રહ્યા, અને કેટલાકે લતીફખાનની તરફદારી કરી; પરંતુ આ કોકડાનો હજુ ઉકેલ થયો ન હતો, એટલામાં તો

---

રચ્યું હતું. આથી બહાદુરશાહ ત્યાંથી નાસી છૂટી ચિતોડના રાણા સાંગા પાસે ચાલ્યો ગયો હતો.

૧. 'મિરાતે સિકંદરી,' મુંબઈ, પૃ૦ ૧૮૮ અને 'ઝફરૂલવાલા' ભા. ૧, પૃ૦ ૧૨૮, લંડન.

૨. 'ઝફરૂલવાલા'માં જણાવવામાં આવ્યું છે કે તે સિંધના શાહ જામે ફીરોઝના કાકાની પુત્રી હતી. અવસાન પછી તેના શબને તેના માબાપની કબર નજીક દફનાવવામાં આવ્યું. તે કબર લુહાન્યા ધોલોહર ગામમાં છે. ભા. ૧, પૃ૦ ૧૨૦, લંડન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મુઝફ્ફરશાહે પણ દેહત્યાગ કર્યો અને રિવાજ મુજબ રાજવારસ સિકંદર તખ્તનશીન થયો, પરંતુ એ જ માસમાં તેની કતલ થઈ અને ખુશકદમ ગુલામે (જેનો ખિતાબ ઇમાદુલ્મુલ્ક હતો) નસીરખાનને સુલ્તાન મહમૂદનો ઇલ્કાબ આપી ગાદીએ બેસાડ્યો. તાજખાન નરપાલીએ બહાદુરશાહને એક કાગળ લખી બોલાવી લીધો. જ્યારે કંઈ પણ ટંટાફિસાદ વગર બહાદુરશાહ ગુજરાતનો પાદશાહ થયો, ત્યારે નસીરખાનની કતલ કરવામાં આવી. લતીફખાન એક જંગમાં જખ્મી થઈ મરણ પામ્યો. ચાંદખાન માળવાના સુલ્તાન પાસે પહોંચ્યો અને ઇબ્રાહિમખાન દિલ્હી નાસી છૂટચો. આ રીતે મુઝફ્ફરશાહની ઓલાદનો અંત આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# 'મુઝફ્ફરશાહી'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## મંગલાચરણ

ખુદાની સ્તુતિઃ—ખુદાનો દાસ બહારથી ક્ષુલ્લક માલૂમ પડે છે; પરંતુ જનસમૂહમાં તે તમામને પ્રિય હોય છે. ખુદા દાનેશ્રી નૃપતિ છે. તે જ આદેશ કરે છે અને તે જ માફી બક્ષે છે. સર્વ પ્રાણીમાત્રનાં સુખદુઃખનો દેનાર તેમ જ હણનાર તે જ છે. આખી દુનિયાને સર્વ વસ્તુ તેની આજ્ઞાથી મળે છે.

પેગમ્બર (સલ.)ની તારીફ:-મોહમ્મદ પેગમ્બર (સલ.)ના પવિત્ર આત્મા ઉપર અગણિત દુઆ અને રહેમત હજો. તે આખી સૃષ્ટિનું સત્ત્વ છે અને 'મકામે મહમૂદ'ના[1] માલિક છે. એ જ પ્રમાણે તેમના વંશજો અને સાથીઓ ઉપર પણ ખુદાની રહેમત હજો. પેગમ્બરપોથી મોહમ્મદ પેગમ્બર પછી ખતમ થઈ ગઈ. તેનાથી જ એની શરૂઆત[2] થઈ હતી, અને તેના પછી જ એનો અંત આવ્યો.

સર્વ વિદ્વાનો જાણે છે કે ખુદાનાં તમામ કાર્યો હિકમતના પાયા ઉપર રચાયેલાં છે. જગતની મહાન સલ્તનતોની હારજીતનો આધાર પણ એ જ ખુદાઈ હિકમત ઉપર રહેલો છે.

---

૧. 'મકામે મહમૂદ'નો ખરો અર્થ તો સુંદર જગ્યા થાય છે. પરંતુ હદીસમાંથી માલૂમ પડે છે કે તે જન્નતમાં એક ખાસ જગ્યાનું નામ છે જ્યાં પેગમ્બર વાસ કરે છે.

૨. હદીસમાંથી જણાય છે કે સૃષ્ટિ પેદા કર્યા પહેલાં ખુદાએ મોહમ્મદ પેગમ્બરનો પ્રકાશ પેદા કર્યો હતો. મુસલમાનો એમ માને છે કે પેગમ્બર છેલ્લા પેગમ્બર છે અને તેના પછી કોઈ થશે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સુલ્તાન મહમૂદ ખલ્જી (માળવાના સુલ્તાન)ના ભાઈ સુલ્તાન મોહમ્મદ[1] ખલ્જી વિશેની બીના આ બનાવોના પુરાવારૂપે ગણી શકાય. જ્યારે તે ગુજરાતના સુલ્તાન મુઝફ્ફરના દરબારમાં આવ્યો ત્યારે તેણે મુલાકાત બાદ વિનંતી કરી કે આપ માન્ડુ[2] (મન્ડુ) જીતી મને આપો. પરંતુ સુલ્તાન મુઝફ્ફરનું દિલ જામેજમ (જમશેદ બાદશાહનો પ્યાલો જેમાં દુનિયાની સર્વ વસ્તુ નિહાળી શકાતી હતી) તેવું હતું. આથી તેની ભાવિ અભિલાષા તે કળી ગયો[3], અને તેના વિચક્ષણ મગજમાં એ વાત ઊતરી પડી કે મોહમ્મદ ખલ્જીમાં આધિપત્યશક્તિ નથી. આ કારણથી તેણે તેના તરફ પૂરતું લક્ષ્ય આપ્યું નહિ.

---

૧. સુલ્તાન મોહમ્મદ માળવાના પાદશાહ ગ્યાસુદ્દીનના પુત્ર નાસિરુદ્દીનનો પુત્ર હતો. તે પોતાના ભાઇ મહમૂદની ગાદી પચાવી પડચો હતો. પરંતુ મહમૂદે લડાઇ કરી ફરીથી પોતાની ગાદી લઈ લીધી. હવે ગુજરાતનો સુલ્તાન મુઝફ્ફરની મદદ માટે આવ્યો હતો. 'મિરાતે સિકંદરી', પૃ. ૧૩૧.

૨. મન્ડુઃ–માળવાનું પાટનગર હતું, ત્યાં એક મજબૂત કિલ્લો હતો. મુસલમાનોના પહેલાં રાજા ભોજના સમયથી ઉજ્જેન બદલે ધાર રાજધાની હતી.

૩. હિ. સ. ૯૧૭માં સુલ્તાન મોહમ્મદશાહ ખલ્જી ગુજરાતમાં આવ્યો અને તેણે ચાંપાનેરમાં મુકામ કર્યો. સુલ્તાન મુઝફ્ફરશાહે થોડા દિવસમાં તેની સાથે માળવા જઇ બન્ને ભાઇઓ વચ્ચે સુલેહ કરવાનું અને અર્ધું અર્ધું રાજ્ય બંને વચ્ચે વહેંચી આપવાનું વચન આપ્યું. કર્મ-સંજોગે ઇરાનના એલચીનો પણ તેની પાસે જ મુકામ હતો. એક દિવસ વાતચીતમાં બંને વચ્ચે અણબનાવ થયો અને તકરાર સુધી વાત પહોંચી ગઇ. ગુજરાતના લોકોએ સુલ્તાન મોહમ્મદ ખલ્જીનો પક્ષ લીધો. તેમાં ઇરાનના એલચીનાં કેટલાંએ માણસોની કતલ થઇ. મહામહેનતે આ તોફાન દાબી દેવામાં આવ્યું. આ બનાવથી સુલ્તાન મુઝફ્ફરના દિલમાં મોહમ્મદ ખલ્જી પ્રત્યેની માનવૃત્તિ ઓછી થઈ ગઈ અને ખુદ મોહમ્મદ ખલ્જીને પણ એટલી બધી શરમ આવી કે સુલ્તાન મુઝફ્ફરને ચેતાવ્યા વગર ગુજરાતથી પલાયન થઈ ગયો. આ બનાવને ઇતિહાસકારો ઉડાવી મૂકે છે અને માત્ર એટલું જ લખે છે કે તેનામાં આધિપત્યશક્તિ નહોતી તેથી પાદશાહે તેને મદદ ન કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બીજું ઉદાહરણ મુઝફ્ફરશાહની શાદિયાબાદ (મન્ડુ, માળવા)-ના કિલ્લાની જીત છે. તેણે રાજ્યનું સંરક્ષણ કરવામાં 'દમે ઈસ્વી'ના[૧] જેવો ચમત્કાર બતાવ્યો હતો.

આ એક પામર, સંસ્કાર અને સુલક્ષણથી સંતુષ્ટ[૨] વિનંતી સાથે અરજ કરે છે કે આ પુસ્તક કેવળ બાદશાહી ફરમાનથી હું લખું છું, કારણ કે આ રંક પુરુષે (મેં) વિખરાયેલાં મોતી એક હારમાં કદી ગૂંથ્યાં નહોતાં તેમ જ સાહિત્યશૈલીની લટમાં પરોવ્યાં નહોતાં. બલ્કે આ વિષય[૩] મેં કદી ઘટિત રીતે શરૂ કર્યો નહોતો. પરંતુ હઝરત શહરિયાર મુઝફ્ફરશાહની કીમિયા જેવી અસરકારક નજર ઉપર મને સંપૂર્ણ વિશ્વાસ છે. તેથી આશા છે કે સદ્દગુણોનાં પૃષ્ઠોની સાહી જે જમાનાના ગુલાબી ચહેરા ઉપર તરુણ પ્રિયતમાના તલની માફક સુંદરતા અને લાવણ્યનો વધારો કરે છે, તે વિદ્વાનોની નજરને ભાવશે.

---

૧. ઈશુ ખ્રિસ્તની ફૂંક જેનાથી મરેલા સજીવન થતા હતા.

૨. ગ્રંથકર્તાએ આ શબ્દો પોતાને માટે વાપર્યાં છે. તેણે પોતાનું નામ લખ્યું હોત તો કેવું સારું થાત!

૩. અહીં 'વિષય' શબ્દ ઇતિહાસ માટે વાપરવામાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# પ્રકરણ ૧

## મુઝફ્ફરશાહનું શાદિયાબાદ[1]ના કિલ્લા તરફ લક્ષ્ય

બાબત એવી છે કે આ મહાન પાદશાહના દરબારીઓના કાને એવી વાત[2] આવી કે મેદનીરાય[3] હરામખોરે પોતાના વડીલોના

---

૧. શાદિયાબાદ:—આ એક મજબૂત કિલ્લાનું નામ છે, જે પાટનગરમાં માળવાના સુલ્તાન અલપખાને બંધાવ્યો હતો. 'ફરિશ્તો', ભા. ૪; પૃ૦ ૫૦૧.

૨. હિ. સ. ૯૧૮માં જ્યારે મેદનીરાયના જોરજુલમ અને અન્યાયની ખબર સુલ્તાન મુઝફ્ફરના કાને પહોંચી ત્યારે તે એક સૈન્ય લઈ માળવા તરફ રવાના થયો. ઇડરના મામલાનો નિકાલ કરી, હિ. સ. ૯૧૮માં તે ધાર પહોંચ્યો. ત્યાંનો ગવર્નર તાબે થયો, એટલામાં તેને ખબર મળી કે સુલ્તાન મોહમ્મદ જેને ખાનજહાન વઝીરે ગુજરાતથી બોલાવ્યો હતો તેણે ચંદેરીનો કબજો લીધો છે અને તેમનો સામનો કરવા માટે સુલ્તાન મહમૂદ ખલ્જી મેદનીરાયની ગેરમુસ્લિમ (જેમાં કોઇ મુસલમાન ન હતું) ફોજ લઇ ત્યાં ગયો છે. સુલ્તાન મુઝફ્ફરે કહ્યું કે હું તો મેદનીરાયના પંજામાંથી તેને મુક્ત કરવાને આવ્યો છું. અને મહમૂદ પંડે તેને લઇને હરીફ સાથે યુદ્ધ કરવાને ગયો છે. તો છતાં પણ ધારમાં તે એ ખ્યાલથી રહ્યો કે કદાચ બંને ભાઈઓ વચ્ચે સુલેહ કરવાની તક મળી જાય. પરંતુ તરત જ ખબર મળી કે મોહમ્મદની હાર થઇ છે અને તેણે દિલ્હીના પાદશાહની મદદ માંગી છે. દિલ્હીના પાદશાહનું લશ્કર પણ આવી ગયું અને મહમૂદ ખલ્જી સામે યુદ્ધના મોરચા મંડાયા. પરંતુ બન્ને વચ્ચે અણબનાવ થવાથી દિલ્હીનું લશ્કર પાછું ગયું અને ખાનજહાન માર્યો ગયો. સુલ્તાન મોહમ્મદ અને તેના સાથીઓએ માફી માગી. સુલ્તાન મહમૂદે તોફાન શાંત કરવા માટે સર્વની માફીનો સ્વીકાર કર્યો. સુલ્તાન મોહમ્મદને જાગીર આપવામાં આવી તેથી તે પણ સંતુષ્ટ થયો. સુલ્તાન મુઝફ્ફરને આ બાબતોની માહિતી મળી ત્યારે વધારે વખત ત્યાં રહેવું તેને ઠીક લાગ્યું નહિ. અને હિ. સ. ૯૧૯ માં ચાંપાનેર આવ્યો. ઉપર જણાવેલા બનાવો ગ્રંથકર્તાએ ઉડાવી દીધા છે. અને બીજી વખત હિ. સ. ૯૨૩ માં મહમૂદ ખલ્જી જ્યારે મેદનીરાયની બીકથી ભાગી ગયો ત્યારથી તેણે પુસ્તકની શરૂઆત કરી છે.

૩. મેદનીરાય સુલ્તાન મહમૂદ ખલ્જીના ઉમરાવોમાંનો એક હતો જેણે સૌથી પહેલાં તેને મદદ આપી હતી અને પાછળથી તે ગાદી પચાવી પડચો હતો. 'ફરિશ્તા,' ભા. ૨, પૃ. ૫૮૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



નિયમોનું ઉલ્લંઘન કરી સુલ્તાન મહમૂદ ખલ્જીની આજ્ઞા અનુસાર વર્તન રાખવાનું બંધ કર્યું છે અને ઇસ્લામી આધિપત્યને તાબે થતો નથી. તે નીચ અને શેતાની પુરુષોની દોરવણીથી મુસલમાનો ઉપર બેહદ જુલમ ગુજારે છે, અને પવિત્ર મસ્જિદો પાયમાલ કરવાની કોશિશ કરે છે. વળી તે મુસલમાન છોકરીઓને કબ્જામાં લઈ હિંદુ બનાવે છે અને નીડરતાથી પવિત્ર લોકોનું લોહી રેડે છે. તે મહાન પાદશાહ મુઝફ્ફરશાહ (ગુજરાતી)ના રોષભર્યા સ્વભાવથી ગાફિલ છે. કિલ્લાની મજબૂતી, સૈન્યની જમાવટ, અને યુદ્ધશસ્ત્રોની રેલછેલથી તે બેહદ મગરૂર થઈ ગયો છે. તેના હિતેચ્છુ સુલ્તાન મહમૂદ ખલ્જીને તેણે પોતાના સમર્થ કબ્જામાં લઈ લીધો છે. પરિણામે ઇન્સાફનો પાયો હાલમડોલ થઈ ગયો છે અને રાજ્યકાનૂનોનો અમલ થતો બંધ થઈ ગયો છે. ઠેરઠેર હુલ્લડો મચી ગયાં છે. તે એટલે સુધી કે અમીર ઉમરાવો અને વિદ્વાનો રાજ્યની ગેરસહીસલામતી જોઈ વતન છોડી ચાલ્યા ગયા અને કમજોર લોકો ઉપર મુસિબતોના પહાડ તૂટી પડ્યા.

જો ધર્મરક્ષક પાદશાહ શક્તિહીન લોકોની કૂમકે આવી આશ્રય આપવાની બાબત તરફ લક્ષ્ય આપી માળવાને તેની માલિકીમાંથી મુકત કરે તો જ મુસલમાનોના જાનમાલની સલામતી રહે અને રાજ્યમાં નિર્ભયતા કાયમ થઈ જાય એમ હતું. રાજાના દરબારીઓ પણ ભૂંડાઈ દૂર કરવામાં અને ભલાઈ જારી રાખવામાં નિત્ય પ્રયાસ કરતા હતા. આ કારણોને લઈને તેણે આ તોફાનોની આગ હોલવવામાં પુષ્કળ પ્રયત્નો કર્યા. સુલ્તાનનો ઇરાદો મક્કમ થઈ ગયો ત્યારે તેના ફરમાન મુજબ અમીરઉમરાવો ખત્મે કુરાન (કુરાન પૂરેપૂરું પઢવામાં) મશગૂલ થઈ ગયા[૧]. તે જ સમયે સુલ્તાન મુઝફ્ફરશાહે પણ કુરાને શરીફનો એક ભાગ મંગાવ્યો અને શુભ[૨] શુકનના ખ્યાલથી તેની છેવટની આયત (ચરણ) નીચે પ્રમાણે નીકળી:—

૧. મુસલમાનોમાં રિવાજ છે કે જ્યારે કોઇ મહત્ત્વનું કામ કરવાનું હોય છે ત્યારે તેઓ કુરાને શરીફ તેમજ બુખારી અને મુસ્લિમ જે હદીસનાં પુસ્તકો છે તે પણ સંપૂર્ણ વાંચે છે.

૨. ઇસ્લામ ધર્મ શુકનમાં માનતો નથી. પરંતુ બીજી કોમોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



"પછી અલ્લાહના ફરમાનથી તેમને હાર આપી અને દાઉદે જાલુતની કતલ કરી. ખુદાએ તેને હિકમત અને રાજ્યની બક્ષિસ આપી. તે ઉપરાંત જે કંઈ ઇચ્છા દર્શાવે તે તેમને શીખવી દીધું. અને જો ખુદા એકબીજાની દરમિયાનીથી લોકોને દૂર ન કરતો રહેત તો અલબત્ત પૃથ્વી ઉપર તોફાન મચી જાત. પરંતુ ખુદા આખા જગતમાં સચ્ચાઈનો સ્થાપનાર છે. આ તારી સામે સાક્ષાત્ ખુદાની નિશાનીઓ પડી છે અને બેશક તું એક પેગમ્બર છે."[૧]

સુલ્તાને કુરાન ખતમ કર્યું ત્યાર પછી શુભ શુકન પોતાના લક્ષમાં રાખીને હિ. સ. ૯૨૩ (ઇ. સ. ૧૫૧૭) ના ઝુલ્કાદા માસની ચોથી તારીખે અને ગુરુવારના દિવસે તે જેહાદના[૨] ઈરાદાથી ઘોડા ઉપર સવાર થયો. નગારાના ઘોંઘાટ અને શરણાઈના અવાજથી જમીન અને આસ્માન ગાજી ઊઠ્યાં. સંપૂર્ણ શ્રદ્ધા અને પ્રચંડ હિંમત સાથે મેદનીરાયનું નિકંદન કાઢી સુલ્તાન મહમૂદ ખલ્જીને તેનું રાજ્ય

---

સંગતથી મુસલમાનોમાં પણ એવો રિવાજ બહુ જ પ્રમાણમાં જારી થઈ ગયો છે. હવે જુદીજુદી જાતનાં શુકન અને અપશુકન ગણાવા લાગ્યાં. ધાર્મિક લોકો ઘણું કરીને શુકન માટે કુરાન, હદીસ અને હાફિઝના દીવાનનો ઉપયોગ કરે છે. ઘણાંખરાં પુસ્તકોમાં શુભ શુકન કરવાની રીત આ પ્રમાણે છે: શુભ શુકન ચાહનાર પહેલાં સ્નાન કરી દો રકઅત નમાઝે નફીલ પડે છે. ત્યારપછી દરૂદ (નમાઝનો ભાગ) બોલી નિર્ણય કરે છે કે પુસ્તકના અમુક પૃષ્ઠની પહેલી કે સાતમી લીટીને શુકનરૂપે ગણીશ. ત્યારપછી તે ખોલીને જુએ છે. જો માફક આવે તો તે ઇરાદાનો અમલ કરે છે, નહિ તો તે વિચાર માંડી વાળે છે. કોઈ કોઇ વખત બૂરાઈ અને ભલાઈની માહિતી મેળવવા માટે પણ શુકન લેવામાં આવે છે. મહમૂદ આઝમ ગાદી ઉપર બેઠો તે વખતે ઉમરાવોએ દીવાને હાફિઝમાંથી શુકન જોવા માટે આમ કર્યું હતું.

૧. કુરાને શરીફના બીજા પારાની છેલ્લી આયત (ચરણ)

૨. જો મુસલમાનોની ધાર્મિક આઝાદીમાં કોઇ પણ જાતનો વાંધો આવે અને તે માટે યુદ્ધ કરવું પડે તો તેને જેહાદ કહેવામાં આવે છે. પરંતુ આજકાલ તો પરધર્મી (ગેરમુસ્લિમ)ની સાથેના યુદ્ધને પણ જેહાદ કહેવામાં આવે છે. મારા અભિપ્રાય મુજબ એ તદ્દન ખોટું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ફરીથી સોંપવા માટે તેણે શાદિયાબાદ તરફ પ્રયાણ કર્યું. ટૂંકમાં અહીંથી લશ્કર રવાના થયું અને ખુદાની સહાયથી ફતેહાબાદ કસ્બો જે હાલોલ[1] નામે ઓળખાય છે ત્યાં પડાવ નાખ્યો. સૂર્યાસ્ત થયો અને રાત પડી ત્યારે ભકોરથી એક કાસદ મહમૂદ ખલ્જી તરફથી ખાન આઝમ કૈસરખાનની[2] પાસે આવ્યો અને અરજી આપી.[3] તેમાં લખ્યું હતું કે માળવાનો સુલ્તાન મહમૂદ ખલ્જી પોતાના વજીર

---

૧. હાલોલઃ—એ ગોધરા પાવાગઢ લાઇન ઉપર એક નાનો કસ્બો છે, જે ચાંપાનેરથી દસ ગાઉ અને અમદાવાદથી પચાસ ગાઉ દૂર અગ્નિ-ખૂણામાં આવેલો છે. મુઝફ્ફરના પુત્ર સુલ્તાન સિકંદરની કબર એ જ જગ્યા ઉપર છે ('મિરાતે અહમદી,' છેલ્લો ભાગ, પૃ૦ ૨૦૮). એક સમય એવો હતો કે જે વખતે આ કસ્બો બહુ જ આબાદ હતો. હાલમાં તો એ સાધારણ થઇ ગયો છે. કાલોલ કસ્બો એની નજીકમાં જ છે. અસલ હાલોલ એક બાગનું નામ હતું, જે એક ગુજરાતીએ ઇરાની પદ્ધતિ મુજબ તૈયાર કર્યો હતો. મહમૂદ આઝમે ખુશ થઇ તેને મોટું ઇનામ આપ્યું હતું. ધીમે ધીમે વસ્તી વધતી ગઇ અને બાગ વેરાન થઈ ગયો અને ગામના સ્વરૂપમાં ફેરવાઇ ગયો. ('મિરાતે સિકંદરી', પૃ૦ ૧૧૦)

૨. ખાન આઝમ કૈસરખાન રાજ્યના ઉમરાવોમાંનો એક હતો. માળવા સરહદની જોખમદારી તેને શિરે હતી. ભકોર જે દાહોદથી ૧૦ ગાઉ ઉપર છે, તે તેની જાગીરમાં હતું ('ઝફરૂલવાલા,' પૃ૦ ૧૦૨; અને 'સિકંદરી,' પૃ૦ ૧૪૬). એ જ જગ્યા ઉપર મહમૂદ ખલ્જી રહ્યો હતો અને ત્યાંથી જ તેણે કાસદ મોકલ્યો હતો. ખાન પોતે ચાંપાનેરમાં હતો. તે ખરેખર અહમદશાહ પહેલાનો દૌહિત્ર હતો, અને તેનો બાપ ખાનદેશના રાજા ગઝનીખાનનો પૌત્ર હતો.

૩. ગ્રંથકારે ખરેખર બે બનાવોને મેળવી દીધા છે. આ વાત 'ઝફરૂ-વાલામાં, સવિસ્તર વર્ણવામાં આવેલી છે. દાહોદ જિલ્લો કૈસરખાનને સુપ્રત કરવામાં આવ્યો હતો, અને તે વખતે કૈસરખાન ચાંપાનેરમાં હતો. જ્યારે મહમૂદ ગુજરાતની સરહદ ઉપર પહોંચ્યો ત્યારે ત્યાંના પટેલે તેને એક સુંદર જગ્યા ઉપર ઉતારો આપ્યો અને કાસદ મારફતે કૈસરખાનને તેણે તરત જ ખબર આપી. તે લગભગ મધ્યરાત્રિએ ત્યાં પહોંચ્યો. કૈસરખાને રાત્રિના ઉત્તરાર્ધમાં મુઝફ્ફરને આ વાતની માહિતી આપી. બીજે દિવસે સવારે સુલ્તાન મહમૂદનો કાસદ ત્યાં આવ્યો જેથી પહેલા કાસદની વાતને સમર્થન મળ્યું.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મેદનીરાયની બીકથી ભાગી જઈ આપના દરબારમાં હાજર થવાનો ઇરાદો રાખે છે અને અત્યારે એક સારા સરદારની સાથે રહે છે. તે ખાન આઝમના નોકરોમાંનો એક છે. સરદારે તેને આપની દોલત અને નસીબની હિમાયતમાં આશ્રય આપ્યો છે. જ્યારે રાત્રિના ઉત્તરાર્ધમાં ખાન આઝમ કૈસરખાને પ્રચંડ રાજ્યાસન સુધી એ અરજી[1] પહોંચાડી અને જ્યારે મોટે પરોઢિયે પ્રૌઢ રૂપ પકડયું ત્યારે સત્યપ્રિય રાજાએ ફરમાવ્યું કે પેગમ્બરોની સુન્નત (રિવાજ) છે કે જે બાબત માટે તમો શક્તિહીન હો તેનાથી તમારે દૂર રહેવું.[2] સૂર્યોદય સમયે સુલ્તાને ઘોડા ઉપર જીન બાંધવાનો હુકમ કર્યો અને યુદ્ધગીત ગાવાનું સૂચન કર્યું.

હિ. સ. ૯૨૩ના ઝુલ્કાદા માસની છઠ્ઠી તારીખ ને શનિવારે શાહી ધ્વજો શહેર (મન્ડુ) તરફ ફર્યાં.

આ બાબતની જાણ થયા બાદ ઠેકઠેકાણે લશ્કરની ભરતી શરૂ થઈ અને હરેક મુલકમાંથી સૈન્યો રણક્ષેત્રો તરફ રવાના થયાં.

ખાન આઝમ કૈસરખાનને ખાસ ખિલાતની ભેટ આપી માનવંત કર્યા બાદ જંગી જંગલના કેસરી જેવા ૩૦,૦૦૦[3] ઘોડેસવાર યોદ્ધાઓ તથા ૫૦ પહાડી બદની અને ભયાનક હાથીની સાથે

---

૧ સુલ્તાન મુઝફ્ફર બીજો (હલીમ એટલે કે મળતાવડા સ્વભાવવાળો એવા નામથી ઓળખાતો હતો) એવા પાદશાહોમાંનો હતો જે વહેલી સવારે ઊઠી નમાઝે તહજ્જુદ (રાત્રિની નમાઝ) પઢતો હતો. અને આ જ કારણથી મજફ્ફર ખાન પોતાનાં કામોમાં ફતેહમંદ થઈ શકયો હતો.

૨. એટલે કે જ્યારે દુશ્મનનો સામનો ન કરી શકાય ત્યારે લડીને પોતાની ખરાબી કરવી તેના કરતાં ત્યાંથી બીજી તરફ જવું એ વધારે સારું છે, જેમકે નોહ, ઇબ્રાહીમ, મુસા, જીસસ ક્રાઇસ્ટ, અને મોહમ્મદ પેગમ્બર જેવાઓએ પણ કર્યું હતું. મહમૂદ ખલ્જીએ પણ તેમ જ કર્યું, એટલે કે તે માળવા છોડી ગુજરાતમાં આવ્યો.

૩. શકય છે કે આ ફોજ મહી નદી પાસે રસ્તો બંધ કરવાના ખ્યાલથી મોકલવામાં આવી હશે, જેથી કરીને દક્ષિણમાંથી કોઈ પણ મદદ મળી ન શકે. વળી એમ પણ હોય કે સરહદ ઉપર આવેલા દેવલા ગામનો કબજો લેવા માટે પણ આગળથી તે ફોજ રવાના કરવામાં આવી હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મૂર્તિપૂજકોના સૈન્ય ઉપર ફતેહ હાંસલ કરવા તેમ જ સુલ્તાન મહમૂદ ખલ્જીને માળવાની ગાદી ઉપર બિરાજમાન કરવાનું નક્કી કરી મહમૂદના તરફ રવાના કર્યો.[1]

ત્યારપછી પાદશાહની ફોજે ત્રણ મન્ઝિલ કાપી. હિ. સ. ૯૨૩ (ઇ. સ. ૧૫૧૭) ના ઝુલ્કાદાની ૧૧ મી તારીખે ગોધરામાં[2] પડાવ નાખ્યો. તંબૂની રેલછેલથી મેદાન ચળકતી ચાંદનીથી છવાયેલા આસ્માન જેવું નજરે પડતું હતું, તેથી પહાડ અને મેદાન ઝગઝગી ઊઠ્યાં હતાં.

આગલા પાદશાહોના નિયમો અનુસાર જ્યારે પાદશાહ એવા અગત્યના કામ ઉપર જતો જેમાં વધારે દિવસ જવાનો સંભવ હોય ત્યારે રાજ્યહિતના ખ્યાલથી પોતાના વડા પુત્રને તે પાટનગરમાં મૂકી જતો હતો, કારણ કે તે રાજ્યહિતો સારી પેઠે સમજતો હતો. દાખલા તરીકે હિ. સ. ૯૨૩ (ઇ. સ. ૧૫૧૭) ના ઝુલ્કાદા માસની ૨૧મી

---

૧. ગ્રંથકારની આ બાબતની પુષ્ટિરૂપે બીજા કોઈ ઇતિહાસમાં કંઈ મળ્યું નથી. આ બનાવો વિશે એમ કહેવામાં આવ્યું છે કે મુઝફ્ફરશાહને ખબર થતાં વેંત જ એક આદમીને તેણે શાહી તંબૂ વગેરે તૈયાર કરવાને રવાના કર્યો. તેણે કૈસરખાનને શાહી જરૂરિયાતો, શાહી કોઠી અને ભંડારમાંથી લઈ તરત જવાને તથા ખરી પરિસ્થિતિથી વાકેફ કરવાને હુકમ કર્યો. તે બીજા ઉમરાવો સાથે ગયો અને મહમૂદ ખલ્જીને મળી સર્વ બાબતોની ખબર પાદશાહને આપી. કોઈ પણ જગ્યાએ ૩૦,૦૦૦ ફોજ વિશે લખવામાં આવ્યું નથી. સંભવ છે કે તે ફોજ અહીંથી સાથે ગઇ હોય, અને આગળ વધી સરહદી ભાગમાં મહી નદી તરફ રવાના થઈ હોય. 'તબકાતે અકબરી'માંથી માહિતી મળે છે કે સુલ્તાન મુઝફ્ફરની માળવાની સફર પહેલાં આ ફોજ મોકલવામાં આવી હશે. 'ફરિસ્તા' પણ આ વાતને પૃષ્ટિ આપે છે. '(ફરિશ્તા,' ભા. ૪, પૃ૦ ૪૧૮)

૨. ગોધરા:—હાલોલ અને પાવાગઢની લગોલગમાં એક મશહૂર કસ્બો છે. આ જગ્યા ઉપર ઈમાદુલ્મુલ્ક ખુશકદમે મુઝફ્ફરના પુત્ર સુલ્તાન સિકંદરના શહીદ (ધર્માર્થે પ્રાણત્યાગી) થયા પછી તેના (મુઝફ્ફરના) પુત્ર નસીરખાનને સુલ્તાન મહમૂદના નામથી ગાદી ઉપર બેસાડચો અને તેના નામના સિક્કા પડાવ્યા. જોકે સિક્કા બહુ જ ઓછા છે. મેં તે જોયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તારીખ ને રવિવારને દિને સલ્તનતના બાગના છોડરૂપી શાહઝાદા સિકંદરખાનને કુબ્બતુલ ઇસ્લામ તરફ રવાના કર્યો.[1]

બીજા વકરવાળા શાહઝાદાઓ એટલે કે શાહઝાદા લતીફખાન અને શાહઝાદા બહાદુરખાન જે સલ્તનતના આસમાનના બે ચળકતા સિતારા અને વિજયી આકાશના શુક્ર અને બૃહસ્પતિ હતા તેમને તે જ રવિવારને દિને હિ. સ. ૯૨૩ (ઇ. સ ૧૫૧૭) ના ઝુલ્કાદા માસની ૨૧મી તારીખે પોતાની સાથે લઈ મુઝફ્ફરાબાદ ( શરમ્બની ) તરફ કૂચ કરી.[2]

ત્યારપછી ચાર મન્ઝિલ આગળ વધી રાજ્યઆશ્રિત પાદશાહનો તંબૂ ઊભો કરવામાં આવ્યો. આવી રીતે એક પછી એક મંઝિલ કાપતાં કાપતાં મહમૂદ ખલ્જી રહેતો હતો તે હદમાં તે પહોંચી ગયો. હિ. સ. ૯૨૩ (ઇ. સ. ૧૫૧૭)ના ઝુલ્કાદા માસની ૨૭મી તારીખ અને શનિવારને દિને પાદશાહે ભિન્ન ભિન્ન જાતનો જંગમ સામાન અને રોકડા પૈસા બહુ જ માનભરતબાસર મહમૂદ ખલ્જી તરફ રવાના કર્યા. તેમાં જીન કસેલા તુર્કી અને અરબી ઘોડાઓ પણ હતા. દરેક જાતનાં શસ્ત્રો જેવાં કે બખ્તર, લાલડેરા, તંબૂ, શયનગૃહ અને દબદબાનાં તથા ભપકાદાર સર્વ સાધનો આપી પોતાના ખાસ સાથીઓ

---

૧. શાહઝાદા સિકંદરખાન સુલ્તાન મુઝફ્ફર બીજા (હલીમ) નો વડો પુત્ર હોવાથી રાજ્યનો વારસ હતો. તે બહુ જ ખૂબસૂરત અને સુંદર સ્વભાવનો હતો, પરંતુ રાજદ્વારી મામલામાં કાબેલ નહોતો. આ જ સબબથી તેના પિતાના પછી ગાદીએ આવ્યો કે તરત જ થોડા માસમાં અમીરોના હાથે તેનું ખૂન થયું. સંશોધનનો તેને બહુ જ શોખ હતો. જામએ સિકંદરી—એક જાતનું કપડું—જે ગુજરાતમાં બનતું હતું તેની શોધ તેણે કરી હતી. ('મિરાતે સિકંદરી,' સુલ્તાન સિકંદર વિશેનું બયાન). હિ. સં. ૯૩૨ ( ઈ. સ. ૧૫૨૫)ના જમાદીઉસ સનીની બીજી તારીખે તે ગાદીએ બેઠો હતો અને અઢી માસ પછી હિ. સં. ૯૩૨ (ઇ. સ. ૧૫૨૫)ના શાબાન માસની ૧૪ મી તારીખે તે શહીદ થયો.

૨. આ લડાઈમાં શાહઝાદા બહાદુર પણ હતો અને ઘણું કરી જ્યારે બહાદુરશાહે માળવા ઉપર હુમલો કર્યો ત્યારે આ જ અનુભવને લઇ ને તેણે ફાયદો ઉઠાવ્યો હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સાથે તેણે મોકલ્યાં. સુલ્તાન મહમૂદ ખલજીએ પાદશાહની બક્ષિસો ઝીણવટથી જોઈ, જે સંપૂર્ણ વિશ્વાસ અને સત્યનિષ્ઠાનાં ઝાડનાં ઉમદાં ફળ હતાં. હિ. સં. ૯૨૩ (ઈ. સ. ૧૫૧૭)નાઝુલ્હજ્જના માસની ૫ મી તારીખને શનિવારને દિને સૂર્ય જેમ ચમકનાર અને સૃષ્ટિને શણગારનાર ઝંડાઓ સાથે બે મંઝિલ ચાલી રમ્બાપુરમાં તેણે મુકામ કર્યો. તેણે કૈસરખાન જે મહમૂદની સાથે હતો તેને બોલાવી એક સૈન્ય આપ્યું જેમાં વૃદ્ધ આકાશે કદી નહી જોયેલા હોય એવા શૂરવીર યુવાનો હતા. વળી તેણે તેને પોતાના હાથીખાનામાંથી વીસ પહાડી બદની હાથી, નાસ્તિકવિનાશક તલવાર અને ખર્ચ માટે ખજાનો આપીને વિદાય કર્યો. આ ઉપરાંત તેની સાથે એક કીમતી તલવાર સુલ્તાન મહમૂદ ખલજી માટે પણ મોકલી.

હિ. સ. ૯૨૩ (ઈ. સ. ૧૫૧૭) ના ઝુલ્હજ્જા માસની ૮ મી તારીખ ને મંગળવારને દિવસે કોર નામની જગ્યા ઉપર મુબારક ઝંડા ઊભા કરી તંબૂઓ નાખવામાં આવ્યા. બુધવારના દિવસે લોકોએ જાહેર કર્યું કે પોતે સુલ્તાન સિકંદર લોધી[1] દિલ્હીના પાદશાહની જિંદગીનુ પુસ્તક બંધ કર્યું છે. તેના જીવનના દિવસો ભરાઈ ગયા હતા તેથી તેનો આત્મા આ ફાની દુનિયામાંથી બાકી દુનિયામાં કૂચ કરી ગયો. ખુદા તેના આત્માને શાંતિ અર્પો.

આ ખબર સાંભળી કે તાબડતોબ દીનદાર પાદશાહે તાઝિયતની રૂઢિ અનુસાર વર્તી પાન અને શરબતનો રિવાજ અદા કર્યો. તે ત્યાં જ કુરબાન ઇદની નમાઝ પઢ્યો અને સુલ્તાન મહમૂદ ખલજી માટે કુરબાની કરવાને એટલી બધી બકરી, ગાય અને ઊંટ મોકલ્યાં કે

---

૧. સિકંદર લોધીઃ–લોધી વંશનો બીજો રાજા હતો. તે હિ. સ. ૮૯૪ (ઈ. સ. ૧૪૮૮) માં દિલ્હીની ગાદીએ બેઠો હતો. તેના સમયમાં અનાજની બહુ સોંઘવારી હતી. તે ઉદાર, સદ્ગુણી અને ન્યાયી પાદશાહ હતો. તે વિદ્વાનોની કદર કરતો હતો અને સૂફીઓમાં માનીતો હતો. હિ. સ. ૯૨૩ (ઈ. સ. ૧૫૧૭) ના ઝુલ કાદાની ૭ મી તારીખે તેનું અવસાન થયું હતું. 'ફરિશ્તા' પૃ૦ ૧૫૮, ભા. ૨, ઉર્દૂ, હૈદ્રાબાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આટલું વૃદ્ધ હોવા છતાં આસ્માનની આંખ આ અગણિત સંખ્યા નિહાળી વધ કરેલી બકરીની આંખ માફક ફાટેલી રહી ગઈ.

હિ. સ. ૯૨૩ (ઈ. સ. ૧૫૧૭) ના ઝુલ્હજ્જા માસની ૧૧ મી તારીખ ને શુક્રવારને દિવસે જગઆશ્રિત પાદશાહે એ મંઝિલ આગળ વધી દન્તીકાનૂત નામના ગામમાં તારાની જેમ બેશુમાર લશ્કરી તંબૂઓ સાથે પડાવ નાંખ્યો. તે જ સ્થાન ઉપર બીજે દિવસે પણ રહ્યો. ત્યાં રાજ્યના અભિમાનરૂપ, ઉમરાવોમાં અગ્રેસર, મજિલસપ્રેમી, પરાક્રમ અને શૌર્યમાં મશહૂર એવા ફતેહખાને હાજર થઈ બાદશાહની ફર્શને ચુંબન કરવાનું માન પ્રાપ્ત કર્યું. હિ. સ. ૯૨૩ (ઈ. સ. ૧૫૧૭) ના ઝુલ્હજ્જા માસની ૧૪ મી તારીખ ને સોમવારને દિવસે પાદશાહે તમામ લશ્કર સાથે દેવલા[1] નામના ગામમાં મુકામ કર્યો.

---

૧. દેવલા મહી નદીની પાસે એક મોટો કસ્બો છે. ચંદેરીથી કેટલાક દિવસની મુસાફરી કર્યા બાદ આ કસ્બો આવે છે. 'ઝફરૂલવાલા' ભા. ૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# પ્રકરણ ૨

## સુલ્તાન મહમૂદ ખલ્જીની સુલ્તાન મુઝફ્ફરશાહ સાથે મુલાકાત

હિ. સ. ૯૨૩ (ઈ. સ. ૧૫૧૭) ના ઝુલ્હજ્જા માસની ૧૫ મી તારીખે શિકારના દિવસે સુલ્તાન મહમૂદ ખલ્જીએ એક વખત પોતાને મુલાકાતનો લાભ આપી વર્દ્ધમાન કરવાની ઇચ્છા દર્શાવી. તેની દરખાસ્ત શુદ્ધ ભાવથી ભરેલી હોવાથી તેનો સ્વીકાર કરવામાં આવ્યો. જ્યારે અલ્લાહના છાયારૂપ, ખિલાફતરક્ષક (પાદશાહ) શિકારથી ફારગ થયો અને સર્વોત્કૃષ્ટ સ્વર્ગીય જમીન ઉપર શાહી તંબૂઓ ઊભા કરવામાં આવ્યા, ત્યારે તેમણે નમ્રતાભર્યું લલાટ સલ્તનતના ઉંબર ઉપર ઝુકાવ્યું. પાદશાહની ખિદમતમાં માનવૃદ્ધિ સંપાદન થયા બાદ તેણે (પાદશાહે) તેને પોતાની પાસે બેસાડ્યો અને તેના તરફ હદપાર મહેરબાની બતાવી. આ પછી મીઠી ભાષામાં તેને શિખામણ આપી કે જ્યાંસુધી તમે જે વસ્તુ તમારા માટે પસંદ કરો તે તમારા બંધુ માટે પસંદ કરો નહિ,[1] ત્યાંસુધી તમારામાંથી કોઈ પણ આકીનદાર મુસલમાન હોઈ શકે નહિ.

સારાંશ—ત્યાર પછી સુલ્તાને મજ્લિસમાં આ મોતીમય શબ્દો કે "દો દિલ યક શવદ બેશિકનદ કોહરા" (સંપ ત્યાં જંપ)," અર્થાત્ જ્યારે બે હૃદય મળી જાય છે ત્યારે પહાડને પણ ચૂરેચૂરા કરી

૧. આ હદીસ છે. એનો અર્થ એ છે કે મુસલમાન પોતાને માટે જે જાતની ભલાઈ ચાહે છે, તે જ પ્રકારની પોતાના બીજા ભાઈ (મુસલમાન)-ને માટે પણ તેણે પસંદ કરવી જોઇએ. અને જેવી રીતે પોતાને માટે તે બૂરાઈ પસંદ કરતો નથી, તેવી જ રીતે બીજા ભાઈ (મુસલમાન)ને માટે પણ તેણે પસંદ કરવી જોઈએ નહિ. અને જો આ પ્રમાણે તે ન કરે તો તે સાચો ઇમાનદાર નથી. અહીં, સુલ્તાન મુઝફ્ફર કહે છે કે હું બૂરી હાલતમાં રહેવાનું પસંદ કરતો નથી તેથી સુલ્તાન મહમૂદને પણ એની આ હાલતમાં જોવાનું હું ચાહતો નથી; પરંતુ હું તેની સ્થિતિ સુધારીશ. આગળ ચાલતાં માલૂમ પડશે કે મુઝફ્ફરે કેવી ખૂબીથી પોતાનો વાયદો અદા કર્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



નાખે છે, આટલું કહેતાની સાથે જ ત્યાં હાજર રહેલાઓની આંખ ખૂલી ગઈ; તેમની સામેથી પડદો જતો રહ્યો. ખરેખર મનુષ્યોનાં બયાનમાં પણ એક પ્રકારનો જાદૂ રહેલો છે.[1]

સુલ્તાન મહમૂદ ખલ્જીએ બહુ જ શુદ્ધભાવ અને નમ્રતા સાથે પાદશાહની મહેરબાની માટે તેનો ઉપકાર માન્યો. તેણે પાદશાહને કહ્યું કે આપની સ્નેહભાવરૂપી છત્રછાયા નીચે આવવાથી કાળના ચક્રમાંથી બચવાની હું આશા રાખું છું. આ બાબત ઉપર સુંદર ચર્ચા કર્યા બાદ તેણે મહમૂદ ખલ્જીને નવાજી પરવાનગી આપી અને સુલ્તાને પોતાના તંબૂ તરફ પ્રયાણ કર્યું. આ પછી ફરીથી તેણે સુલ્તાન મહમૂદ ખલ્જીને અરબી અને તુર્કી ઘોડા, રોકડ અને જંગમ મિલ્કત ઉપરાંત શિરચ્છત્ર અને રત્નજડિત ખંજર બક્ષિસ કર્યાં તથા આશીર્વચનો કહી વર્દ્ધમાન કર્યો. સુલ્તાનની ઉદારતાનો સમુદ્ર જ્યારે ઊછળ્યો ત્યારે તેણે અશ્વદળ અને પાયદળને બક્ષિસથી માતબર કરી દેવાનું સૂચન કર્યું. ફકત ત્રણ લાખથી વધારેનું અશ્વદળ હતું. એ લડવૈયાઓને ઇનામબક્ષિસથી તૃપ્ત કર્યા અને પાયદળના યોદ્ધાઓને એક માસનો પગાર બક્ષિસમાં આપવામાં આવ્યો.[2]

---

૧. આ પણ હદીસ છે કે મધુર વાણીમાં માણસો એવી ઉચિત રીતે વાતચીત કરે છે કે તેની અસર જાદૂ જેવી થાય છે. અર્થાત્, પાદશાહે પણ તે વખતે એવું પ્રવચન કર્યું કે સર્વ લોક ઉપર તેની જાદૂ જેવી અસર થઈ

૨. જો ઇતિહાસકારે પાયદળની સંખ્યા જણાવી હોત તો કેવું સારું થાત! આ સર્વ ફોજો સુલ્તાન મહમૂદ આઝમની એકઠી કરેલી હતી, કારણ કે સિંધથી લઇ દખ્ખણ સુધી તેનું રાજ્ય પહોંચ્યું હતું. આ ઉપરાંત માળવા અને દખ્ખણ તરફથી હુમલાનો ભય રહેતો હતો. આ કારણથી તેને મોટી ફોજ રાખવી પડતી હતી. કલ્પનાથી અટકળ કરી શકાય છે કે પાયદળની સંખ્યા હયદળથી વધારે હોવી જોઈએ. આ ઉપરથી એમ પણ માલૂમ પડે છે કે સવારોને પગારથી વધારે રકમ મળી અને તેનું નામ ઇનામ (બક્ષિસ) આપવામાં આવ્યું. પાયદળનું પ્રમાણ વધારે હતું તેથી તેમને બક્ષિસને બદલે ફક્ત પગાર આપવામાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દૈવયોગે ખૂબી એ હતી કે બંનેની મુલાકાતનો સમય શુભસૂચક હતો, કારણ કે ચંદ્ર અને કર્ક એકમેકના ગૃહમાં હતા અને સૂર્ય મકરના ગૃહમાં હતો. આથી ચંદ્ર સૂરજ તરફથી પૂરો ફાયદો ઉઠાવતો હતો, જાણે કે મહમૂદ ખલ્જીનું નવચંદ્રકળારૂપી ભાવિ, તે જમાનાના મહાન પાદશાહ મુઝફ્ફરશાહના કિસ્મતરૂપી સૂર્યને લીધે પૂર્ણિમાના ચંદ્રની જેમ ખીલી રહ્યું હતું. આ માટે ખુલ્લાખુલ્લી દલીલ એ છે કે પાદશાહે હિ. સ. ૯૨૩ (ઈ. સ. ૧૫૧૭) ના ઝુલહજ્જા માસની ૧૫ મી તારીખે તેને મુલાકાતનો માનનીય લાભ આપ્યો હતો, જે રાત્રે ચંદ્ર સંપૂર્ણ રીતે સૂર્ય તરફથી રોશની મેળવે છે. જાણે કે ભાવિ બનાવોનો આ સ્પષ્ટ નમૂનો હતો.

આ અરસા દરમિયાન સુલ્તાન મહમૂદ ખલ્જીના વઝીર મેદની-રાયે પોતાનાં થોડાં સગાંસંબંધીઓને દરબારમાં મોકલી પોતાની અધીનતા જાહેર કરી. સુલ્તાનની લડાયક શક્તિ અને બીજી બાબતોની માહિતી મળવાથી તેણે આમ કર્યું હતું.

દરબારમાં જે લોકો આવેલા તેમણે જઈ મુઝફ્ફરશાહની બેશુમાર જંગી ફોજનું બ્યાન મેદનીરાય આગળ કર્યું. તે સાંભળી મેદનીરાય પાણી પાણી થઈ ગયો અને તેના શરીરમાંનું લોહી પણ બરફની જેમ ઠરી ગયું.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# પ્રકરણ ૩

## ધારના રસ્તે થઈ મન્ડુ તરફ મુઝફ્ફરશાહની કૂચ અને શત્રુઓની નાસભાગ

હિ. સ. ૯૨૩ (ઈ. સ. ૧૫૧૭) ના ઝુલ્હજ્જા માસની ૧૮ મી તારીખ ને શુક્રવારને દિવસે સુલ્તાન મુઝફ્ફરશાહે ધાર[1] તરફ કૂચ કરી. આ વાતની ખબર મેદનીરાયને થઈ ત્યારે તે યુદ્ધસામગ્રી લઈ સત્કાર માટે આગળ વધ્યો. સુલ્તાન ધાર પહોંચ્યો ત્યારે તેની જમણી બાજૂએ સવારોની હાર હતી અને ડાબી બાજૂએ લોખંડમાં ગર્ક થયેલા ચારસ્તંભી મહેલ જેવા પહાડી બદની હાથીઓની હાર હતી. મેદનીરાયને આ બાબતની ખબર પડી અને જાસૂસો તરફથી પણ વસ્તુસ્થિતિની માહિતી મળી, તેથી તેના દિલમાં દહેશત પેઠી. તેણે કિલ્લાના સરંક્ષણઅર્થે થોડું સૈન્ય સત્વર રવાના કરવાની ગોઠવણ કરી અને પોતે ગભરાટમાં તમામ તંબૂ અને ડેરાને આગ લગાડી ભાગી ગયો. ત્યારપછી રાણા સાંગા[2] (ચિતોડના રાણા) ની પાસે

---

૧. ધાર—મન્ડુવડોદરા સડક ઉપર મન્ડુથી ૩૩ માઈલ પશ્ચિમે અને વડોદરાથી ૧૮૩ માઈલ પૂર્વમાં તે આવેલું છે. અસલ માળવાનું પાયતખ્ત ઉજ્જન હતું. રાજા ભોજે ધારને પાટનગર બનાવ્યું. મુસલમાનોએ એ જ શહેરને શરૂઆતમાં રાજધાની તરીકે રાખ્યું હતું. ત્યારપછી પાયતખ્ત તરીકે મન્ડુ પસન્દ કરવામાં આવ્યું. મુસલમાનોના જમાનામાં આ શહેર મોટું હતું. અત્યારે પણ ત્યાં લાલ પથ્થરની બે મસ્જિદ જીર્ણોદ્ધાર કરવા જેવી છે. હાલમાં ત્યાં એક નાની સરખી રિયાસત છે. ત્યાંની વસ્તી ૧૬ થી ૧૭ હજારની છે. ત્યાંનો રાજા વિક્રમાજિતનો વંશજ હોવાનો દાવો કરે છે. (દિલ્હીમાં છપાયેલ ઈબ્ન બતુતાના સફરનામા, ભા ૨, પૃ. ૨૭૪-માં હાંસિયામાં આ લખેલું છે)

૨. તેનું અસલ નામ રાણા સંગ્રામસિંહ હતું. તે ગિહિલોત કુટુંબનો રજપૂત હતો. ચિતોડ તેનું પાયતખ્ત હતું. તે જમાનાના માળવાના સુલ્તાન અને દિલ્હીના પાદશાહોની ગેરવ્યવસ્થાનો લાભ લઈને પોતે બહુ બળવાન થયો. બાબર સાથેના તેના યુદ્ધ વખતે તેની પાસે બે લાખની ફોજ હતી. આ ઉપરથી તેની તાકાતનો અંદાજ કાઢી શકાય છે. મેવાડ અને માર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મદદ માટે ગયો, પરંતુ મેદનીરાયની ફોજ પોતાના સરદારોના હાથ નીચે સામનો કરવા માટે તૈયાર હતી. ગુજરાતી ફોજ એક વખત અફઘાનોની નામોશી કરી ચૂકી હતી, ફરીથી તેમ કરવા તે ખડી ગઈ. થોડા જ વખતમાં તેને પીછેહઠ કરવાની ફરજ પાડી. જ્યારે આ સૈન્ય હારી જઈ વિખેરાઈ ગયું, ત્યારે હિ. સ. ૯૨૩ (ઈ. સ. ૧૫૧૭)ના ઝુલહજ્જા માસની ૨૦ મી તારીખ અને રવિવારને દિને પાદશાહની વિજયવંત ફોજે બે મંઝિલનો રસ્તો કાપી કિલ્લાની નજીક તંબૂ નાંખ્યો. પ્રખ્યાત કિલ્લાઓમાં આની પણ ગણતરી થતી હતી[1], તેથી સુલ્તાનનો ખ્યાલ તે તરફ ગયો; એટલે સુધી કે તેણે તેનું

---

વાડના ઘણાખરા કિલ્લા એના કબજામાં હતા. જો બાબરે તેને હિ. સ. ૯૩૨–૩૩ (ઈ. સ. ૧૫૨૫ માં) હાર ન આપી હોત તો તે ઉત્તર હિંદુસ્તાનનો માલિક થઈ જાત અને મોગલોને બદલે હિંદુસ્તાનમાં રાણા સાંગાની શાહેનશાહત હોત ( ફરિશ્તા, ભા. ૨, પૃ. ૨૧૭). બાબર સાથેની લડાઈમાં તે એટલો બધો જખ્મી થયો હતો કે તે લાંબો વખત જીવી શક્યો નહોતો.

૧. મન્ડુ (માળવા)નો પહેલો આપખુદી સુલ્તાન દિલાવરખાન ઘોરી હતો. તેને ફિરોઝશાહ તઘલખના પુત્ર મોહમ્મદશાહે ગવર્નર બનાવી મોકલ્યો હતો. મોહમ્મદશાહ તઘલખના મરણ પછી દિલ્હીની સલ્તનત અતિ કમજોર થઈ ગઈ; આથી દિલાવરખાન આપખુદ રાજા થઈ ગયો. તેણે ધારને બદલે મન્ડુ પાટનગર તરીકે પસંદ કર્યું અને એ શહેરનો જીર્ણોદ્ધાર કરવાનું કામ શરૂ કર્યું. હિ. સ. ૮૦૧ (ઈ. સ. ૧૩૯૮)માં તૈમુર લંગના હુમલાથી ભયભીત થઈ મોહમ્મદ તઘલખનો પુત્ર મહમૂદ દિલાવરખાન પાસે માળવામાં આવ્યો. દિલાવરખાનનો પુત્ર અલપખાન નારાજ થઈ મન્ડુ જતો રહ્યો. ત્યાં તેણે ત્રણ વરસ રહી મન્ડુનો કિલ્લો પથ્થર અને ચૂનાથી બહુ જ મજબૂત બંધાવ્યો, અને તેનું નામ શાદિયાબાદ આપ્યું. આ કિલ્લો એક પહાડ ઉપર આવેલો છે, જેનો ઘેરાવો ૧૯ કોસ જેટલો છે. ઘેર ઉપર ખાઈને બદલે મહાન ગુફા છે. કિલ્લાની અંદરના ભાગમાં ખેતીલાયક જમીન પણ છે. આ કિલ્લાને ઘેરો ઘાલવો અસંભવિત છે. ઉપર જવાનો રસ્તો બહુ જ સાંકડો છે. મુશ્કેલીથી એક સવાર જઈ શકે છે. દરેક ઠેકાણે ઊંચા પુસ્તાને લઈને અંદર દાખલ થવું અતિ મુશ્કેલ છે. ઘેરા માટે જો લશ્કર ચારે બાજુએ ગોઠવવામાં આવે તો જગ્યાના અંતરને લઈને એકને બીજાની ખબર પણ થતી નથી. આથી હિંદુસ્તાનના મજબૂત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



નિરીક્ષણ કર્યું. કિલ્લો એક ઊંચા પહાડ ઉપર હતો અને બહારથી દરેક રીતે નિર્ભય હતો. સુલ્તાને તમામ બાબતોની માહિતી મેળવી અને ઘેરો ઘાલવા માટે હુકમ કર્યો. દિલ્હી દરવાજે ખાનઆઝમ કૈસરખાનને સોંપવામાં આવ્યો. બીજો દરવાજો મલેકુશ શર્ક મલેક ઇમાદુલ્મુલ્કને સુપ્રત કરવામાં આવ્યો. આવી રીતે સૈન્યના સર્વ સરદારોને દરેક જગ્યા બતાવી તેમને ભરોંસે સર્વ છોડવામાં આવ્યું અને કિલ્લાને ચારે બાજૂએથી ઘેરી લેવામાં આવ્યો. વળી આ સાથે પાદશાહનું ફરમાન જાહેર કરવામાં આવ્યું કે કોઈએ બીજી સૂચના મળ્યા સિવાય કિલ્લા ઉપર હુમલો કરવો નહિ. દૈવયોગે કેટલાક શખ્સો પહાડ ઉપર સહેલ કરવા ગયા હતા, તેઓ શત્રુઓને જોઈ ને પોતાને કાબૂમાં રાખી શકયા નહિ અને તેમણે આતશબાર તીરોથી તેમનું સ્વાગત કર્યું[1]. દુશ્મનોએ પણ કિલ્લા ઉપરથી ઈંટ તથા પથ્થર ફેંકયા અને રોગને નફ્ત[2] નો વરસાદ વરસાવ્યો; પરંતુ ફોજે તેની બિલકુલ

---

કિલ્લાઓમાં એની ગણતરી થાય છે. હિંદુસ્તાનના મશહૂર કિલ્લા નીચે પ્રમાણે છે:

(૧) કાલિન્જર (બુંદેલખંડ,) (૨) ગ્વાલિયર, (૩) દેવગઢ (દખ્ખણનું દોલતાબાદ), (૪) રોહતાસ (બિહાર), (૫) ચિતોડ (મારવાડ), (૬) ગિરનાર (કાઠિયાવાડ), (૭) ચાંપાનેર (ગુજરાત), (૮) કંથકોટ (કચ્છ), (૯) ભીમદેવ (કાંગળા) અને (૧૦) મન્ડુ (માળવા).

૧. ઇતિહાસકાર પોતાના બ્યાનમાં અજોડ છે. તમામ ઇતિહાસોમાં લખવામાં આવ્યું છે કે મેદનીરાયની ફોજ હારી ગઈ અને કિલ્લામાં આશ્રય લીધો, તે વખતે સુલ્તાને કિલ્લાને ઘેરો ઘાલ્યો. કિલ્લામાંની ફોજે બહાર નીકળી ગુજરાતી સૈન્યો ઉપર હુમલો કર્યો, પરંતુ તે હઠી ગઈ અને કિલ્લામાં ફરીથી જતી રહી. પરંતુ સંભવિત છે કે લડાઈની શરૂઆતના સંબંધમાં ઇતિહાસકારનું બ્યાન ઘણું સાચું છે, કારણ કે સુલ્તાન મુઝફ્ફરને શરૂઆતથી જ એવો ખ્યાલ હતો કે કિલ્લામાં મહમૂદ ખલ્જીનું કુટુંબ છે, એટલું જ નહિ પણ બીજા મુસલમાન પણ અંદર છે. સખ્તાઈથી સંકડાઈ તેમની કદાચ કતલ કરી દે તેથી બને ત્યાં સુધી ફરજ પાડી તે સુલેહ કરવાની ઇચ્છા રાખતો હતો.

૨. રોગને નફ્ત:–આ તેલ જમીનમાંથી નીકળે છે, જ્યાં ઘણું કરી કોયલાની ખાણ હોય છે. આજકાલ એને માટીનું તેલ (કૅરોસીન ઑઇલ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પરવા કરી નહિ અને સખત હુમલાથી તેમને હરાવી દીધા. પછી સમગ્ર લડાઈ શરૂ થઈ, જેમાં ગુજરાતી તોપખાનાએ[1] સુંદર રીતે પોતાની ફરજ બજાવી હતી. કેટલોક વખત એક જ સ્થિતિ રહી, પરંતુ તોપના ગોળાથી કિલ્લાને સખત નુકસાન પહોંચી ચૂક્યું હતું. દીવાલ અને બુરજો તદ્દન તોડી નાખવામાં આવ્યાં. મનજનીક[2] અને તોપથી દરેક

---

કહેવામાં આવે છે. ગ્રીક લોકોએ એની શોધ કરી હતી, પરંતુ રોમન લોકોએ એનો ઉપયોગ યુદ્ધોમાં કર્યો હતો, જેમકે સિરિયામાં હઝરત ઉમરના જમાનામાં અરબો સાથે જે લડાઈ થઈ હતી તેમાં રોમન લોકોએ રોગને નફ્તનો બહુ જ ઉપયોગ કર્યો હતો. ત્યારપછી મુસલમાનોએ પોતાના સમયમાં આવી જ રીતે પોતાના દુશ્મનો સામે પુષ્કળ વપરાશ કર્યો હતો; જેમકે આજકાલ બૉમ્બનો ઉપયોગ થાય છે. મોહમ્મદ કાસિમની સિંધની ફતેહ અને મહમૂદ ગઝનવીની જયપાલની સંયુક્ત ફોજ ઉપરની ફતેહ આને લીધે જ હતી. શરૂઆતમાં પિચકારીઓમાંથી રોગને નફ્ત પાણીની માફક છાંટવામાં આવતું હતું અને આગ વરસાવવામાં આવતી, જેથી આગ લાગતી.

૧. તોપઃ—તોપની પ્રથમ શોધ સ્પેનમાં ૧૧ મી સદી ઈસ્વી સને, ૫ મી સદી હિજરીમાં અરબોએ કરી હતી. ત્યારપછી અલાઉદ્દીનના સમયમાં તે યુરોપથી તુર્કસ્તાનમાં થઈ હિંદુસ્તાનમાં આવી. તેનો વપરાશ પ્રથમ સુલ્તાન અહમદશાહ પહેલાએ ગૂજરાતમાં શરૂ કર્યો હતો. બહાદુરશાહ ગુજરાતી પાસે એવડું મોટું તોપખાનું હતું કે હિંદુસ્તાનમાં કોઈ પણ પાદશાહ પાસે તેવું ન હતું.

(મારો લેખ–'ગુજરાતનું તોપખાનું', 'બુદ્ધિપ્રકાશ'–૧૯૪૦)

૨. મનજનીકઃ—ઘણું કરીને આ ગ્રીક શબ્દ છે, અને તે "મન જાને કોન" ઉપરથી બન્યો હોય એમ લાગે છે. એનો અર્થ જાદૂ અને નજરબંધી થાય છે. તોપની શોધ થઈ તે પહેલાં તેનો ઉપયોગ કિલ્લાની દીવાલો તોડવામાં અને જ્વલનશીલ પદાર્થો દુશ્મન ઉપર અને કિલ્લાની અંદર ફેંકવા માટે થતો હતો. મુસલમાની રાજ્યોમાં તેનો ઉપયોગ બહુ જ કરવામાં આવતો હતો. સૌથી પહેલાં હિ. સ. ૯૩ માં મોહમ્મદ બિન કાસિમે સિંધ ઉપરના હુમલા વખતે તેનો ઉપયોગ કર્યો હતો. તેનું નામ અરૂસ હતું. એમાં પાંચસો માણસો કામ કરતાં હતાં. ત્યાર પછી મહમૂદ ગઝનવીએ જયપાલની સંયુક્ત ફોજ ઉપર એનાથી જ વિજયવંત હુમલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બાજૂ ઉપર પાયમાલી માલૂમ પડતી હતી. મલેકુશ શર્ક મલેક ઈમા-દુલ્મુલ્કે ધારનો કબ્જો લઈ લીધો હતો, તેથી ઉકલામાંના માણસોના મનમાં થોડો ભય પેદા થયો હતો.

---

કર્યો હતો. અલાઉદ્દીન ખલ્જી પણ એનો ઉપયોગ કરતો હતો. સુલ્તાન મોહમ્મદ તઘલખના વખતમાં કાંગળા ઉપર ફતેહ મેળવતી વખતે એનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મનજનીક ભિન્ન ભિન્ન પ્રકારનાં બનાવ-વામાં આવતાં હતાં. મોર્કોપોલોએ સફરનામામાં એનાં ચિત્રો આપ્યાં છે.
('સફરનામા' : 'ઈબ્નબતુતા' પૃ. ૪૬, દિલ્હીમાં છપાયેલ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# પ્રકરણ ૪

## કિલ્લેદારીની સહીસલામતી માટે માગણી અને પાદશાહે આપેલો આશ્રય

હિ. સ. ૯૨૩ (ઈ. સ. ૧૫૧૭)ના ઝુલ્હજ્જા માસની ૨૫મી તારીખ ને શુક્રવારને દિવસે એટલે કે ઘેરાના ત્રીજા દિવસે પથોરાયે[1] પોતાનાં થોડાં સગાંવહાલાંને ખાન આઝમ કૈસરખાનની પાસે મોકલી એવી વિનંતી કરી કે કિલ્લો રાજીખુશીથી આપને સુપ્રત કરવાને હું તૈયાર છું, પરંતુ કેટલાક દિવસની મહેતલ મળવી જોઈએ–જેથી કરીને ત્યાંથી જરૂરી સામાન ખસેડી લઈ અમે બહાર નીકળી શકીએ. વળી એમ પણ જણાવ્યું હતું કે જીવનનિર્વાહ માટે થોડાં ગામ મને મળવાં જોઈએ[2]

એક અનુકૂળ તકનો લાભ લઈ કૈસરખાને સુલ્તાનના કાને આ દરખાસ્ત પહોંચાડી. સુલ્તાન જોકે જાણતો હતો કે તેણે આ પેચ વખત ચૂકવવા માટે કર્યો છે, તેમ છતાં તેણે તેના દયાભાવના સદ્ગુણને લઈને ફરમાન બહાર પાડ્યું કે બીજા ફરમાનની જાહેરાત પહેલાં કોઈ પણ લશ્કરે લડાઈ કરવી નહિ.

---

૧. પથોરાયઃ–મેદનીરાયનો છોકરો હતો, તેને કિલ્લાના રક્ષણનું કામ સોંપી તે પોતે રાણા સાંગા પાસે સહાય લેવા ગયો હતો. મદદ મેળવવામાં મોડું થવાથી તેણે પુત્રને સુલ્તાન પાસેથી થોડા દિવસની મહેતલ માંગવાની યુક્તિ શીખવી.

( 'ફરિસ્તા,' ભા. ૪, પૃ. ૫૯૬, હૈદરાબાદ. )

૨. ઇતિહાસકારોએ આ વાતને બે રીતે લખી છે. કેટલીક કિતાબોમાં લખવામાં આવ્યું છે કે મેદનીરાયે રાણા સાંગા પાસે જતી વખતે જ આ યુક્તિ શીખવી હતી. કેટલાક ઇતિહાસકારો જણાવે છે કે રાણા સાંગાને સહાય માટે લાવવામાં મોડું થવાથી તેણે પથોરાય ઉપર આ તદબીર લખી મોકલી. હું ધારું છું કે પહેલા અભિપ્રાયમાં વધારે સત્યતા છે, કારણ કે લડાઈના છઠ્ઠા દિવસે જ કિલ્લાના માણસોએ સુલેહનો સંદેશો મોકલ્યો, જોકે કિલ્લો એટલો મજબૂત હતો કે કેટલાક દિવસ તો શાંતિથી તેઓ ટક્કર ઝીલી શકયા હોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ ખબર પથોરાયને પહોંચી ત્યારે તેણે પોતાના એક પુત્રને એક પહાડી બદની હાથી આપી સુલ્તાનની ખિદમતમાં રવાના કર્યો. પાદશાહે તેની માગણીનો સ્વીકાર કરી, થોડા દિવસની મહેતલ આપી. લશ્કરના સરદારોને આ બાબતની ખબર પડી ત્યારે તેમણે નાખુશી જાહેર કરી. પાદશાહે તેઓને જવાબ આપ્યો કે મુસલમાનોને જુલમોમાંથી બચાવવાને જ મેં આ લડાઈ વહોરી લીધી છે. વળી ખુનરેજીમાંથી મુક્ત કરવાને મેં આ સલાહ કરી છે, કારણ કે રોષમાં આવી જઈ તેઓ કિલ્લામાંના પીડિત મુસલમાનો ઉપર ફાવે તેમ ગોળી છોડે, એવો પણ સંભવ હતો. અને તેઓમાં કદાચ સુલ્તાન મહમૂદ ખલ્જીના કુટુંબનાં માણસો પણ આવી ગયાં હોત.

થોડા દિવસ પછી જ્યારે મુદત પૂરી થઈ ત્યારે કેટલાક લોકોએ ફરીથી કેટલાક આદમીઓને મોકલી માગણી કરી કે મહેરબાની કરી આપ સુલ્તાનને વિનંતી કરો કે આપની ફોજને કિલ્લાથી દૂર જઈ પડાવ નાંખવાને કહો તો નિર્ભયપણે અને આસાનીથી અમે કિલ્લો ખાલી કરી શકીએ. જોકે આ બાબતમાં ખાનઆઝમની નાખુશી હતી, છતાં લોકોના આગ્રહથી તેણે પાદશાહને અરજ કરી. પાદશાહે એ પણ કબૂલ રાખી. તેણે ફરમાન બહાર પાડ્યું કે કિલ્લામાંના માણસોની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે તેથી સૈન્યે કિલ્લાથી દૂર હઠી જવું. હિ. સ. ૯૨૪ ના મોહરમુલ હરામની ૮ મી તારીખ ને ગુરુવારને દિવસે ફોજે કૂચ માટે તૈયારી કરી. કેટલાક હિતેચ્છુએ પાદશાહને કહ્યું કે શત્રુઓ કેવળ લુચ્ચાઈ કરી રહ્યા છે. પાદશાહે તે તરફ લક્ષ્ય ન આપ્યું, ત્યારે ફરીથી નમ્રતાપૂર્વક તેઓએ જણાવ્યું કે આમ કરી કિલ્લાને મજબૂત કરવાનો દુશ્મનોનો ઇરાદો છે. પાદશાહે જવાબમાં કહ્યું: જો એ લોકો દગલબાજીથી કામ કરે તો મને ખુદા ઉપર વિશ્વાસ છે. અલ્લાહના આશરાથી હું એમને એવી તો સજા કરીશ કે કાળનાં પાનાં ઉપર યાદગીરી રહેશે.

આ થયું ત્યારપછી મેદનીરાયે કિલ્લામાંના માણસોને કહેણ મોકલ્યું કે જેની મદદ માટે હું અહીં આવ્યો હતો તે રાણા સાંગાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ફોજ ઉજ્જન આવી પહોંચી છે[૧]. તમે થોડા દિવસ અધિક મહેતલની માગણી કરો જેથી કરી અમે સહેલાઈથી આવી પહોંચીએ. આથી કિલ્લામાંના માણસોએ ફરીથી થોડી મુદતની દરખાસ્ત કરી. શત્રુઓ સાથે મહેરબાનીની હદનો અંત આવી ચૂક્યો હતો, એથી પાદશાહે આ વખતે મંજૂરી ન આપી અને આવા વર્તન માટે અતિ ક્રોધાયમાન થઈ તે યુદ્ધ કરવા માટે એકદમ તૈયાર થઈ ગયો.

---

૧. સુલ્તાન મુઝફ્ફર સાથે લડાઇ કરવાની પ્રથમ રાણા સાંગાની ઇચ્છા ન હતી. તેની ઇચ્છા ત્યાં જઈ યુક્તિપ્રયુક્તિથી એની પાસે જેટલું જવાહિર અને અત્યુત્કૃષ્ટ વસ્તુઓ હોય તે સર્વ લઈ લેવાની હતી. આ પ્રમાણે મેદનીરાય પાસેથી વસ્તુઓ કબ્જામાં લેતો લેતો તે સારંગપુર પહોંચ્યો. તેના લોભનો હજુ થોભ આવ્યો નહિ. પરિણામે તેણે સારંગપુર લૂંટી લીધું. તેનો ઇરાદો ત્યાંથી જ ફરીથી જવાનો હતો, પરંતુ મેદનીરાયની નબળાઈ અને હઠને લઈને તે ઉજ્જન સુધી પહોંચ્યો. આ દરમિયાન સુલ્તાન મુઝફ્ફરને ખરી ખબર મળી ગઈ હતી, તેથી તેણે આદિલખાનને રાજાને હરાવવા માટે મોકલ્યો. સુલ્તાનના લશ્કરના આવ્યાની ખબર પહોંચી તેથી રાજાને બહાનું મળી ગયું અને પોતાના દેશમાં બને તેટલી ઝડપથી ચાલ્યો ગયો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# પ્રકરણ ૫

## મેદનીરાય સામે પાદશાહના સૈન્યની કૂચ અને શાદિયાબાદના કિલ્લાને ઘેરો ઘાલી મેળવેલી ફત્તેહ

હિ. સ. ૯૨૪ (ઈ. સ. ૧૫૧૮) ના મોહરમ માસની ૨૪મી તારીખ ને શનિવારને દિવસે સુલ્તાન મુઝફ્ફરે ખાન આઝમ આઝમ હુમાયુનને ૧૨,૦૦૦ નું સૈન્ય આપી મેદનીરાય અને રાણા સાંગા તરફ કૂચ કરવાનો હુકમ કર્યો, અને જણાવ્યું કે તેમને એવી રીતે રોકવા કે જેથી કિલ્લામાંના માણસોને તેઓ કોઈ પણ જાતની સહાય આપી શકે નહિ. કૂચ કરતી વખતે પાદશાહે તેને ખાસ ખિલાત અને શાહી તલ્વારની ભેટ આપી વિદાય દીધી. હિ. સ. ૯૨૪ (ઈ. સ. ૧૫૧૮) ના મોહરમ માસની ૨૫ મી તારીખ ને રવિવારને દિવસે લશ્કરે શાદિયાબાદના કિલ્લા તરફ પ્રયાણ કર્યું, ત્યાં પહોંચી શાહી ફરમાન અનુસાર બીજી વખત તેને ઘેરો ઘાલ્યો.

કિલ્લાના ઘેરાની વહેંચણી આ પ્રમાણે હતી : સુલ્તાન મહમૂદ ખલ્જીની નિમણુક શાહપુર દરવાજા ઉપર કરવામાં આવી હતી. ખાન આઝમ કૈસરખાનને દિલ્હી દરવાજો સુપ્રત કરવામાં આવ્યો હતો. મલેકુશ શર્ક ઇમાદુલ્મુલ્કને ફક્ત સરી દરવાજા ઉપર મુકરર કરવામાં આવ્યો હતો. તમામ યોદ્ધા અને સરદારોએ નિષ્કપટથી લડાઈ લડવી એવો સુલ્તાનનો હુકમ હતો.

ફક્ત પાંચ દિવસમાં જથાબંધ નિસરણી તૈયાર થયેલી જોતાં કિલ્લામાંના માણસો ઉપર ભયનાં વાદળાં વીંટળાઈ ગયાં. સુલ્તાન મુઝફ્ફરે દૂરંદેશી વાપરી મલેકુશ શર્ક ઇમાદુલ્મુલ્કને ૨,૦૦૦ સવાર આપ્યા, જેમાં ૫૦૦ હબશી, ૫૦૦ અરબ અને ૧,૦૦૦ તીરકામઠાં-વાળા[૧] હતા. તેઓને રાત્રિ સમયે કિલ્લા ઉપર ચઢી જવાની સૂચના

૧. આ સમયે મોગલોને ધનુર્વિદ્યાનો વધારે મહાવરો હતો. ત્યાર-પછી ભીલ અને કોળી લોકો આ વિદ્યા શીખ્યા હતા. પરંતુ અહીં કહેવાનો ભાવાર્થ મોગલો હોત તો જરૂર તેમનું નામ જ લખવામાં આવ્યું હોત; તેથી ખાતરીથી કહી શકાય છે કે આ દેશી ફોજ ભીલ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કરવામાં આવી. તે મુજબ શનિવારે રાત્રે તે નીકળ્યો. હિ. સ. ૯૨૪-ના સફર માસની ૨૭ તારીખ ને શનિવારના દિને સવારે એટલે ઘેરાને છઠ્ઠે દિવસે તે ભોમિયા સાથે પહાડ ઉપર ચઢી કિલ્લાની નજીક[૧] જઈ પહોંચ્યો. આ તરફ સવાર થતાં જ તમામ ઉમરાવોએ ઉગ્ર હુમલા કર્યા. આ સખ્તાઈ કરવાનું કારણ કિલ્લામાંના માણસોનું લક્ષ્ય ઇમાદુલ્મુલ્ક તરફ જતું રોકવાનું હતું. યુક્તિપ્રયુક્તિ કરતા હોવા છતાં પાદશાહ પ્રાર્થના બાબતમાં બેપરવા ન હતો. તેણે ખુદાની સામે સિજદા માટે માથું ઝુકાવી અતિશય આજીજી સાથે બંદગી કરી. બરોબર મધ્યાહ્નકાળે કિલ્લાની દીવાલ નીચે ઇમાદુલ્મુલ્ક જઈ

---

કોળીઓની (હિન્દુ) હશે, કારણ કે ગુજરાતી પાદશાહોના જમાનામાં હિંદુઓની પણ લશ્કરમાં ભરતી થતી હતી અને તેઓ રણક્ષેત્રમાં પણ જતા હતા. આ વાત અહમદશાહ પહેલાની માળવાની લડાઈથી સાબિત થાય છે. ('મિરાતે સિકંદરી' પૃ૦ ૩૯)

૧. ઇતિહાસકારે ઇમાદુલ્મુલ્કનો ભોમિયો કોણ હતો તે કહ્યું નથી. 'ઝફરુલવાલા'માં જણાવવામાં આવ્યું છે કે લડાઈના બીજે દિવસે એક (હિન્દુ) શખ્સ બઢારા દરવાજાના રસ્તા ઉપર આવ્યો અને ઇમાદુલ્મુલ્કને કહ્યું કે કાલે હોળીનો દિવસ છે તેથી હિંદુઓ હોળીમાં રોકાયેલા રહેશે, તે વખતે તક મળશે અને તમે ફલાણા દરવાજામાંથી કિલ્લા ઉપર ચઢી જઈ શકશો. સુલ્તાનને આ વાતની જાણ કરવામાં આવી. મસલત કર્યા બાદ સુલ્તાને ઇમાદુલ્મુલ્કને ખુદાનું નામ લઈ તેની સાથે ચઢી જવાનો હુકમ કર્યો. તેણે રાત્રે નીમેલે વખતે તેમ કર્યું, અને સવારે એટલે લડાઇ-ને ત્રીજે દિવસે કિલ્લો જીતી લેવામાં આવ્યો. પરંતુ મુલ્લાં મલાલીએ છઠ્ઠો દિવસ લખ્યો છે. હિ. સ. ૯૨૪ ના મોહરમની ૨૫ મી તારીખે બાદશાહે કિલ્લા તરફ કૂચ કરી. ઘણું કરીને તે ૨૭ મી તારીખે કિલ્લાની પાસે પહોંચી ગયો. તારીખ ૨૮ મીએ તેણે કિલ્લાને ઘેરો ઘાલ્યો. તા. ૨૯ મીએ તેણે લડાઇ શરૂ કરી. (આ મોહરમ મહિનો ૨૯ દિવસનો હતો.) સફરની પહેલી અને બીજી તારીખે બંને બાજૂથી બહાદુરી બતાવ-વામાં આવી અને સફરની ત્રીજી તારીખે કિલ્લો જીતી લેવામાં આવ્યો. સારાંશ એ કે મુલ્લાં મલાલીએ મોહરમની ૨૭ મી તારીખ પ્રમાણે ગણતરી કરી છે, અને બીજા ઇતિહાસકારોએ પહેલીથી, એટલે કે જ્યારે સંપૂર્ણ રીતે કિલ્લાને ઘેરો ઘાલી, સંગીન હુમલો કરવામાં આવ્યો ત્યારથી ગણ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પહોંચ્યો. તેણે રણશિંગું વગાડી પોતાની હાજરીની જાણ કરી. લડાઈ વખતે સુલ્તાન પણ ત્યાં મોજૂદ હતો. રણભૂમિ ઉપર સૂર્ય જ્યારે માથા ઉપર આવ્યો ત્યારે બાદશાહે છત્રબરદારને છત્ર ધરવાનો હુકમ કર્યો. તેને ત્યાં દેખતાંની સાથે જ આખા સૈન્યમાં હિંમત અને બહાદુરીનું મોજું ફરી વળ્યું અને હુમલાની ઉગ્રતામાં વૃદ્ધિ થઈ. આ દરમિયાન ખાન આઝમે પોતાનું ઉત્તમ શૌર્ય દાખવી કિલ્લાની દીવાલ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો. કિલ્લા ઉપરથી પથ્થરનો વરસાદ વરસતો હતો, એટલે સુધી કે મજકૂર ખાન ઉપર એક પથ્થર પડ્યો; પરંતુ અતિ બહાદુરી વાપરી તેની પરવા કર્યા વગર બેધડકપણે તે આગળ વધ્યો. તરત જ બીજો પથ્થર ખાનના માથા ઉપર પડ્યો. ખાને તેની પણ પરવા ન કરી અને એક જ હુમલો કરી તે કિલ્લાની દીવાલ સુધી પહોંચી ગયો. આ જોઈ આખી ફોજ ઉશ્કેરાઈ ગઈ અને એકદમ દોડી જઈ દીવાલની નજીક પહોંચી. પડેલા ભંગાણથી દીવાલ મધપુડા જેવી દેખાતી હતી. કિલ્લાનો કોટ તૂટક થઈ ગયો અને એ બુરજો નીચે પડી ગયા. જ્યારે શત્રુઓએ જોયું કે તોપના ગોળીબારથી મુક્તિ શક્ય નથી, ત્યારે પોતપોતાને ઘેર જવાનું તેમને યોગ્ય લાગ્યું. જે ઘરોમાં સ્ત્રીઓ હતી તેને પોતાના હાથથી આગ લગાડી દીધી.

આખરે ટક્કર ઝીલવાની તાકાતના અભાવે કિલ્લામાંનાં માણસો નાસી ગયાં. ત્યારપછી ગુજરાતીઓએ સામુદાયિક કતલ ચલાવી, જેનાથી કયામતનો નમૂનો નજર આગળ ખડો થયો. બાપદીકરાનું અને માદીકરીનું ભાન પણ કોઈને ન રહ્યું. ટૂંકમાં અતિ સખ્ત ખુનરેજી થઈ, જેમાં ૪૦,૦૦૦ રજપૂત મરણ પામ્યા[૧]. લશ્કરના ૫૭ સરદારો ધૂળ અને લોહી ચાટતા થઈ ગયા. તેઓમાંના પ્રસિદ્ધ પુરુષોનાં નામ નીચે પ્રમાણે છે:

---

૧. 'બહાદુરશાહી'માં પણ કતલ થયેલાની સંખ્યા ૪૦,૦૦૦ લખી છે. અને આ બંને પ્રત્યક્ષ પુરાવા છે. 'બહાદુરશાહી'ના ગ્રંથકર્તાએ પોતે લડાઈમાં ભાગ લીધો હતો અને મુલ્લાં મલાલીએ આ સંખ્યા સરકારી દફતરમાંથી મેળવેલી હશે; પરંતુ બીજો કોઈ ઇતિહાસ આ બાબતને પુષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પથોરાય, અવદીકર્ણ, કાન્હાના, હીરાલદેવ, જામરદેવ, સકમદેવ અજાનતદેવ, ગાઝીખાન,શાદીખાન, રતનચંદ, માણેકચંદ, બિહારખાન, દોલતખાન, ચકલન્ડી, વાઘચંદ, કીરતચંદ, ડુંગરસી, કાકુ, વિક્રમસી, મલજાન, રાયજંગજુ, પથાજી, પીલાહ, જીતસિંગ, ફતેહખાન, શેરખાનના પુત્રો, જાફરસિંગના પુત્રો, કાકા, અને પાહન.

વિજયવંત થયા પછી સુલતાન મુઝફ્ફરે ભાવી પ્રજાને માટે ચેતવણીરૂપે માથાઓનો એક મિનારો[1] તૈયાર કરવાનો હુકમ કર્યો.

---

આપતો નથી. 'ફરિસ્તા', 'મિરાતે સિકંદરી', 'તબકાતે અકબરી' અને 'ઝફરૂલવાલા' એ સર્વેએ સર્વાનુમતે કતલ થયેલાની સંખ્યા ૧૯,૦૦૦ જેટલી લખી છે. આથી બંનેની એકતા મારા અભિપ્રાય પ્રમાણે આ રીતે થાય છે કે રણક્ષેત્રમાં મૃત્યુ પામેલાની સંખ્યામાં આગમાં બળી ગયેલાનો સમાવેશ કરવામાં આવે તો તે ૪૦,૦૦૦ જેટલી હોવી જોઈએ.

૧. કતલએ મિનાર:-અર્થાત્ શત્રુનાં કતલ થયેલાં માણસોનાં માથાંનો ઈંટની જેમ ઉપયોગ કરી વિજયની યાદગીરીમાં એક મિનારો બનાવવામાં આવે છે. આ રૂઢિ તાર્તરો અને મોગલોના વખતમાં ચાલુ હતી. હિંદુસ્તાનમાં પણ બાબર અને અકબરે 'કતલએ મિનાર' બનાવવાના હુકમો આપ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## પ્રકરણ ૬

## સુલ્તાન મહમૂદ ખલ્જીની વિનંતી અને તેના મુલ્કની તેને સુપ્રત

એ ઘડી પસાર થયા બાદ તમામ ફોજે હુશન્ગ[1] મસ્જિદ તરફ પ્રયાણ કર્યું. સુલ્તાન મહમૂદ ખલ્જીએ પોતાના એક વિશ્વાસુ માણસને સુલ્તાન મુઝફ્ફરની પાસે સંદેશ લઈ મોકલ્યો કે હું વિજયવંત ફોજ સાથે કિલ્લામાં પહોંચી ગયો છું, હવે આપના નમ્ર તાબેદાર સેવક માટે શો હુકમ છે?[2] સુલ્તાન મુઝફ્ફરે જવાબ આપ્યો કે મારી

---

